કુમાર

પોષ : ૧૯૮૪



અંક ૪૯

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી રવિશંકર મ. રાવળ



શિયાળાની સવાર — ચિત્રકાર : કનુ દેસાઇ

કુમાર
પોષ ૧૯૯૪
અંક ૪૯

ત્રિરંગી મુખચિત્ર	રવિશંકર રાવળ	
ઉત્તિષ્ઠત જાગ્રત (કાવ્ય)	દેશળજી પરમાર	૧
મિજલસ		૨
ભરતખંડની ભાષાઓ (નકશો)		૪
મહાકવિ પ્રેમાનંદ	નરહરિ પરીખ	૫
હવામાં પ્રગતિ	લવજી ત્રિભુવન થોરિયા	૮
'તું ઉઠ જાગ' (ચિત્ર)	રવિશંકર રાવળ	૮
કુન્ડા હિલ્સ ,,	સૌ. શ્રી ઇન્દુમતી દીવાનજી	૯
દર્શન (કાવ્ય)	ચન્દ્રવદન ચીમનલાલ મહેતા	૧૦
પરમાનંદ બારોટ	રામનારાયણ ના. પાઠક	૧૧
દક્ષિણ હિંદમાં પ્રવાસ		૧૩
વિજ્ઞાનક્ષેત્રના વીર		૧૭
યંત્રોમાં કલા	મુનિકુમાર ભટ્ટ	૨૦
હસ્તલિખિત માસિકો	કિશોરલાલ ઘ. મશરૂવાળા	૨૨
કબજિયાત	ચુનીભાઇ ધ. પટેલ	૨૩
રંગપુરણી અને નામકરણ હરીફાઇઓ		૨૪–૨૫
અણીની પળ	'અનિશ્ચિત'	૨૫
પતંગપ્રદેશમાં	'અંબુ'	૨૭
બાળવિભાગ		૩૧
માધુકરી		૩૩
છેલ્લું પાનુ		૪૦


તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ગયા અંકનાં વી. પી. જેમણે પાછાં વાળ્યાં છે તેઓ પોસ્ટેજની અમારી નુકસાનીના ૦–૨–૩ ની ટિકિટો મોક- લીને પોતાનો અંક મંગાવી લે.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ.

ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવા- નો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.

લેખકો જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



'કુમાર' : પોષ '૮૪ના અંકનું મુખચિત્ર

આ ચિત્ર ઉપરથી કરેલા મોટા રેખાંકનમાં રંગ પુરવાની તથા આ ચિત્રનું નામ શોધી કાઢવાની હરીફાઈઓ માટે આ અંકના પાન ૨૪–૨૫ સામે બાંધેલી પત્રિકા જુઓ.

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું પ્રાણ પ્રેરણા ને પુરુષાર્થનું માસિક

વર્ષ ૫ અંક ૧ પોષ ૧૯૮૪

उत्तिष्ठत जाग्रत

: વસંતતિલકા :

તું ઊઠ, જાગ, જગ પાછળ કાં પડ્યો છે ?
શાને કવેળ જડ નીંદરતો રહ્યો છે ?
આ પ્હોર યૌવન તણો નહિ ઘોરવાને,
આ રાષ્ટ્ર આ યુગ નથી અનુશોચવાને.

તું ઊઠ, જાગ, ફરી પૂર્વપ્રદેશને જો,
જોને ઉડંત નવચેતનવંત નેજો;
તેજસ્વી નેત્ર મુખ ભાલ, વિશાળ ભાન,
કલ્લોલતાં હૃદય, અંતર આત્મવાન.

તું ઊઠ, જાગ, જલદી બન સાવધાન,
બીડું પડ્યું ઝડપ ને કર પ્રાણદાન;
ગંભીર ઘોર ધમતો સુણ શંખનાદ,
ઘંટારવે પડી રહ્યો નિજ દેશસાદ.

તું ઊઠ, જાગ, જનમંડળને જગાડ,
થા મોખરે, અરુણ નોબતને વગાડ;
શસ્ત્રાસ્ત્રસજ્જિત થઇ ભરતી ભરી દે,
સ્વાતંત્ર્યયજ્ઞ મહીં કેસરિયાં કરી દે.

તું ઊઠ, જાગ, જગ તારી જ વાટ જોતું,
જો જો અપૂર્વ પ્રતિભાભર ભાવિ સ્હોતું;
મોંઘો ઘણો સમય સાહસ વીરશ્રીનો,
ઉચ્ચોચ્ચ કર્મ કર તો પુરુષાર્થીનો.

તું ઊઠ, જાગ, બન વાહક પ્રેરણાનો,
સંદેશ દે પ્રજળતા ઉરની પ્રજાનો;
તું ઊઠ, જાગ, પ્રગટાવ જ પ્રાણસ્રોત,
અંધેર ખાળી ઝળકાવ સ્વરાજ્યજ્યોત.

દેશળજી પરમાર




પાંચમું વર્ષ: 'કુમાર'નું આ પાંચમું વર્ષ. વિદ્યાર્થીઓની જ સૂષ્ટિના બરનું નિરાળું સાહિત્ય ગુજરાતમાં કેટલું વધ્યું, એમ કોઇ પુછે તો 'કુમાર'નાં આગલાં ચાર વર્ષની ફાઇલો રજુ કરજો. એ ફાઇલો કેટલી મોંઘી પડી છે તેની તો તંત્રી એકલાને જ ખરી ખબર છે. હજુ ગયા વર્ષનો જ ખર્ચ 'કુમાર'નાં લવાજમોથી ભરપાઇ થઈ શકયો નથી, અને તે પહેલાંનાં વર્ષોનું 'કુમાર'નું ઋણ તો ઉભું જ છે; છતાં આશા અને શ્રદ્ધાના મંત્રો અમને આગળ જવા માટે ટકી રહેવા પ્રેરે છે. એ પ્રેરણાની પાછળ ઇશ્વરી સંકેત જ છે એમ માની અમે નિઃશંક મને આ વર્ષનું કામ શરૂ કરી દઇએ છીએ.

'કુમાર'ની શરૂઆતથી આજ સુધીમાં એક મોટો ફેરફાર થતો દેખાયો છે. તે એ કે ચાર વર્ષ પહેલાં જેમણે 'કુમાર'નું વાચન શરૂ કર્યું હતું તેમાંના ઘણા આજે 'કુમાર'ના લેખો અથવા ચિત્રોમાં સક્રિય સહકાર આપતા થયા છે; અને એમાં અમે 'કુમાર'ની મોટી સફળતા માનીએ છીએ.

ઘણા વિદ્યાર્થીઓ હાઇસ્કુલ છોડી કૉલેજમાં ગયા છે; કેટલાકે કૉલેજનો અભ્યાસ પુરો કર્યો છે; કેટલાક ધંધે લાગ્યા છે; કેટલાકે ગૃહસ્થાશ્રમ આદર્યો છે; છતાં તેમાંનો મોટો ભાગ 'કુમાર'ને હજી પણ એટલા જ પ્રેમથી અપનાવી રહ્યો છે અને ઘણાખરા તેની ભાવનાના પ્રચારમાં મોટી સહાય આપી રહ્યા છે. આ ભાઇઓમાંથી કેટલાકનો તો અમને અંગત પરિચય મળી ચુકયો છે; કેટલાકને રૂબરૂ મળવાનો પ્રસંગ મળ્યો નથી, છતાં પત્રવ્યવહારથી તેમના અંતરની લાગણીઓ અમને સમજાઈ છે. તે બધાને તેમના જીવનની સફળ સફર ઇચ્છી 'કુમાર'નો સહકાર અને સહવાસ ચાલુ રાખવા વિજ્ઞપ્તિ કરીએ છીએ.

કુમારજીવનનો તાજો જ પરિચય પામી જેઓ 'કુમાર'ની ભાવના વિચારે તેઓ જ ઉગતી પ્રજાના ખરા સાથી થઇ શકે, અને તેમનો જ એ અધિકાર છે. આવા મિત્રોનો સમુદાય ભાવિ પ્રજા માટે ખડેપગે તૈયાર રહે એવી ભાવના પ્રચારવી એ 'કુમાર'નું કર્તવ્ય છે. ગામેગામ અને શહેરેશહેરની દરેક સંસ્થા, યુવાન અને બાલપ્રજાનાં સુખસગવડ અભ્યાસ અને તાલીમની યોજના પર ગંભીરપણે ધ્યાન આપે અને યોગ્ય ગોઠવણો કરી આપે તો દેશના વિકટ પ્રશ્નોની જવાબદારી ખેડનારા બહાદુરો સદા તૈયાર થતા જાય.



'યુગનું પ્રધાન અંગ આજે યુવકો છે. યુવકો આજના યુગને ઓળખવા મથે છે. એ જરૂર પડે ત્યાં સળગાવે છે, બુઝાવે છે; પ્રકાશ પેટાવે છે; અંધકારમાં ગોથાં ખાય છે; કાળાં પાણીમાં ઝંપલાવે છે અને ગગનવિહાર પણ આદરે છે. આજના યુવાનને જંપ નથી. કેમ કરીને હોઇ શકે? યુગની આવી વિરાટ આકૃતિ સામે પોતે બટુક બનીને ઉભો રહેતાં કેમ ન લાજે? એના મનોરથો જો જમાનાના દેહને ન માપી શકે તો એ પોતાનો આવો વિરલ જન્મારો હારી ગયો લેખાશે. આજે પ્રત્યેક યુવક પોતાના યુગના એ પ્રતાપની હુંફ અનુભવે છે, પોતાની ક્ષુદ્રતાને એ હવે સહન કરવા ના પાડે છે.

નવયુગના એ અભિલાષોમાં આજે ગુર્જર યુવાનનું સ્થાન ક્યાં છે?'

(સૌરાષ્ટ્ર)

'મોટા થશે ત્યારે બધું એમની મેળે શીખશે' એમ વિચારી બેસી રહેતા વડીલો, મુરબ્બીઓ અને શિક્ષકો બીજા દેશોનો ધસારો જોઈ શકતા નથી એમ જ માનવું પડશે. કોઈ પણ આગળ વધતા દેશના દસ વિદ્યાર્થીઓ લો અને દસ વિદ્યાર્થીઓ હિંદમાંથી લો; એમનાં વિદ્યાર્થીજીવનનાં વર્ષો તપાસો; યોગ્ય વયે જીવનની જવાબદારી લેતી વખતે એમના દેશની વડીલ પ્રજાએ એમને શું શું બંધાવ્યું છે તે તપાસો; તો હિંદી વિદ્યાર્થી પોતાનાં માનસિક દારિદ્રય ને સાંસારિક બંધનથી બીજા હરીફ દેશના વિદ્યાર્થી કરતાં એટલાં વર્ષમાં પણ એક યુગ જેટલો પાછળ લાગશે.

પોષક ખાનપાન, સુદૃઢ શરીર, વ્યાવહારિક જ્ઞાન, કળા-હુન્નરની તાલીમ, દેશપરદેશના લોકો કુદરત તથા રાજવહીવટનો સંપૂર્ણ ખ્યાલ, જીવન સુખપૂર્વક નિભાવી શકાય એવો એકાદ ધંધો, અને વેળા પડયે લડી છુટવાની તાકાત;—આટલું તો દરેક યુવાનને, તે સંસારમાં પ્રવેશ કરે તે પહેલાં તેના વડીલો તરફથી મળવું જોઇએ;—એ તેનો હક છે. દરેક સંસ્કારી દેશે આટલું તેને મળે એવો પ્રબંધ કરી જ દીધો હોય છે. માત્ર

હિંદુસ્તાનમાં જ અજ્ઞાન માતાને હાથે ટીચાતો, ગાળો ખાતો મુડદાલ ગંદો બાળક ઢોરમાર મારતા શિક્ષક પાસે લઢાતો ચંપાતો મોટો થાય છે.

તેના કોઈ રોગ પારખતું નથી, તેનું કોઇ મિત્ર થતું નથી, તેને કોઇ આવકાર આપતું નથી, તેને કોઇ ગણતરીમાં પણ લેતું નથી; છતાં બીજી બાજુ તેના નામે લ્હાવા લેવાના જશખાટુ વેવાઇઓ મોટા વ્યવહાર કરી મરે છે અને એક દિવસ એ અપંગ, અધુરા, નિઃસત્ત્વ પ્રાણીના ગળામાં લગ્નની તોક પહેરાવી દે છે. કોઇ વળી હાઇસ્કુલ કે કૉલેજમાં બેસવા ભાગ્યશાળી થાય તો તે પરીક્ષાનાં ભૂતોને સંતોષવાનું ખાજ બની રહે છે. શિક્ષકો વિદ્યાર્થી કરતાં ઉપરીઓ ને અધિકારીઓ પર નજર રાખી કામ કરે છે અને શિક્ષણમાં ગોખણની શક્તિની જ તાલીમ અપાય છે. આ નિર્દયતાની અવળી ઘાણીમાંથી કોઇ વળી પૂર્વસંચિત સ્મરણશક્તિના બળે બધી પરીક્ષાઓ વીંધી પાર નીકળે ત્યાં સંસાર, કુટુંબ અને કમાણીની ચિંતાઓ તેનાં કાળજાં કોરવા તૈયાર હોય છે. બી. એ. કે એમ. એ. થયાનો હર્ષ તો હજી પુરો થયો ન હોય તે પહેલાં તો યમના પાશ તેની આસપાસ વીંટળાવા માંડે છે.

એને સાહસ, ઊર્મિ કે મહત્ત્વાકાંક્ષાનો તનમનાટ થતો નથી; એને શૃંગાર ને પ્રેમના ઉછાળા વાતો પુરતા જ રહે છે; એને જીવનનાં અદ્ભુત રહસ્યો લાધતાં નથી; એને વિજય કે યશનાં દુંદુભિ સાંભળવાનાં નથી; સંસ્કૃતિનો દિગ્વિજય તો સ્વપ્ને યે સમજાતો નથી. એનો આત્મા એક લાંબી શાંત ઉંઘની જ ઝંખના કરતો રહે છે અને તે પહેલાં તો એ કલેવર છોડી વિદાય લે છે. અરેરે, એને નસીબે ઉજળું મૃત્યુ પણ નથી હોતું !

આજ અમેરિકાની પ્રજા જગતભરના વ્યવહારો નિભાવી રહી છે. દુનિયાના કોઈપણ ખુણે એકલા ધુસવા તાકાતવાળા હજારો જુવાનો એને ત્યાં છે. વ્યવહાર, વિજ્ઞાન અને યુદ્ધમાં નિપુણ થવા સાથે એ પ્રજાએ આયુષ્યરેખાની હદમાં સરેરાશ વીસ વર્ષ વધારી દીધાં છે અને નવા યુગની પ્રજા તરીકે દુનિયાને મોખરે ચાલે છે. અને આ બધી પ્રગતિ એણે કેટલા ટુંક વખતમાં સાધી છે એનો ખ્યાલ કરીએ છીએ ત્યારે આપણે ચંબી જઇએ છીએ: માત્ર ત્રણ સો વર્ષમાં.

સત્તરમી સદીની શરૂઆતમાં 'મે ફ્લાવર' વહાણમાં બેસી મુઠ્ઠીભર શ્રદ્ધાળુ કુટુંબો તોફાની આટલાંટિક પાર કરી એ અરધી દુનિયા જેવડા વિશાળ ઉજ્જડ સરખા ખંડને આરે લાંગરે છે, અને આજ વીસમી સદીની શરૂઆતમાં એ અફાટ દેશનો એકેએક માણસ, પત્થર, –રે તણખલું સુદ્ધાં મહત્તા, સમૃદ્ધિ અને પ્રગતિનાં પુરમાં છે. એમણે યુદ્ધો ખેડયાં ને સ્વતંત્રતા સરજાવી; એમણે એ આખો ખંડ ખેડયો ને સમૃદ્ધિ સરજાવી; એમણે જીવનના વિવિધ અનુભવો ખેડયા ને પોતાની સંસ્કૃતિ સરજાવી: માત્ર ત્રણ સો વર્ષમાં. અને તે કોઈની સહાય વિના, કોઇના આશરા વિના; કેવળ આત્મશ્રદ્ધાના બળ ઉપર લડીને: અડગ ધૈર્યથી ને અતુલ શૌર્યથી. પરિણામે આજે એ દુનિયાની પ્રજામાં સૌથી મોખરે છે: બળમાં ને આરોગ્યમાં, સમૃદ્ધિમાં ને સત્તામાં, વિજ્ઞાનમાં ને પ્રગતિમાં.

આ બધાં પરિણામો લાવવા એ દેશના ચિંતકો, કાર્યકરો, સંસ્થાઓ ને માબાપોએ પોતાની નાની–ફુટતી પ્રજાને અતિશય કાળજીથી ખીલવ્યાં કરી છે. આઘે કયાં જઇએ? થોડાં જ વર્ષ પહેલાં જાગેલું જાપાન, ગઇ કાલે જ આળસ ખંખેરી ઉભાં થતાં ઈજીપ્ત ને તુર્કસ્તાન, અને આજે જાગી ઉઠેલાં ચીન ને અફઘાનિસ્તાનના દાખલા આપણી ચારે સીમાએ પથરાએલા પડયા છે. કમનસીબ ભારત ! તું ક્યારે જાગે છે ?

એ અવસાન

થોડા વખત પર અહીંથી સુરત કૉલેજમાં અભ્યાસ અર્થે ગએલા એક વિદ્યાર્થી મિત્રે લખ્યું હતું: 'આજ ગજેન્દ્રરાય વિના કૉલેજ સૂનીસૂની લાગે છે. કૉલેજનું હાસ્ય–એની ઊર્મિ ઉડી ગયાં છે. બહુધા પ્રવૃત્તિઓ બંધ પડી ગઇ છે.'

કેવળ પોતાની જન્મભૂમિ ગોંડળને જ નહિ, પણ ગુજરાત આખાને પોતાની ફુટતી પ્રતિભાથી અજવાળનાર સ્વ. પ્રો. ગજેન્દ્રરાય બુચના અવસાનની અસર એમની એકેએક પ્રવૃત્તિના ક્ષેત્ર પર કેવી પહોંચી છે તે ઉપરના શબ્દો કહે છે. ઉગતા ગુજરાતની એ તેજસ્વી વ્યક્તિનો વિસ્તૃત પરિચય આપવાની ઇચ્છાએ અમે એ આઘાતકારક અવસાનની મોડી પાડેલી નોંધ એ જ કારણસર આટલેથી જ ટુંકાવીએ છીએ.

ગુજરાતની પ્રજાને એવા જ એક બીજા શક્તિસંપન્ન જુવાનની ખોટ શ્રી રતિપતિરામ ઉદ્યમરામ પંડયાના અવસાનથી પડી છે. સંસ્કૃત સાહિત્યના સારા અભ્યાસી ને સેવાભાવી એ ભાઇનું નામ એમની વિવિધ ક્ષેત્રોની ઘણી પ્રવૃત્તિઓ ઉપરાંત મુખ્યત્વે એમના રામાયણના બાલોચિત અનુવાદથી ઉજળું રહેશે. અમે એમના સદ્ગત આત્માને શાંતિ અને એમના કુટુંબને આશ્વાસન ઇચ્છીએ છીએ.


માગશરના (ગયા વર્ષના છેલ્લા) અંક સાથે નવા વર્ષના લવાજમનું વી. પી. કરવાની અમારે લેવી પડેલી પદ્ધતિથી કોઇકોઇ ગ્રાહકોને મુંઝવણ અને અગવડ લાગી છે. પણ એનાં કારણો અમે બે અંક અગાઉથી જણાવી દીધાં છે.

જેમણે તે વી. પી. નથી સ્વીકાર્યાં તેમનો એ અંક અમારી પાસે પાછો આવ્યો છે. તેમનો હક એ અંક ઉપરથી ગયો નથી. અમને લાગેલું પોસ્ટેજનું ૦–૨–૬નું નુકસાન પોસ્ટની ટિકિટોદ્વારા અમને મોકલીને તેઓ પોતાનો અંક બેલાશક મંગાવી લે. **—વ્યવસ્થાપક**

ભરતખંડની ભાષાઓ

▬▬▬▬▬ આ રેખાની ઉત્તર તરફની આર્ય ભાષાઓ ગણાય છે, અને દક્ષિણે આવેલી ભાષાઓ દ્રાવિડી કહેવાય છે.





મહાકવિ પ્રેમાનંદ

"ગુજરાતી ભાષાનો સર્વોત્તમ કવિ પ્રેમાનંદ છે. જે સૈકડામાં એ થઇ ગયો તે ગુજરાતના વિદ્યા–પ્રકરણમાં સર્વોત્તમ સમય હતો. આપણા ત્રણ મોટા કવિઓ એ જ સૈકડામાં થઇ ગયા છે. આણી તરફ શામળભટ વાર્તારૂપે પોતાના સમયનાં સંસારચિત્ર આપવાનો સંપ્રદાય પહેલવહેલો જ પ્રાકૃત ભાષાઓમાં દાખલ કરતો હતો, તો પેલી તરફ અખો ભગત, લોકોના મનને સોના સરખા વહાલા જે પરાપૂર્વના વહેમ, તેને હથોડો લઇને તોડવા મંડી ગયો હતો. . . .

પ્રેમાનંદની કવિત્વશક્તિ અસાધારણ છે. એ જે વિષય ઉપર લખે છે તેનું આબેહૂબ ચિત્ર વાંચનારની નજર આગળ ઉભું કરવામાં એ કદિ ચુકતો નથી. રસની બાબતમાં કોઇ પણ ગુજરાતી કવિ એના પેંગડામાં પગ ઘાલે એવો નથી. તાકયું તીર મારનારો તો પ્રેમાનંદ જ. એ ધારે છે ત્યારે રડાવે છે, ધારે છે ત્યારે હસાવે છે, અને ધારે છે ત્યારે શાન્ત રસના ઘરમાં આપણને લઈ જઇ બેસાડે છે. એની વધારે મોટી ખુબી એ છે કે એને એક રસમાંથી બીજા રસમાં છટકી જતાં વાર લાગતી નથી, અને તે એવી સ્વાભાવિક રીતે કરે છે કે લેશમાત્ર પણ રસભંગ થતો નથી. આવી રીતે એ કાવ્યસિદ્ધિ કરે છે તેનું મુખ્ય કારણ એ છે કે એને જનસ્વભાવનું બહુ જ ઉંડું જ્ઞાન છે. ગ્રંથસંકલના પણ એની સર્વોપરિ છે. કયાં, કેટલો અને કેવો રસ મુકવો એ પ્રેમાનંદ બરાબર સમજે છે. એની ભાષા શુદ્ધ અને પ્રૌઢ, શૈલી સીધી અને સંક્ષિપ્ત અને પદબંધ સરળ તથા કોમળ છે.

આ બધા ગુણોને લીધે એ કવિ ઘણો જનપ્રિય છે. એનાં ઘણાંખરાં કાવ્ય તો એક રીતે ગુજરાતમાં પૂજાય છે એમ કહીએ તો પણ ચાલે. હજારોને સુદામાચરિત્ર શનિવારે, અને હુંડી રવિવારે ગાઈ જવાનો નીમ જ છે. ગામોગામ ચૈત્ર માસમાં એનું ઓખાહરણ તો ઉછળી જ રહે છે, જુવાન કે વૃદ્ધનાં અન્તઃકરણ વિહ્વળ કરી નાખે છે અને વ્યાસની એ કાવ્યથી રોજી ચાલે છે. શ્રાદ્ધના દહાડામાં જ્યાંત્યાં નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ વંચાય છે, અને લોકો અરધી રાત આનંદમાં અને નાગરો ઉપર ફિટકાર પાડવામાં કહાડે છે. સુરતમાં–કે જ્યાંના લોકોએ એ કવિનો રસ વિશેષ ઝીલ્યો હોય એમ માલમ પડે છે ત્યાં–દરેક સ્ત્રીના શીમંત પ્રસંગે સાસરે ને પિયર મોસાળું ગવડાવવું એ તો એક આચારનો જ ભાગ થઇ પડયો છે. ચોમાસાના દહાડામાં ત્યાં એક પણ ગામડું એવું નહિ માલમ પડે કે જેમાં પ્રેમાનંદકૃત દશમસ્કંધ વંચાતો નહિ હોય. ત્યાં ભાગવત વાંચ્યે ભણ્યું સાર્થક થયું ગણાય છે. ધન્ય છે પ્રેમાનંદને કે જેના કાવ્યસમુદ્રમાં પર્વેપર્વ સ્નાન કરવાને આટલા બધા જીવ ધાઇને આવે છે અને શુદ્ધ, કોમળ, તથા ભક્તિમાન થઇને સંસારમાં પાછા વળે છે."

આપણા પ્રસિદ્ધ સાહિત્યવિવેચક સ્વ. નવલરામ ભાઇએ ગુજરાતના મહાકવિ પ્રેમાનંદનાં ઉપરના શબ્દોમાં ગુણગાન કર્યા છે. તેનો જન્મ વડોદરામાં સં. ૧૬૯૫ના અરસામાં થયો હતો, અને આપણી ભાષાના સદ્‌ભાગ્યે શ્રુતિપ્રોક્ત સો વર્ષ જેટલું આયુષ્ય તેમણે ભોગવ્યું હતું.

એનામાં આવી અદ્‌ભુત કવિત્વશક્તિ ક્યાંથી સ્ફુરી એ વિષે વિવિધ દંતકથાઓ ચાલે છે. કહે છે

કે એ ૧૪-૧૫ વર્ષની વયનો થયો ત્યાં સુધી અભણ અને જડભરત જેવો જ હતો. તેવામાં ગામમાં કોઇ સિદ્ધપુરુષ પધાર્યા. તેમની સેવાચાકરી કરી પ્રેમાનંદે તેમને ખુશ કરી નાખ્યા. પોતાનો મુકામ ઉપાડવાને પ્રસંગે પેલા મહાપુરુષે પ્રેમાનંદને કહ્યું, 'કાલે સવારે વહેલો આવજે.' આ ઓલીઆ ભાઇને પહોંચતાં મોડું થયું અને સિદ્ધપુરુષ તો ઉપડી ગયાં. પ્રેમાનંદ તો હાંફળોફાંફળો એ સિદ્ધપુરુષનાં ગયાની વાટ પુછતો તેમની વાંસે પડયો, અને થોડેક દૂર તેમને પકડી પાડયા. સિદ્ધપુરુષે તેની જીભ ઉપર કાંઇક લખ્યું અને કહ્યું કે 'વખતસર આવ્યો હોત તો સંસ્કૃતમાં તું મહાકવિ થાત, પણ મોડો આવ્યો માટે પ્રાકૃત ભાષામાં તું સારી કવિતા રચી શકશે.'

પ્રેમાનંદના પુત્ર રચિત 'યુધિષ્ઠિર-વૃકોદર સંવાદાખ્યાન'ના મંગળાચરણ ઉપરથી જણાય છે કે યાત્રામાં ફરતાંફરતાં પ્રેમાનંદને કોઇ ગુરુ રામચરણ મળી ગયા અને તેમણે, દેશી ભાષાઓમાં અતિ પ્રાચીન તથા

'કોમલતા કમલથી અધિક દેખાય જેમાં,
મધુ સુધા મિષ્ટપણે હારીહારી જાય છે.'

એવી સર્વગુણસંપન્ન અને અમલ ગુર્જરગિરાની સેવા કરવાનો બોધ આપ્યો અને એ 'ભાષા ભક્તિપ્રદ ગુરુમંત્રથી પ્રેમાનંદ આપણા પ્રેમનું પાત્ર અને આનંદનું ધામ બન્યો.' પહેલાં જે દંતકથા આપી ગયા તેમાં રહેલું ચમત્કારનું તત્ત્વ કાઢી નાખીએ તો દંતકથાની અને આ પ્રસંગની હકીકત મળતી આવે છે.

પ્રેમાનંદે ગુજરાતીમાં કાવ્યો રચવાની કેમ શરૂઆત કરી તે વિષે એક વાત એવી પણ ચાલે છે કે પ્રેમાનંદનો બાપીકો ધંધો પુરાણીનો હતો. પ્રેમાનંદે પણ પુરાણની કથા કરવાની શરૂઆત કરી. પણ મંદિરમાં કથા કરવા બેસવાની જગ્યા સારૂ બીજા કેટલાક પુરાણીઓ સાથે તેને ઝગડો થયો. પુરાણીઓનો ગર્વ ઉતારવાના ઉદ્દેશથી તથા શ્રોતાઓને પોતા પ્રત્યે આકર્ષવાના ખ્યાલથી તેણે પૌરાણિક કથાઓ ગુજરાતી કવિતામાં ઉતારી ગુજરાતીમાં જ કથા કરવા માંડી. પોતાની નૈસર્ગિક કવિત્વશક્તિના પ્રભાવે તેણે એવાં સુંદર આખ્યાનો રચ્યાં કે લોકોના ટોળાં તેની જ કથા સાંભળવાને ઉલટયાં. પોતાના 'માર્કંડેય પુરાણ'માં પ્રેમાનંદે આ પુરાણીઓની સારી પેઠે ઝાટકણી કાઢી છે. છતાં પ્રેમાનંદે ગુજરાતી ભાષાની સેવા આટલાં બધાં ઉત્સાહ, ખંત અને વ્યવસ્થાપૂર્વક આદરી તેનાં પ્રેરણા કારણ તો તે સમયના ઇતિહાસમાંથી જ શોધવાં પડશે.

વિક્રમ સંવતના સત્તરમા-અઢારમા શતકમાં હિંદુસ્તાની સિવાયની દેશી ભાષાઓ બહુ પાછળ હતી. અત્યારે આટલા વિકાસને પામેલી બંગાળીના અંકુર જ ફુટવા માંડયા હતા. પેશ્વાઇને પ્રતાપે મરાઠી મહારાષ્ટ્રમાં પૂજા પામતી થઇ હતી, જોકે હિંદુસ્તાનીની બરાબરી તો તે કરી શકી નહોતી જ. પરંતુ રાજદરબારના આશ્રયથી તથા તુલસીદાસ, સુરદાસ જેવા અનેક ભક્તકવિઓના પ્રસાદથી હિંદુસ્તાની આખા આર્યાવર્તમાં પ્રસરી હતી. બીજી ભાષાઓ પોતપોતાના પ્રાંતના નામથી ઓળખાતી ત્યારે હિંદુસ્તાની 'ભાખા' એવા ગૌરવભર્યા નામથી વિખ્યાત હતી. કવિતા તો ગિર્વાણગિરા અથવા ભાખામાં જ થાય તેમ મનાતું. ગુજરાતી ભાષા તે વખતે કેવી તુચ્છ લેખાતી તેનો ખ્યાલ નીચેના આક્ષેપ ઉપરથી આવશે:


'અબે તબે'કા સોલહિ આને, 'અઠે કઠે'કા બાર;
આઠહિ આને 'ઇકડં તિકડં', 'શુંશાં' પૈસા ચાર.

ભાષાભક્ત કવિ પ્રેમાનંદથી આ સ્થિતિ સહી ન ગઈ અને હિંદુસ્તાની સાહિત્યને ઝાંખું પાડે એવાં કાવ્યો રચવામાં તે ઉદ્યુક્ત થયો. એમ કહેવાય છે કે ગુજરાતી ભાષા અન્ય ભાષાઓના જેવી સાહિત્યમાં સમૃદ્ધ ન થાય ત્યાં સુધી માથે પાઘડી પહેરવી નહિ એવો તેણે સંકલ્પ કર્યો હતો. અને અંતે જોકે એણે અને એના શિષ્યમંડળે ભારે પરિશ્રમ ઉઠાવીને ગુજરાતી સાહિત્યનદ રેલમછેલ કરી મુકયો, છતાં એ વિનયનમ્ર કવિએ મરતાં લગી પાઘડી નહિ જ પહેરેલી.

ગુજરાતી ભાષા અને સાહિત્યનો ઉત્કર્ષ કરવાની પોતાની પ્રતિજ્ઞાના પાલનને અર્થે પ્રેમાનંદે અનેક સાહિત્યસેવકોને એકઠા કર્યા હતા. બાવન અનુયાયીઓના તેના મંડળમાં બાર તો સ્ત્રીઓ હતી. દરેકને જુદીજુદી ઢબના અને જુદાજુદા રસવાળા ગ્રંથો રચવાનું કામ તેણે સોંપ્યું હતું. આમાંથી જેમની કૃતિઓ પ્રકાશમાં આવી છે એવા એના શિષ્યો છ જ છે. અને તેમાં યે એના પ્રતાપી પુત્ર વલ્લભ ને પંડિત કવિ રત્નેશ્વરની કૃતિઓ ગુજરાતી સાહિત્યમાં

'. . . ને ભટ્ટ પ્રેમાનંદ! એની મા-ણમાંથી ઉત્સાહ ને વીરતા રણકે છે; એની વાણીમાંથી ગુજરાતીનું માધુર્ય ઝર્યા કરે છે. એની મહત્ત્વાકાંક્ષા ભગવાન વ્યાસ થવાની છે,—ગુજરાતીને સંસ્કૃતની સાહેલી બનાવવાની છે. દર રાત્રે શિષ્યોમાં ને એકચિત્તે સાંભળી રહેલા લોકવૃંદમાં તેનો પ્રચંડ અવાજ ગર્જે છે; ને નલ ને ધ્રુવ એની વાણીના અમૃતથી સજીવ બની ગુજરાતને ઘેલું બનાવે છે. —કનૈયાલાલ મુનશી

[પ્રેમાનંદ જયંતિ : પોષ શુદ ૨]



જીવતો પાઘવિહોણો આ સાહિત્ય જગદ્ધર;
ગુર્જરી ગૌરવે ઘેલો પ્રેમાનંદ રસેશ્વર.

(ચિત્રકાર : રવિશંકર રાવળ) દે. ૫.

કાયમનું સ્થાન પામેલી છે.

પ્રેમાનંદે મોટે ભાગે મહાભારત, રામાયણ, ભાગવત ને પુરાણોમાંથી વસ્તુ લઈ આખ્યાનો રચેલાં છે. પરંતુ વાર્તાનો વિસ્તાર, પાત્રોનું આલેખન, પ્રસંગોનાં વર્ણન તથા રસની જમાવટ એ બધું પ્રેમાનંદનું પોતાનું હોઈ એના ગ્રંથો સ્વતંત્ર કૃતિઓ જ ગણી શકાય. પ્રેમાનંદના સમકાલીન કવિ સામળ ભટ્ટે કહ્યું છે કે:

'કથ્યું કથે તે શાનો કવિ,
શીખી વાત તે શાની નવી?'

કેટલાક માને છે કે પ્રેમાનંદ પૌરાણિક વસ્તુ લઈ પોતાનાં આખ્યાનો રચતો તેને ઉદ્દેશીને સામળે આ ટકોર કરેલી, અને એ પ્રેમાનંદના જાણવામાં આવતાં તેણે પૌરાણિક વિષય બદલી, નરસિંહ મહેતાના જીવનમાંથી પ્રસંગો લઇ હુંડી, શામળશાનો વિવાહ, મામેરું, શ્રાદ્ધ વગેરે કાવ્યો રચ્યાં. પરંતુ આ કાવ્યોમાં પણ પ્રેમાનંદે પોતાના પુરોગામી કવિઓના કાવ્યોમાંથી ઉતારા લીધેલા છે. જોકે પોતાની વર્ણનશક્તિ ને બુદ્ધિથી તેના સ્વરૂપમાં એવા સરસ ફેરફારો કર્યા છે કે એ કાવ્યોમાં રહેલી ઉત્તમતાનું માન પ્રેમાનંદને જ ઘટે છે. છતાં સામળ પ્રેમાનંદનો પ્રતિસ્પર્ધી હોઇ, તેનો આક્ષેપ આ બાબત પરત્વે પણ હોય એ સંભવે છે.

ભરતમુનિના નાટ્યશાસ્ત્રના બધા નિયમો જેમાં

જળવાએલા હોય એવાં અગિયાર નાટકો પ્રેમાનંદે રચ્યાનું કેટલાક વિદ્વાનો કહે છે અને તે પ્રગટ પણ થયાં છે. એ નાટકોમાં વપરાએલા ભાષાપ્રયોગો તથા છંદો એ સમયમાં પ્રચલિત નહોતા તે અને એવી બીજી અનેક સંગીન દલીલો બહુ વિસ્તારપૂર્વક અને ઝીણવટથી કરી સાક્ષર શ્રી નરસિંહરાવે એવું સિદ્ધ કર્યું છે કે એ નાટકો પ્રેમાનંદનાં હોઈ જ ન શકે. એ નાટકોને પ્રેમાનંદનાં કહેવાવાળા વિદ્વાનો પોતાના મતને જોકે વળગી રહ્યા છે, પણ તેમાંના કોઇ શ્રી નરસિંહરાવની સચોટ દલીલોનું ખંડન નથી કરી શક્યા.

પ્રેમાનંદ નાનપણમાં નિર્ધન હતા, પણ પાછળથી તે સારી સ્થિતિએ પહોંચ્યા જણાય છે. આજીવિકા માટે નંદરબાર સેવવું પડેલું એ તો એનાં કાવ્યોમાંથી જ મળે છે. નંદરબારના રાજાનો કવિ ઉપર સારો ભાવ હતો અને એના તરફથી તેને ઠીક મદદ મળતી. તેના બીજા મિત્રો પણ તેને વખતોવખત મદદ આપતા રહેતા એવું તેના જીવનના કેટલાક પ્રસંગો ઉપરથી જણાય છે. પરંતુ પોતાને આશ્રય આપનાર કોઈની ખુશામદ કવિએ કરી નથી. એ સંબંધમાં એક એવી વાત ચાલે છે કે કોઈ રૂઘનાથદાસ ભગવાનદાસ નામે કવિનો પૈસાદાર પારેખ હતો. એને ત્યાં એનું ખાતુંપતરૂં રહેતું ને બંને સ્નેહી પણ હતા. એક વાર પારેખે કહ્યું, ' કવિ, મારે માટે કાંઇ કવિતા કરો તો ઠીક.' કવિએ જવાબ આપ્યો, ' કવિતાનું ખરૂં પાત્ર તો ઇશ્વર જ છે, માટે ઇશ્વર સિવાય કોઇની હું સ્તુતિ કરતો નથી.' શેઠ કહે, ' જો એમ હોય તો તમે નરસિંહ મહેતાની કવિતા કેમ કરી?' કવિ બોલ્યા, ' નરસિંહ મહેતા સંબંધી જે જે કાવ્યો મેં લખ્યાં છે તે માત્ર ઇશ્વિરનો મહિમા ગાવા માટે છે. તમે જો એ કાવ્યો વિચારીને વાંચી જોશો તો મારૂં કહેવું તમને ખરૂં લાગ્યા વિના રહેશે નહિ.' ધન્ય છે એ નિઃસ્પૃહતા અને સ્વાતંત્ર્યપ્રિયતાને!

ભાષાના ઉત્કર્ષને માટે પાઘડી નહિ પહેરવાની પ્રતિજ્ઞા પાળવા જીવનભર અથાગ શ્રમ કરનાર એ સાહિત્યપ્રેમીના જેવી જ નિર્મળ ભક્તિ સ્વભાષા પ્રત્યે રાખીને અને તેની બને તેટલી સેવા કરીને જ એ મહાકવિનું અને સ્વભાષાનું ઋણ આપણે ફેડી શકીએ. આપણાં વંદન હજો એ વીર ભાષાભક્તને.

નરહરિ પરીખ

હવામાં પ્રગતિ

વૈજ્ઞાનિક દુનિયામાં આજે કેટલા વેગથી પ્રગતિ થઇ રહી છે અને આપણે તિરસ્કરણીય પરતંત્રતાના કારણે દિનપ્રતિદિન કેટલા પાછળ પડતા જઇએ છીએ એનો ખ્યાલ હિંદના યુવકવર્ગને આપવાના હેતુથી જ કેટલીક હકીકતો રજુ કરૂં છું. આપણી સ્વાતંત્ર્યપ્રાપ્તિમાં થતો એકેએક દહાડાનો વિલંબ આપણને એ પુનિત ધ્યેયથી વધારે ને વધારે દૂર કરતો જાય છે એમ કહેવું જરા યે અતિશયોક્તિભર્યું નહિ ગણાય. દુનિયામાં થતી શોધખોળ અને પ્રગતિનું જ્ઞાન આપણી ધ્યેયસિદ્ધિ માટેના પ્રયત્નોમાં આપણને અનેકધા વિશેષ બળ આપી શકે એમ છે. હા, એનું પરિણામ નિરાશાજનક પણ આવી શકે; પરંતુ આજની આપણી સ્વરાજ માટેની કટિબદ્ધતા એવી આશંકાને માટે સ્થાન નથી જ રહેવા દેતી.

પશ્ચિમની પ્રજામાં જો કોઇ મહાન સદ્ગુણ હોય તો તે સાહસનો છે. જમીન અને પાણી પર ચાલતાં વાહનોમાં વેગ બહુ વધારી શકાય તેમ નથી એમ જણાતાં એમણે હવામાં ઉડવાની હામ બીડી અને ઍરોપ્લેનો અસ્તિત્વમાં આવ્યાં. પરંતુ એમનો ઉપયોગ મોટે ભાગે જમીન પર ઉડવામાં જ થતો. મોટા મહાસાગરો ઓળંગવાની એની શક્તિ શંકાજનક હતી. અંતે, ચાલુ વર્ષમાં લિન્ડબર્ગ નામના એક ચોવીસ વર્ષના અમેરિકન યુવકે દુનિયાની ઉત્પત્તિ પછી પહેલી જ વખત આટલાંટિક મહાસાગર પર ફતેહમંદીથી ઉડીને પોતાનું ઍરોપ્લેન પારીસમાં ઉતાર્યું ત્યારે દુનિયા એની પાછળ ગાંડી બની ગઇ હતી. પરંતુ એ બનાવ કાંઈ અજોડ ન રહ્યો. થોડા જ દહાડા પછી એના જ એક દેશબંધુ ચૅમ્બરલેને અમેરિકાથી બર્લિન સુધી ઉડીને એનો આંક (રેકર્ડ) તોડચો. ત્યાર પછી તો આટલાંટિક પર ઉડીને એ આંક તોડવાના અનેક પ્રયત્નો થયા અને સંખ્યાબંધ પ્રખ્યાત વિમાનીઓએ પોતાના પ્રાણ અને વિમાનની આહુતિઓ આપી. પણ યશ આગળ મૃત્યુ કશી વિસાતમાં ન ગણી એક પછી એક વિમાનીઓ મહાસાગરમાં હોમાવા માંડચા. છેવટે પાનખર ઋતુ અને શિયાળાની ખરાબ હવાને અંગે કેટલાંક રાજ્યોએ તો કાયદાથી એવા યશઘેલા વિમાનીઓને પાછા રોકી રાખવા પડચા!



તું ઉઠ, જાગ, ફરી પૂર્વપ્રદેશને જો,
જોને ઉડંત નવચેતનવંત નેજો:

. . .

ગંભીર ઘોર ધમતો સુણુ શંખનાદ,
ઘંટારવે પડી રહ્યો નિજ દેશસાદ.

ચિત્રકાર : રવિશંકર રાવળ ~ 'કુમાર' પોષ '૮૪



કુન્ડા હિલ્સ : ઉતાકામંડ
ચિત્રકાર : સૌ. શ્રી ઈન્દુમતી દિવાનજી

આ બધા પ્રયત્નોએ એક વાત ચોક્કસ કહી બતાવી કે અમેરિકાથી યૂરોપ તરફ ઉડવું સરળ અને શક્ય છે, પરંતુ પૃથ્વીની ગતિને લીધે ઉપસ્થિત થતાં પવનનાં તોફાનોને કારણે કે ગમે તે કારણે યૂરોપથી અમેરિકા તરફ ઉડવું એ આજ દિન સુધી અશક્ય જ રહ્યું છે. લિન્ડબર્ગ અને ચૅમ્બરલેન જેવાઓ પણ પાછા ફરતી વખતે તો રોફથી સ્ટીમરમાં જ બેસી ગએલા.

પરિસ્થિતિ આમ હોઇ આંક તોડવાની લાગણી-પ્રધાન વાતોને બાજુએ મુકીને જર્મન વિમાનીઓએ, વચ્ચે રોકાતા જઇ અને અનુકૂળ હવા હોય ત્યારે જ ઉડીને અમેરિકા સુધી ઍરોપ્લેનથી જવું શક્ય છે કે કેમ એની ખાતરી કરવા માટે એક ઍરોપ્લેન ઉપાડયું. એમને વખત તો દોઢેક માસનો થઇ ગયો છે; પરંતુ હવાની અનુકૂળતા માટે બહુ રોકાવું પડતું હોવાથી હજુ અમેરિકા સુધી પહોંચી શકાયું નથી. અર્ધો ઉપરાંત રસ્તો એમણે કાપી નાખ્યો છે અને પ્રયત્ન જરૂર સફળ થશે એમ માનવામાં આવે છે.

શિયાળાને અંગે આટલાંટિક પર ઉડવાના વિચારો તો સર્વ વિમાનીઓને છોડી દેવા પડયા, એટલે સહજ જુદાજુદા પ્રકારના આંક તોડવાની મહત્ત્વાકાંક્ષાઓ ઉદ્દભવી. અમેરિકાના વિલ્સન નામના એક વિમાનીએ થોડા દહાડા પહેલાં જ વૈમાનિક ગતિનો આંક તોડયો અને એક કલાકમાં ૫૨૦ કિલોમીટર–એટલે ૩૨૫ માઇલ–ની ઝડપથી એ ઉડયો! બીજા એક અમેરિકન વિમાની કૅપ્ટન ગ્રેએ હવામાં ઉંચાઇનો આંક તોડવાનો પ્રયત્ન આદર્યો. બેસોન અને સ્યુરિંગ નામના બે જર્મન વિમાનીઓ બલુનથી ૧૯૦૧ ના જુલાઇની ૩૧મી તારીખે ૧૦૮૦૦ મીટર (૧ મીટર= લગભગ સવા ત્રણ ફુટ) ઉંચે ચડયા ત્યારથી આજ દિન સુધી કોઇથી એ આંક તુટેલો નહિ. પરંતુ ચાલુ વર્ષની તા. ૪થી મેએ ગ્રે પોતાના બલુન વડે ૧૨૫૦૦ મીટરની ઉંચાઇએ પહોંચી આવ્યો. પણ પાછા ઉતરતી વખતે એણે પોતાની જગ્યા છોડી બલુનછત્રીનો ઉપયોગ કરેલો હોવાથી એનો આંક સ્વીકારાયો નહિ.

ગ્રેને આ વાત ડંખ્યા વિના કેમ રહે? પોતાનો આંક ઑફિશ્યલી (પ્રમાણભૂત રીતે) કબુલ કરાવવાની ઇચ્છાથી થોડા વખત પહેલાં એ બલુનમાં ફરી ઉડયો. થોડાએક કલાક વીતી ગયા પછી ઇલીનૉઇ પ્રાંતના એક ગામડાની નાનકડી ઝાડી પાસે એક વિમાનીનું શબ પડેલું મળી આવ્યું; એની પાસે ભુક્કા થઇ ગએલું બલુન પડયું હતું. એ બીજા કોઇનું નહિ, પરંતુ હવામાં ઉંચાઇનો આંક તોડવાના મહત્ત્વાકાંક્ષી કૅપ્ટન ગ્રેનું જ શબ હતું!

એની નોંધપોથી જોતાં જણાયું કે ૧૯૫૦૦ ફુટની ઉંચાઇએ બલુનને બરફનાં તોફાનોમાં થઇને ઉડવું પડેલું. વધારે ઉંચે ચડતાંચડતાં એ રેડીઓ વડે સંગીત સાંભળતો જતો હતો. એથી પણ વધારે ઉંચાઇએ એણે સેંટ લુઇના રેડીઓ સ્ટેશનમાંથી પોતાને સફળતા ઇચ્છતી શુભેચ્છાઓ પણ સાંભળેલી. જ્યારે એ ૪૦૦૦૦ ફુટની ઉંચાઇએ ચડયો ત્યારે—૩૨°c (માઇનસ બત્રીસ ડીગ્રી સેન્ટીગ્રેડ) ટેમ્પરેચર હતું!

એના મૃત્યુના સંબંધમાં એમ ચોક્કસ રીતે જણાવવામાં આવે છે કે એ ઉપર ગુંગળાઇ ગયો હોવાને લીધે જ પડયો હોવો જોઇએ. બલુનની તપાસ પછી નક્કી થઇ શકે છે કે વજનની એક નીચે ફેંકી દેવાની કોથળીના બંધ કાપતાં એણે, એટલી હદ ઉપરાંતની ઉંચાઇએ થતી સહજ એવી બધીરતાને લીધે, પોતાની નાજુક છરીનો કાપ પ્રાણવાયુની કોથળી પર જતો નહિ સાંભળ્યો હોય. એ અલ્પ ભુલને પરિણામે એ પ્રાણવાયુના વાતાવરણમાં ગુંગળાઇ ગયો અને મરણ થતાં એનું બલુન નીચે પટકાયું. આથી એનો આંક ઑફિશ્યલી સ્વીકારવામાં તો આવ્યો, પરંતુ એની કીમત એને બહુ આકરી આપવી પડી!

આ તો થઇ નાનકડાં બલુનો અને ઍરોપ્લેનોની વાતો. પરંતુ એની મદદ વડે બહુ સાધી ન શકાય, એટલે દરિયાઇ જહાજોની માફક હવાઇ જહાજો બાંધવાની વાતે અગત્યનું સ્વરૂપ લીધું. સંખ્યાબંધ માણસો સંપૂર્ણ નિર્ભય રીતે અને બની શકે તેટલાં વિશેષ મોજશોખ તથા સગવડો સાથે મુસાફરી કરી શકે એવું એક સાધન પુરું પાડવાનું પહેલું માન ઝૅપેલિન ખાટી જાય છે. આજે જર્મનીમાં આવેલા ફ્રિડ્રીક્સ હાફેન શહેરના ઝૅપેલિન કારખાનાના વિશાળ ઓરડામાં દુનિયાએ હજુ સુધી ન જોએલું એવું એક રાક્ષસી હવાઇ જહાજ તૈયાર થવા આવ્યું છે.

(અનુસંધાન આગળ પાન ૧૬મે)

દર્શન

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

૧

પ્રકૃતિમંદિર ભવ્ય વિશાળ ત્યાં
મનુજધર્મ સનાતન ઉગતો;
હૃદયરંજન મૂર્તિ નિહાળતાં,
અચલ ભક્તિ થકી મનુ પૂજતો.
સુભગ દર્શન મૂર્તિ તણાં કરે,
મનુજ પામર ભવ્ય થઇ ફરે.

૨

પ્રકૃતિપૂજન ધન્ય પળે કરી
હૃદયભાવ ભર્યાં અતિ નિર્મળા,
થઈ પ્રસન્ન નવું રૂપ એ ધરી
જીવનમૂર્તિ બની મુજ એ ઇલા !
અવનિવ્યોમ ઉરે રમતી ફરે,
જીવન પુણ્ય થકી મુજ પાંગરે.

૩

પ્રકૃતિમંદિરમાં રહી **એ** વણે
સકળ વિશ્વ તણી રચના, લીલા,
મનુજ આત્મ ન હોત, ન આપણે,
પ્રભુ વસ્યો ક્યહીં હોત ? અહો ઈલા!
અચલ ભક્તિ યુગેયુગ આદરે,
તુજ થકી પ્રભુદર્શન હું કરું.



૪

મુખ અબોલ વદે શુભ આરતી,
નયન અંધ જ ભક્તિ થકી લસે;
નમન હું ધરું એ પ્રતિમા પ્રતિ,
હૃદય દર્શનથી હળવું હસે.
અહીં અરણ્ય સમા મુજ અંતરે,
સુભગ દર્શન એ વસજો ઉર.

૫

નયનના મૃદુ આ પટ પોપચે
સ્મૃતિ પવિત્ર વણી નિજ કલ્પના,
કંઇ અલૌકિક ખેલ નવા રચે;
અનુભવું ઉભરા ઉર હર્ષના.
મધુર દર્શનથી મુજ ઓ ઇલા !
જીવન-વિશ્વ તણી ઉકલે કલા.



૬

પ્રકૃતિ તાંડવ શી રમણે ચઢી,
નયન દર્શન શક્તિ લઇ હણી;
સુરજ ચન્દ્ર તણી નિજ આંખડી
નવ કરે દિનરાત મીચામણી.
નયન અંધ જુએ નહિ કો દિશા
મુજ ઉરે સહુ આવરતી નિશા.

૭

અતિ અશાંત હતું નભ જ્યાહરે
હૃદયમાં ઢળી કો વિષવાદળી;
રજની શ્યામલ પાલવ પાથરે,
ઉર તણી સહુ શાંતિ ગઈ ટળી.
મનનદીપ નિરંતર હું કરું,
હૃદય આ મૂક ભક્તિ થકી ભરું.

૮

સુખ અનંત હતું મુજ રંકનું
સકળ એ ક્ષણમાં વિધિએ હર્યું;
જીવનમાં પ્રસરે વિષ ડંખનું,
અમર દર્શન નેત્ર થકી ગયું.
રગરગે વિષ એ વહતું હતું,
દુઃખ અસહ્ય સહ્યું નવ એ જતું.

૯


"વિમલ અંતરદીપ શિખા હવે,
મૃદુલ કો લહરી થકી બુઝશે:
અતિ પવિત્ર રહી ધૂપ મહેક એ
હૃદયમાં પથરાઇ ઉડી જશે ?
હૃદયમૂર્તિ વિના અટુલો ફરું,
કંઇ ન આશ પ્રસાદ તણી ધરું !

૧૦

"કરું ન દર્શન જો તુજ હું હવે,
મરણનું પછી એક જ સોણલું:
રહી જ આશ પછી નવલા ભવે,
અગર તો તુજ જ્યોતિ મહીં ભળું.
નવ ગમે રમવું અહીં એકલાં,
નયનથી ગઈ દૂર ક્યહીં ઇલા ?


૧૧

"હૃદયમાં ફરી એ મૃદુ સોણલાં
સુભગ દર્શન વિણ ન ઉગશે:
અમર નિર્મળ જીવનની કળા
મુજ વિશે ન હવે પ્રગટાવશે ?
ગત ઘડી ગઇ એ, ગયું એ બધું !
વિધિ હજી કરવું કંઇ છે વધુ ?"



(સૉનેટ)

ક્ષિતિજ સાંકળ યોગમ છે જડી,
અવનિબંધન શી પગ શૃંખલા:
સમયકેદ વળી વિધિએ ઘડી,
અહીં થકી ક્યમ ઉડી શકું ઈલા ?
નવ દઉં ફુલ કે ફુલપાંખડી,
અચલ ભક્તિમર્યાં મુજ એકલા
હૃદયથી દઉં અર્ઘ્ય તણી ઝડી;
યુગ રચે નવ ભક્તિ તણી કલા.
થઇ જશે કની જીવન જે ઘડી
અહીં થકી ઉડી બે પ્રભુસોણલાં,
અમર દિવ્ય થશે પળ એ રૂડી:
અહહ ! બંધન તો અહીં એટલાં !
સુભગ મૂર્તિ તું દર્શનથી ટળી,
મૃદુલ શાંતિ ! દઉં ઉર અંજલિ.



પરમાનંદ બારોટ

એંશી વરસ પહેલાંની જ આ વાત છે.

કુતિયાણા પાસે ભાદર નદી ભરપુર વહે છે. સોરઠની ભાગીરથી એ ભાદર જે ગામના પાદરમાં નીકળે એ ગામને દાણાનાં દુ:ખ ટળી જાય, એ ગામનાં નાનાંનાનાં છોકરાંઓ ભાદરનાં નીરે નાહીનાહીને વજ્જર જેવાં થઇ જાય. ભાદરમાં ભૂતના વાંસા જેવા કાળા ડિબ્બાણ પથરા પડ્યા છે. મગર પણ કોઇકોઇ ઠેકાણે છે. ચોમાસામાં ભાદરમાં હોડકાં ય ચાલે છે. એ ભાદરકાંઠાના કુતિયાણામાં પરમાણંદદાસ બારોટ રહેતા. બારોટને ચાર જોધારમલ્લ દીકરા હતા. પોતે ઉત્તરાવસ્થામાં જુવાનીની કમાણીનો હિસાબ મેળવતા હતા.

બારોટને એક ઘોડી હતી. ભારે રૂડી. નીલો વાન, ખારેકના ઠળિયા જેવી કાનસુરી, પારેવા જેવી ચાલ. બારોટજીને જીવથી પણ વહાલી હતી.

એક વાર બે સંધી આવી ચડ્યા. સોરઠમાં બળદ વેચવા આવેલા. બારોટજી ગામધણી હતા. સંધિયાની નજરે ઘોડી ચડી. દિલમાં વસી ગઈ. મનમાં ઘાટ ઘડ્યો: આ ઘોડીએ જો હવે બારોટ ચડે તો સંધિયાના પેટના નહિ.

ડાયરામાં સંધિયાએ વાત ઉચ્ચારી, 'બારોટજી! અમને ઘોડી વગર બહુ હેરાનગતિ થાય છે. એકાદ ઘોડી ક્યાંય ધ્યાનમાં હોય તો બતાવોને!'

'હમણા ક્યાં ય ધ્યાનમાં નથી.'

'બારોટજી! આ તમારી નીલુડી વેચાઉ છે એમ સાંભળ્યું છે.'

'અરરર! ઇ શું બોલ્યા? સગા દીકરા કરતાં પણ વધુ વહાલી છે. ઇ વેચું? તમને કોણે ભરમાવ્યા?'

'બારોટજી! એમ ગોટા વાળો મા. વાત સાચી છે. રૂપિયા એક હજાર લેવા હોય તો રોકડા ગણી લ્યો.'

'અરે, પણ મારે વેચવી જ નથીને! ભાઇ, અમથા જીદ લો છો.' સંધિયાની આંખ ફેરવીને બારોટ બોલ્યા.

'જુઓ, બારોટજી! દેશો તો ય લેવી છે અને નહિ દ્યો તો ય લેવી છે.'

બારોટજી ડોળા ફાડીને જોઇ રહ્યા.

સંધિયા ઇ વખતે તો કસુંબો તરછોડીને ચાલી નીકળ્યા.

બારોટજી ચિંતામાં પડ્યા છે. રાતદિ' ચિંતા થાય છે. સંધિયા મરે તો ય બોલ્યું ન મુકે!

ઠીક! ધાર્યું ધણીનું થશે. બારોટજી તો માળા લઇને ભજન કરવા મંડી પડ્યા છે. એક દિ', બે દિ', આઠ દિ' એમ મહિનો થઇ ગયો. બારોટજીને વાત વિસારે પડી. સંધિયા ભુલી ગયા ને કાં તો થડકી ગયા.

આણી કોર સંધિયા જુક્તિ ગોતે છે, પણ કાંઇ સુઝતું નથી. ઉઘાડા ઉઠે તો બારોટજી વાઢી નાખે. ચોરી કરવા મન માનતું નથી.

રાણપુરમાં જમાલ સંધિયો બારોટજીનો અદાવતિયો હતો. બારોટજી ઉપર વેર વાળવા એ લાગ શોધતો હતો. એમાં આ બે સંધિયા મળ્યા. ત્રણે જણા સોરઠ ભણી ચાલી નીકળ્યા.

મધરાતને ટાણે ભાદરકાંઠે આવ્યા. બારોટજીનું ખોબા જેવડું ગામ પંખીના માળા જેવું પડ્યું છે. ભાદરની દયા ઉપર નભે છે. એ ન હોય તો એક ઝપાટે સાગરને તળિયે પહોંચી જાય.

સંધિયા નદી ઉતરીને ગામમાં પેઠા. બારોટજી પોઢી ગયા છે. ગઢમાં ચોકીદારો અર્ધા જાગતા પડ્યા છે. બારીએ આવીને ટકોરા દીધા. બારી અર્ધી ઉઘાડીને દરવાને પુછ્યું, 'કોણ?'

'ઇ તો અમે સંધિયા.'

'આ ટાણે?'



'બારોટજીનું કામ છે. જાઓ, એમને કહો,—ઉંઘતા હોય તો ઉઠાડીને કહો કે જમાલ જુદ્ધ માગે છે.'

દરવાને બારી દીધી. બારોટજીને બોલાવવા માણસ મોકલ્યો.

બારોટજી જાગ્યા. જમાલનું નામ સાંભળી બેઠા થયા. એંશી વરસનો બુઢ્ઢો ઝબ તલવાર લઇને બહાર નીકળ્યો. દરવાને બારોટજીને કહ્યું, 'બાપુ! આવે ટાણે...'

'બારોટજી તો મુંગામુંગા ચાલ્યા. બારી ઉઘડી. બહાર ત્રણ જણ દીઠા. બારોટજી કહે, 'જમાલિયો ક્યાં?'

'આ રહ્યો, બારોટજી!'

'ચાલ હું તૈયાર છું. પણ આ બીજા બેને શું કામ લાવ્યો છે?'

'ઇ તો મારી કબર ખોદવા કોક તો જોઇએ ને?'

'ઠીક' કહીને બારોટજી બહાર નીકળ્યા. દરવાનને કહેતા ગયા, 'એક પણ કુંવરને વાત ન કરતો; કરી તો મુઓ સમજજે!'

'ભલે બાપુ! પણ આ ત્રણ છે. . . . દગો. . . .' દરવાને બાપુને કાનમાં કહ્યું.

'લે રાખ્ય. માણસ એવા દગાબાજ ન હોય. ઈ તો રાક્ષસનાં કામ.'

'પણ બાપુ, આ રાક્ષસ છે, હો!'

'ઠીક જા હવે, ગમે તે હોય.'

દરવાન મુંગો થઇ રહ્યો.

રજા વગર જાય તો માથું ઉડાડી દે એવો એ ડોસો હતો.

ગામ બહાર નીકળ્યા. નદીની રેતમાં જમાલ સાથે જામી. બે ય જબરા છે. જમાલ જુવાન છે; બારોટજી વૃદ્ધ છે. જમાલ પાડા જેવો છે; બારોટજી સુકા છે. તલવારમાંથી અંગારા ખરવા માંડ્યા. પડખે ઉભાઉભા બે ય સંધિયા આ તમાશો જોઇ રહ્યા છે. એમને જમાલના જોરની ખાત્રી છે. એમાં જમાલ માથે ડોસાએ ઘા કર્યો. જનોઇવઢ ઉતરી ગયો. ધડાક દઇને જઇ પડ્યો. લોહીનો વીરડો ભરાઇ ગયો.

સંધિયાએ જાતભાઇનું લોહી ભાળ્યું. વચન વિસરી ગયા. બારોટજી ઉપર કુદ્યા. બે ય સાથે કુદ્યા. બારોટજી તૈયાર હતા. પાછી જામી. દગો દેખીને બારોટજી બમણા ઝનુને ભરાયા. એવડું જોર કરીને ઝીંકવા માંડ્યા. બે ય સંધિયા લોહીલોહાણ થઈ ગયા. ડોસાએ દાટ વાળ્યો. બંનેને જમીનદોસ્ત કરી દીધા.

બારોટજીનાં પણ અંગેઅંગ વીંધાઇ ગયાં હતાં. ત્યાં ને ત્યાં બેસી ગયા. હાથ જોડીને, ઉગમણું મોં કરીને બેઠા. સૂરજ મહારાજના દર્શનની ઇચ્છા કરી વૃદ્ધ બારોટજી સુતા.

સુતા તે સુતા.

આજ એ બારોટજીનો પાળિયો કુતિયાણાથી ચાર ગાઉ પર પડ્યો છે. **રામનારાયણ ના. પાઠક**

(દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓના હસ્તલિખિત 'વિદ્યાર્થી'માંથી)

કનુ—મનુ, તારી પાસે બીલાડીનું બચ્ચું હતું એનું શું થયું? નાસી ગયું?

મનુ—ના, રે!

કનુ—ત્યારે મરી ગયું?

મનુ—નહિ જ.

કનુ—ત્યારે ?

મનુ—એ તો મોટો બીલાડો થઇ ગયો!


'આ તમારા છોકરાને કાંઈ કહેવું છે? હમણાં મને પથરો માર્યો.'

'એને ઘેર આવવા દો. પણ તમને એ ક્યાં વાગ્યો?'

'વાગ્યો તો નથી, પણ—'

'અરે, પણ શું? ત્યારે તો એ મારો છોકરો જ હોય નહિ!'

દક્ષિણ હિંદમાં પ્રવાસ



ઉતાકામંડ

સોમવારે રાત્રે અમે મદ્રાસથી નીકળ્યા તે પહેલાં સાંજે અમે ત્યાંનો દરિયાકિનારો અને એક્વેરિયમ (એટલે જીવતી માછલીઓનું સંગ્રહ-સ્થાન) જોઈ લીધાં હતાં. જીવતી માછલીઓના અદ્‌ભુત પ્રકારો જોવાની તક મળી એથી આપણા જ્ઞાનની અને અનુભવની કેટલી અપૂર્ણતા છે તેનો ખ્યાલ આવ્યો. દરિયાને તળિયે વસતી, અદ્‌ભુત રંગ તથા આકારોની હીરા જેવી ચમક મારતી માછલીઓ આશ્ચર્યનો અનેરો જ અનુભવ કરાવે છે. કુદરતની લીલાઓ કેટલી ગુપ્ત રહે છે તેનો ખ્યાલ આવું જોઇએ ત્યારે જ થાય. મદ્રાસનો દરિયાકિનારો પણ સ્વચ્છતા અને કડક નિયમનવાળા રાજતંત્રની કીર્તિ ગાઇ રહ્યા છે.


મદ્રાસમાં અતિ ઉંચાઈનાં ઘરો કોઇ બાંધતું નથી. બહુ તો ત્રણ માળ હદ. મદ્રાસીઓના જીવન વિષે કંઈ જાણવાની તક મળી નથી, પણ આપણા ગુજ-રાતી ભાઇઓએ ફરિયાદ કરી કે જે ભાઇઓ એમના વિષે હમણાં ચોપાનિયાંમાં લખાણો કરે છે તેઓ તેમના વિષે બહુ ઉપરચોટિયું જ્ઞાન મેળવીને લખે છે. એ લોકો રીતભાતમાં કે આહારવિહારમાં જરા ય આપણને મળતા નથી; તેમ મળતા થવા ઇચ્છતા પણ નથી.

મદ્રાસથી અમારી ગાડી સાંજે સાડા સાત વાગ્યે ઉપડી. પછી તો અમે ઉંઘ જ કાઢી. પણ સવારમાં જાગતાં અમે લાલ માટીના પ્રદેશમાં ખેંચાતા દેખાયા. અહીં ખેતીવાડીની લીલાલહેર જોઇ. સુખી ખેડુવર્ગ, સ્વચ્છ સફેદ કપડાં, સુઘડ ઘરો અને હરિયાળાં ખેતર જોઇ અમે બહુ આનંદ પામ્યા.

કેતકીની તો વાડો જ દેખાતી. કહેવાય છે કે પાણીવાળી જમીનમાં જ કેતકી થાય છે. અહીંનાં સ્ટેશનોનાં નામ યાદ રાખવામાં બહુ મહેનત પડે એમ છે. મેટુપલાયમ નામના સ્ટેશને અમારી મોટી ગા-ડીની મુસાફરી પુરી થઇ અને પહાડની નાની ગાડી-માં બેસવાનું આવ્યું.


આ પહાડની ગાડી દાર્જીલિંગની ગાડી કરતાં તદ્દન જુદા જ પ્રકારની, પણ વધુ સગવડવાળી અને સુંદર છે. માત્ર તેનું એંજિનિયરિંગ નવી ઢબનું છે. સૌથી આગળ એંજીન નથી રહેતું પણ ફર્સ્ટ ક્લાસનો ડબ્બો જ હોય છે, અને તેમાં આગળના ભાગમાં પણ બારીઓ હોય છે તેથી બેઠાંબેઠાં સામે આવતો દેખાવ જોવાની લહેર પડે છે. એંજીન તો છેક પાછળ જોડાય છે અને આખી ગાડીને ઉંચા ચઢાણ પર ધકેલતું એ આગળ વધે છે.

અમે બે જણે આગળથી જઇને મોખરાની પહેલી બે જગ્યાઓ હાથ કરી લીધી અને મેટુપલાયમથી ઉપડ્યા ત્યાંથી ઠેઠ ઊટી પહોંચ્યા ત્યાં સુધીની શ્રી—ભાઇએ સીનેમા ફિલ્મો ઉતારી.



ઉતાકામંડનો પોલિસ

રસ્તામાં આવતા દેખાવો તો અતિ મનોરંજક છે. અહીં હિમાલયની વિવિધતા નથી, ભવ્યતા પણ નથી; પણ સાદી સ્વચ્છ પ્રકાશ-મય પહાડી દુનિયા લાગે છે. હિમાલયની પેઠે પહા-ડોની પાછળ પહાડ અને તેની પાછળ ઉંચા પહાડો એમ પરંપરા દેખાતી નથી,



પુરતાં બાકી રહેલું ઊટીનું સરોવર

છતાં વૃક્ષોની વિવિધતા અને થોડાંક નાનાં શિખરોના ઘાટથી કેટલાક દેખાવો તો કેવળ મનોહર લાગે છે.

ઊટી (ઉતાકામંડનું ટૂંકું અંગ્રેજી નામ) પહોંચ્યા ત્યારે શેઠની મોટરો જે અગાઉથી જ મોકલાઈ ગઇ હતી તે સ્ટેશને હાજર હતી. બીજાં પહાડી મથકો કરતાં ઊટીમાં આ એક વિશેષતા છે કે સઘળે ઠેકાણે મોટરો જઇ શકે છે. અહીંથી ઠેઠ મ્હૈસુર અને બૅંગલોર સુધી રોજ મોટરબસો આવજા કરે છે. મ્હૈસુર જતાં ત્રણ કલાક લાગે છે અને ત્યાંથી બીજા છ કલાકે બૅંગલોર પહોંચાય છે. કાલીકટ જતાં પાંચ જ કલાક થાય. આ બધું છતાં નૈનીતાલ કે દાર્જીલિંગને ઊટી પહોંચે નહિ એમ અમારૂં સૌનું માનવું થયું છે. જોકે અંગ્રેજ મુસાફરો તો ઊટીને ગિરિનિવાસોની રાણી તરીકે ઓળખે છે.

અહીં ફરવાહરવાનાં વિવિધ સ્થળો નથી. નૈની કે દાર્જીલિંગમાં તો જુદેજુદે ઠેકાણેથી જુદાંજુદાં દૃશ્યો જોવા મળતાં; મનુષ્યજાતિના ચિત્રવિચિત્ર નમુના જોવા મળતા; વનસ્પતિ, ફૂલો અને પશુપંખીની કોઇ વિરલ જાતિઓ ત્યાં નજરે પડતી. અહીં ફૂલો છે ખરાં, પણ તે બધાં પરદેશી અને વેચાતાં મળતાં બીયાંમાંથી ઉગાડેલાં. આ ભૂમિનાં ફૂલો જોવા મળ્યાં નથી. પણ અહીં કેરી અને કેળાં ખુબ મળે છે,—સસ્તાં પણ છે. એ ફેરફાર આ ઋતુના ખોરાકમાં આકર્ષક લાગ્યો છે.

નીલગિરિ સો વર્ષ પહેલાંથી હવા ખાવાના મથક તરીકે જાણીતું છે અને યૂરોપિયનોએ હિમાલયનાં મથકો હાથ કર્યાં તે પહેલાં ઊટી જ ગિરિનિવાસોમાં ઉત્તમ ગણાતું. તે સમુદ્રની સપાટીથી લગભગ સાત હજાર ફૂટની ઉંચાઇએ છે, પણ દાર્જીલિંગની પેઠે




સરકારી બગીચાનું એક દૃશ્ય

સમીપમાં હિમશિખરો નહિ હોવાથી બારે માસ તેની હવા ખમી શકાય એવી રહે છે. આ તેની વિશેષતા હોવાથી ત્યાં બારે માસ વસ્તી રહ્યા જ કરે છે. મદ્રાસના ગવર્નરનું થાણું અહીં લગભગ કાયમ રહે છે. નિઝામ, ગાયકવાડ, જોધપુર, અને મ્હૈસુર રાજ્યની મહેલાતો પણ અહીં બહુ વિસ્તાર પર જામી છે.

ઊટીના પહાડો વચ્ચે પહેલાં તો વિશાળ સરોવર હતું, પણ અત્યારે તે પુરી દઇને ત્યાં એક અતિ વિસ્તારવાળું મેદાન બનાવી દીધું છે, અને તેથી ઊટી શરતની દોડ અને પોલોની રમતનું મથક થયું છે. અમે ગયા ત્યારે જોધપુરના મહારાજા અને તેમની પોલો ટીમ રોજ એ મેદાન ખુંદતી. આ ટીમે આખી દુનિયામાં નામ કાઢ્યું છે. ઇંગ્લંડને પણ પોલોની રમત શીખવનાર હિંદુસ્તાનીઓ જ છે; જોકે તે રમતનું મુળ વતન તો મધ્ય એશિયા છે.

ઊટીમાં સૌથી રમ્ય તો ત્યાંની ગુલાલ સમી લાલ માટી લાગી. લીલાંછમ ઝાડોની વચ્ચે એ લાલ જમીન બહુ આકર્ષક લાગતી. નીલગિરિની બીજી એક મઝા એ છે કે ત્યાં વરસાદ સતત ચાલુ રહેતો નથી. બેચાર દિવસ ઝાપટાં મારી જાય કે પછી ખુલ્લો સૂર્યપ્રકાશ મળે. અને એમાં યે કુદરતની યોજના લાગે છે; કારણકે ઊટીની જમીનમાં પત્થરો અને ખડકો કોઇક જ જગ્યાએ દેખાય છે, એટલે મકાનોનાં ચોગાન ટકાવી રાખવા નીચેના ઢાળ સુધી ભીંતો બાંધી લેવી પડે છે. છતાં વરસાદથી માટી અતિશય ભીની થઈ જાય ત્યારે ઘણા રસ્તામાં એ ભીંતો ઢગલો થઈ પડે અથવા મોટાં ઝાડ મુળમાંથી ઉખડી લથડે. આવી રીતે મેં એક વાર ઘણે દૂર એક મોટું ઝાડ પડતું જોએલું, અને કેટલીક વારે તેના પડવાનો




અમ્બ્રેલા ટ્રી હિલ

મેઘગર્જનાના કડાકા જેવો અવાજ સાંભળેલો.

અગાઉ નીલગિરિ પર મોટાં વૃક્ષોમાં તો ગમટ્રી –કપુરવૃક્ષો જ હતાં. પણ ચાળીસેક વર્ષ પહેલાં અહીં ઑસ્ટ્રેલિયાથી યુકૅલિપ્ટસનાં ઝાડો લાવી રોપવામાં આવ્યાં. તે અહીંની જમીનને એટલાં તો ભાવી ગયાં છે કે આજે તો અહીં યુકૅલિપ્ટસનાં ઘાડાં જંગલો બની રહ્યાં છે અને આ પ્રદેશની હવાને વધુ તંદુરસ્ત બનાવી છે. મૅલેરિયાવાળા ભાગોમાં આ ઝાડો ઉગાડવાથી તાવનાં જંતુઓ મરી જાય છે. ઊટીમાં યુકૅલિપ્ટસનું તેલ કાઢવાનાં કેટલાં યે કારખાનાં છે અને જંગલી લોકો પણ ઘણી વાર તો એ તેલના ડબા ભરી લાવતા જોવામાં આવે છે. કારખાનાંવાળા એ સસ્તે ભાવે ખરીદી લે છે અને તેને શુદ્ધ કરી શીશીઓ ભરી વેપાર કરે છે.

પણ નીલગિરિની સૌથી જબરી નિકાસ તો ચા અને કૉફીની છે. અહીં મોટામોટા વિસ્તારમાં યુરોપિયનોએ ચાનાં ખેતરો સર કર્યાં છે. ચાની માત્ર એકબે જ જાગીરો હિંદીઓના હાથમાં હશે. અહીંની ચા બહુ જ ઉંચી ગણાય છે, અને તેમાંનો સર્વોત્તમ માલ તો ખાસ પરભાર્યો ઈંગ્લંડ જ ચડી જાય છે. આપણા સાહસિક જુવાનો એ દિશામાં ઝંપલાવે તો વખતે ફાવે ખરા. એક વાર ખેતી જમાવી દીધા પછી વહીવટની જ તકલિફ રહે છે. મિ. બાલીમોરિયા કરીને એક પારસી ગૃહસ્થે વર્ષો પહેલાં અહીં આવી થાણું નાખેલું તે આજ ખુબ આબાદ સ્થિતિમાં છે. આ તરફનો અભ્યાસ અને વેપાર હજુ ગુજરાતે થોડો જાણ્યો છે.

ઉતાકામંડની ચારેકોર દેખાતા પહાડો પર ચડો કે તરત નીચેનાં મેદાનો નજરે પડે છે, કારણકે મ્હૈસુરના સપાટ પ્રદેશ ઉપર જ નીલગિરિ એકલો ઉંચા કિલ્લા



સરકારી બગીચાનું એક બીજું દૃશ્ય

સમા ઘાટે ઉભો છે. ત્યાંનું સૌથી ઉંચું શિખર દોડાબેટા કરીને છે; ત્યાં પહોંચતાં દોઢેક કલાક થાય. પણ રસ્તાનો દરેક વાંકવળાંક ઝાડની લીલીછમ ઘટામાંથી પસાર કરતાં આનંદના ઉભરા જ આવે. એકબે ઠેકાણેથી નીચે ઉતાકામંડનું શરતનું મેદાન અને સફેદ બંગલાઓ જોઇએ તો જાણે કોઇ લીલીછમ તાસકને ધોળી કાંગરીઓથી મઢી હોય એવું લાગે. દોડાબેટાની ટોચે દેખાવો જોવા માટે એક બંગલા જેવું બાંધ્યું છે. તે ઉપર ચઢીને જોઇએ છીએ તો મલબાર સુધી નજર પહોંચે છે. બીજી બાજુ મ્હૈસુરનાં મેદાનો પણ દેખાય છે. અહીં એક અંબ્રેલા ટ્રી હલ (છત્રી જેવા ઝાડવાવાળી ટેકરી) નામની ટેકરી છે તે ઉપરથી તો કોઇ વાર રાત્રે મ્હૈસુરની ચામુંડા ટેકરીના દીવા પણ દેખાય છે.

બીજી એક વન ટ્રી હિલ (એકલ ઝાડવાળી ટેકરી) છે. તે આખી યે પાઇન ટ્રી–ટરપેન્ટાઇનનાં ઝાડોથી ભરી છે. અહીં કોઇ ત્રણ કલાક બેસે એટલે ભૂખ લાગવાની જ. કંઇક દર્દીઓ આવી હવાની ખાતર જ ત્યાં આવી બેસી રહે છે. આ ટેકરી પર ટીપુ સુલતાને એક વાર પડાવ નાખેલો.

આ જગ્યા જરા ભયંકર છે. ચિત્તો કે જંગલી હાથી નજરે પડવાનો સંભવ ખરો. અમે હતા તે અરસામાં જ જોધપુર મહારાજાની મોટર પર એક ચિત્તાએ તરાપ મારેલી પણ મહારાજાની બંદુકે તેને વધાવી સ્વર્ગનો મહેમાન બનાવ્યો. પણ આ બનાવ સરકારી શિકારગાહમાં બનેલો. એ જગ્યા પહાડોનો ઝાંપો વટાવી કુંડા હિલ્સમાં છે. સરકારી શિકારગાહમાં જ્યારે મોટર ઝપાટાબંધ જતી હોય છે ત્યારે જાણે લીલીછમ ટેકરીઓના સાગરમાં વહાણ જતું હોય એવું લાગે છે!

એ જ કુંડા હિલ્સની બગલોમાં ખુબ ઘેરી વૃક્ષ-ઘટાઓ ઉગેલી છે અને એમાં જ અનેક ઝરણાં વણાઇને પાયકારા નદીનો ધોધ બન્યો છે. આ ધોધ



પાયકારાના ધોધ

અમે પહેલો જોયો તે દિવસના અમારા ઉછાળા વર્ણવાય એમ નથી. નીલગિરિના કાંગરા પરથી ઝીંકલાતું પાણી સો સો ફીટની છલાંગે મોટાં તાંસળામાંથી હાથી જેવડા પથરાઓ વચ્ચેથી માર્ગ કરતું અરધાક માઇલ પછી સીધું ૨૦૦ ફીટ ઉપરથી પછડાતું જોયું. એ નીલગિરિનું અદ્‌ભુત દશ્ય હતું. અમે ત્રણ વાર એ સ્થળે ગયા હતા અને કલાકોના કલાક કુદરતના બાળક બની ખેલ્યા કૂદ્યા હતા. કુદરતનું અપાર, અતુલ શક્તિબળ અને મનુષ્યની પામરતા સમજવા અથવા જીવનના જોમ અનુભવવા યુવાનોએ અને સાહસિકોએ તો આ સ્થળમાં દિવસો વીતાવવા જોઇએ.

[ઉતાકામંડ સુધી પહોંચવાને થર્ડ કલાસથી ૩૦થી ૩૫ રૂપિયા વાટખર્ચી થઇ રહે. પછી ત્યાં રહેવા માટ કેટલાક હૉટેલોમાં રોજના બેથી ચાર રૂપિયા થાય. સામટા આખા માસ માટે રૂા. ૭૫માં ગોઠવણ થઇ રહે છે. એથી પણ સસ્તામાં રહેવું હોય તો Y. M. C. A. ના મકાનમાં માસિક પંદર રૂપિયાના ભાડાથી ઓરડીઓ મળે છે. તે રાખી લઇને ખાવાની ગોઠવણ જુદી કરી લેવાય.]

હવામાં પ્રગતિ

અનુસંધાન પાછળ પાન ૯થી ચાલુ

ઝૅપેલિનના ઔદ્ધિક વારસ ડૉ. એકેનર એ હવાઇ જહાજના જન્મદાતા છે. એમાં કેટલાક બહુ જ અગત્યના ફેરફારો પણ કરવામાં આવ્યા છે. આજ સુધી વાપરવામાં આવતી ધાતુના કરતાં પણ હલકી છતાં વધારે ટકાઉ ધાતુનો એમાં ઉપયોગ થયો છે, અને હજી સુધી વપરાતા બેન્ઝીનને બદલે હવાના જેટલી જ સ્પેસિફિક ગ્રૅવિટી વાળા એક ખાસ શોધેલા ગૅસની મદદ વડે એની મોટરો ચલાવવામાં આવશે.

આ નવા હવાઈ જહાજની લંબાઈ ૨૩૫ મીટર, (શુમારે ૭૬૫ ફુટ) એનો વ્યાસ ૩૦.૫ મીટર (લગભગ ૧૦૦ ફુટ) અને એની ઉંચાઈ પણ એટલી જ છે. ૫૩૦ હૉર્સપાવરની એકેક એવી પાંચ મોટરો વડે—એટલે ૨૬૫૦ હૉર્સપાવર વડે એ ઉડી શકશે. અને એ બધી શક્તિ એકી સાથે વાપરવામાં આવે તો કલાકના ૧૨૮ કિલોમીટર (આશરે ૮૦ માઇલ)ની ઝડપથી એ ઉડશે. ૧૫૦૦૦ કિલોગ્રામ (એટલે અડસટ્ટે સાડા સાતસો મણ) વજન સાથે એ કલાકના ૧૦૦ થી ૧૧૦ કિલોમીટર (શુમારે ૬૫ માઇલ)ની ઝડપે એકી સાથે ૧૦,૦૦૦ કિલોમીટર એટલે લગભગ ૭ હજાર માઇલ સુધી ઉડી શકશે. એમાં કામ કરનારાઓની સંખ્યા ૨૬ની રહેશે. ઉતારૂઓને માટે દર બબ્બે બિછાનાંવાળી દસ કૅબિનો રહેશે. તે ઉપરાંત, જમવા વગેરે માટે ૫×૫ મીટરનો એક ઓરડો રાખવામાં આવ્યો છે. સામાન, ટપાલ વગેરે જહાજના અંદરના ભાગમાં રાખવાની સગવડ રહેશે.

આ જહાજ વડે ડૉ. એકેનર આવતા ઉનાળામાં પાંચ૭ સ્ટેશન કરતાં આખી દુનિયાની સફર કરવા ધારે છે. પછી એ સ્પૅનિશ-અરજન્ટીનીઅન હવાઇ મંડળી ‘ કોલોન’ને ભાડે અપાશે.

આજની દુનિયાના બીજા પ્રગતિમાન દેશોના હરીફ તરીકે આપણે પણ ઉભા રહેવા માગતા હોઇએ તો આપણી પ્રવૃત્તિઓને આપણે અનેક ભિન્નભિન્ન દિશાઓમાં વહન આપવું પડશે. કેવળ સ્વરાજ માટેની રાજકીય હીલચાલ પાછળ રાહ જોઇને બધા બેસી રહીએ એના કરતાં એ હીલચાલ આપણે એક વર્ગને સોંપી દઇને બીજા વર્ગ માટે આવો જે અનેક ક્ષેત્રોનો વિવિધ રચનાત્મક કાર્યક્રમ પડ્યો છે તેમાં ઝંપલાવીએ. ચોમેરની એકસરખી પ્રગતિ વિનાનું સ્વરાજ બહુ અર્થવાહી ન હોઈ શકે. અને એ કાર્ય વૃદ્ધો કે વડીલોથી નહિ થાય. ત્યાં તો યુવકોનું જ કામ પડશે.

(કાર્લ્સરૂહ-જર્મની) **લવજી ત્રિભુવન થોરિયા**

વિજ્ઞાનક્ષેત્રના વીર

'જન-પશુ-જગના કલ્યાણયજ્ઞ પર'

જીવનની આહૂતિ આપી શોધખોળ કરનારા વિજ્ઞાનવીરો



ઉપર: એક્સ-રેઈઝના અખતરાઓ પાછળ આઠ આંગળાં અને એક આંખનું બલિદાન દેનાર અને એકોતેર વખત શસ્ત્રક્રિયાઓ ખમનાર અમેરિકન ડૉ. એજર; નીચે: (ગોળમાં) એક્સ-રેઇઝની શોધખોળને પોતાના બંને હાથ અર્પણ કરી ચુકેલો ફ્રેંચ ડૉ. વાઈલ્લાન્ટ; અને જમણી બાજુએ: હૂકવર્મનો ઈલાજ શોધવા માટે એક અનિશ્ચિત અસરવાળા મનાતા ઝેરનો પ્યાલો જાતે ગટગટાવી જનાર અમેરિકન ડૉ. મૉરિસ સી. હૉલ.

'હવે ત્રણચાર દિવસમાં તો મારો છુટકારો થઇ જવાનો!'

રેડિયમની શોધખોળના અગ્રણીઓમાંનો એક, ફ્રેંચ પ્રોફેસર એમિલી બરગોની મરણપથારીએ પડ્યો હતો. કમકમાટી ઉપજાવે એટલી રોજરોજ નવી ઉમેરાતી પીડામાં એ ત્રણ મહિના સુધી રીબાયો. ઘેનવાળી દવાઓ ઢીચીઢીચીને એની ઇન્દ્રિયો બધી બહેર મારી ગઈ હતી. છતાં બની શકે તેટલી તરકીબોથી પોતાના પ્રાણ ટકાવી રાખીને એ પ્રોફેસર દરરોજ પોતાની પાસે ડૉકટરોને બોલાવતો, પોતાના દર્દમાંથી તારવી કાઢેલાં પરિણામો એમને સમજાવતો ને રેડિયમની શોધ આગળ કેમ ચલાવવી એ વિષે સૂચનાઓ આપતો. મૃત્યુ પછી વાઢકાપથી પોતાનું શરીર તપાસવાની ઝીણામાં ઝીણી વિગતો પણ એ જાતે નક્કી કરતો ગયો.

એક્સ રેઇઝ—ક્ષ કિરણો—વડે 'કૅન્સર' નામનો રોગ મટાડવાના અખતરા એણે ઘણાં વર્ષો સુધી કર્યા. એ જ પ્રયોગમાં એક વાર એ પ્રાણઘાતક કિરણ એના ઉપર જ ફરી વળ્યું ને એથી દાઝવાને પરિણામે થએલાં કૅન્સર વડે જ એ મરણ પામ્યો.

એના મરણ પહેલાં ત્રણ વર્ષ અગાઉ એ જ કામ કરતાં એનો જમણો હાથ જોખમાઇ જવાથી કાપી નાખવો પડેલો. છતાં એણે તો એક હાથ વડે પોતાનું કામ ચાલુ રાખ્યું. પાછળથી ડાબા હાથની પણ ત્રણ આંગળી એણે એમાં જ ગુમાવી.

પણ અમર કીર્તિલેખ મુકીને એ મરી ગયો. કેમકે એણે કરેલી બે શોધો માટે માનવજાત સદા ય એને આભારી રહેશે. એક તો દારૂગોળાનો આંચકો લાગવાથી ઇજા પામેલા દર્દીઓ માટે ઇલેકિટ્રક વાઇબ્રેટરની, ને બીજી શોધ શરીરમાં પેસી ગએલી ગોળીઓ તથા લોખંડના ટુકડાઓ ખેંચી કાઢવા માટેના લોહચુંબકની.

પણ એણે જે જીવનકાર્ય તરીકે સ્વીકારી લીધું હતું એ તો કૅન્સરને એક્સ કિરણો વડે જડમૂળથી ઉખેડી નાખવાનું. અને માત્ર મૃત્યુ જ એને એ કામમાંથી અટકાવી શક્યું. અનેક પીડાઓ સહન કરતાંકરતાં એણે લાગટ ત્રણ વર્ષ સુધી એની પાછળ મથ્યા કર્યું. માનવતાના કલ્યાણ માટેની એ શોધના અખતરા પાછળ પોતાની જાતનું કમકમાટી ઉપજાવે એવું બલિદાન દેનાર એ વીરને એની મરણપથારીએ ફ્રાન્સે પોતાના દેશના મોટામાં મોટા ઇલ્કાબ 'ગ્રાન્ડ ક્રૉસ ઑફ ધ લિજિયન ઑફ ઑનર'થી નવાજ્યો,

ને મરતાં પહેલાં પોતાના એક પનોતા વીર પુત્ર તરીકે એને ઓળખ્યો ને માન્ય કર્યો.

એ જ જાતના પ્રયોગો માટે જાણીતો અને એટલો જ બહાદુર બીજો વીર ફ્રેન્ચમૅન તે પારીસના લ રેઓઇઝીએર હૉસ્પિટલનો ડૉક્ટર ચાર્લ્સ વાઇલ્લાન્ટ. અનેક આફતોની સામે અણનમ રહેલા એ વીરને એ અખતરાઓ પાછળ એક્સ રેના ભોગ થઇ દાઝી ઉઠેલા પોતાના બંને હાથ કપાવી નાખવા પડેલા. છતાં તેના પ્રયત્નો હજુ અટક્યા નથી. ફ્રાન્સે પોતાના એ વીર પુત્રને 'ક્રૅવૅટ ઑફ ધ લિજિયન ઑફ ઑાનર' અને સુવર્ણચંદ્રકથી ગૌરવભેર નવાજ્યો છે.

૨

બાલ્ટિમોર (અમેરિકા)ના જ્હૉન્સ હૉપ્કિન્સ હૉસ્પિટલમાં ડૉક્ટર ફ્રેડરિક હેન્રી બેજર હમણાં જ એકોતેરમી શસ્ત્રક્રિયા નીચેથી પસાર થયો! એના હાથ પર માત્ર બે જ આંગળીઓ રહી છે. બાકીની ચાંદાં પડવાને લીધે કપાવી નાખવી પડી છે. પોતાની એક આંખ પણ એણે તેમાં જ ગુમાવી છે. શસ્ત્રક્રિયા પુરી થયા પછી એ બહાદુર નર બોલ્યો, 'મને લાગે છે કે મારી શોધખોળો અંતે મને મારી નાખશે. પણ કાંઇ વાંધો નહિ; હું તો તેની પાછળ મચ્યો જ રહેવાનો છું,—એટલી ખંતથી કે આ બુટ પણ ઉતાર્યા વગર હું મરી જઇશ.'

પશ્ચિમના દેશોમાં કૅન્સરના રોગનો ભારે ત્રાસ છે. એ અસાધ્ય રોગ જેને થાય છે તે ભાગ્યે જ એમાંથી બચે છે. આપણે કૅન્સરનો અર્થ નાસુર કરીએ છીએ. પણ એને માટે બરોબર બંધબેસતો સંસ્કૃત પર્યાય ક્ષતાર્બુદ કહેવાય છે. એનાં ચાંદાં-ધારાં શરીરના જે ભાગ પર થાય તે ધીમેધીમે સડતો-સગડતો જ જાય છે. એ કપાવી નાખ્યે જ છુટકો થાય.

આ જીવલેણ રોગનો ઉપાય શોધી કાઢવા માટે પશ્ચિમના સંખ્યાબંધ દાક્તરો અને વૈજ્ઞાનિકો અનેક વર્ષોથી એના પ્રયોગો પાછળ મચ્યા છે, અને આજે રેડિયમના પ્રયોગોને પરિણામે એને માટે કંઇક આશા બંધાઇ છે. પણ તે લગભગ ૧૫૦ વિજ્ઞાનશાસ્ત્રીઓને ભોગે! વૈદક-વિજ્ઞાનની લગભગ એકેએક અગત્યની શોધ પાછળ, એ શોધનું અકસીરપણું સાબિત કરવા માટે, પોતાની જીંદગીની પરવા કર્યા વિના ઝંપલાવનાર આવા એક નહિ પણ કુડીબંધ વીરોની એકએક નામાવલિ ઉભી છે.

આંતરડાંમાં જીવડાંનાં દંશથી થતા હૂકવર્મ નામના રોગનો ઉપાય શોધવા માટે યુનાઇટેડ સ્ટેટ્સના ખેતીવાડી વિભાગનો ડૉક્ટર મૉરિસ સી. હૉલ લાંબા વખતથી મથતો હતો. જુદાંજુદાં પશુઓ પર અખતરાઓ કરીને એણે શોધી કાઢ્યું કે કાર્બન ટ્રીટ્રેક્લોરાઇડ નામનો ક્લૉરોફૉર્મને મળતો ને કપડાં ઉપરથી ડાઘ કાઢવાના ઉપયોગમાં આવતો પદાર્થ કુતરાને થએલા હૂકવર્મને તો જડમૂળથી કાઢી નાખે છે. પછી એણે એ જ દવા સસલા પર વાપરી જોઇ. પરંતુ એ મરી ગયું!

પણ માણસજાત ઉપર એની શી અસર થતી હશે? એ જાણવાનો એક જ રસ્તો હતો: પ્રયોગ કરી જોવો. પણ જે દવા કુતરાને આપતાં તે સાજું થયું ને સસલાને આપતાં તે મરી ગયું એવા અનિશ્ચિત એ ઝેરનો ઉપયોગ પોતાની જાત પર કરવા દેવા કયો માણસ તૈયાર હોય? ડૉ. મૉરિસે ટ્રીટ્રેક્લોરાઇડના ત્રણ ક્યુબિક સેન્ટિમીટર માપીને એક ગ્લાસમાં કાઢ્યા. એક પળમાં એ કદાચ મોત કરી નાખે. પણ અદ્‌ભુત હિમ્મત, સાહસ ને શ્રદ્ધાથી એ જાતે જ તે ગટગટાવી ગયો! અને—અને દુનિયાને ખાતરી કરી આપી કે માણસને માટે એ જોખમકારક નથી. પણ એ ખાતરી કરાવી આપવા માટે એણે મોતના મોંમાં માથું નાખ્યું હતું. રણક્ષેત્રમાં ઘુમનારાઓના કરતાં એનું એ વીરત્વ કોઇ રીતે ઉતરતું ન હતું. અને એ વીરત્વે, સૈકાઓથી જગતને પીડતા એ કારમા રોગ હૂકવર્મનો ઇલાજ શોધી કાઢ્યો.

૩

પણ વૈજ્ઞાનિક વીરતાનાં રૂવાં ઉભાં કરે એવાં સાહસોમાં સૌથી વધુ ધ્યાન ખેંચનાર તો 'યલો ફીવર'-પીતજવરને નાબુદ કરવા માટે ઝંપલાવનાર મરણિયા વીરોનું હતું. આ ભયંકર રોગે દર વર્ષે હજારો ભોગ લઇ અમેરિકાને ઉજ્જડ કરવા માંડયો હતો. એની એક જ મરકીમાં એણે ફિલાડેલ્ફિઆની વસ્તીનો દસમો ભાગ હરી લીધો. સ્પેન સાથેના અમેરિકન વિગ્રહના અંતમાં, જે વખતે અમેરિકાનું લશ્કર હવાનામાં કેદ થયું હતું ત્યારે આ કાળ જેવો પ્લેગ ફાટી નીકળ્યો.

યુનાઇટેડ સ્ટેટ્સની સરકારે ડૉક્ટર વૉલ્ટર રીડ, જેઇમ્સ કૅરોલ, જેસી લાઝીઅર ને કયુબાના એક સભ્ય ડૉક્ટર એરિસ્ટાઇડ ઍગ્રૅમેન્ટ એમ ચાર માણસોનું એક 'યલો ફીવર કમિશન' નીમ્યું. આ મંડળે અનેક પ્રયોગો કરીને વિજ્ઞાનના ઇતિહાસમાં એક અદ્વિતીય શોધ કરી કે એ રાક્ષસી રોગને ફેલાવનાર મચ્છરો છે.

પણ જગતને એની ખાતરી શી રીતે કરાવી આપવી, અને એનો ઇલાજ કેમ શોધી કાઢવો? ડૉક્ટર લાઝીઅર અને કૅરોલે બીડાં ઝડપ્યાં, અને બાર દિવસ અગાઉ પીતજ્વરના દરદીનું લોહી ચુસીચુસીને ઝેરી બનેલા ડાંસ પોતાના શરીર પર કરડાવ્યા. ડૉ. કૅરોલ તરત જ ઝડપાયો. દિવસોના દિવસો સુધી તે તદ્દન બેભાન સન્નિપાતમાં રીબાયો. પણ ડૉ. લાઝીઅરે અનેક ઉપચારોના વિધવિધ અખતરાઓ કરીને અંતે એને બચાવી લીધો.

ડૉ. લાઝીઅર ઉપર એ પહેલા પ્રસંગે તો ડાંસના કરડની કાંઇ અસર નહિ થએલી. પણ થોડો સમય વીત્યા બાદ એક દિવસ એ પીતજ્વરના દરદીઓના વૉર્ડમાં કામ કરતો હતો એવામાં એણે એક ઝેરી ડાંસને પોતાના શરીર પર બેઠેલો જોયો. એ પામી ગયો કે એ પીતજ્વરનો જ ડાંસ છે; એણે શાંતિથી એને કરડવા દીધો. આ વખતે એના પર સખતમાં સખત હુમલો થયો અને એ જીવલેણ જ નીવડ્યો. પણ મરતાં પહેલાં, પોતે એ રોગ સંબંધે એકઠી કરેલી બધી નોંધો અને સૂચનાઓ ડૉ. કૅરોલને આપતો ગયો, અને આ કામ વધારે વેગ અને વીરતાથી આગળ ધપાવવાની સૂચના કરી.

અંતે એ સિદ્ધ થયું કે યલોફીવરનું કારણ આ મચ્છરો જ છે! અને એ ચાવી હાથ લાગી ગયા પછી તો એ ભયંકર રોગ સહેલાઇથી જીતી શકાયો.

૪

અમેરિકાના વિસ્કન્સિન પરગણાની યર્કીસ વેધશાળામાં એક માણસે આપેલા આત્મભોગની વાત બહુ જ થોડા જાણે છે. ત્યાં બેસી જાણીતા પ્રોફેસર એડ્વિન બ્રૅન્ટ ફ્રૉસ્ટે પોતાની આંખો આકાશના તારાઓને અર્પી દીધી છે. ટેલેસ્કોપ ને માઇક્રોસ્કોપ વાટે અતિ બારીકાઇથી આકાશી પદાર્થો સતત જોઇ-જોઇને ઘણાં વર્ષો સુધી એની આંખો પીડા પામી.



જમણી બાજુ: પ્રો. એમિલિ બરગોની

નીચે નાની છબી: ડૉ. બ્રૅન્ટ ફ્રૉસ્ટ

પણ એથી કાંઈ એ પોતાનું કામ છોડી દે એમ નહોતો. એક રાતે એની આંખની કીકી ફૂટી ગઇ ને એને સાજી કરવા માટે દુનિયાના સૌથી વધુ બુદ્ધિશાળી ડૉક્ટરો પણ અસમર્થ નિવડ્યા. પાછળથી એની બીજી આંખ પર પણ પડળ બાઝી ગયાં!

ચાલુ સદીમાં વિજ્ઞાનની શોધખોળમાં અર્પાએલી જિંદગીઓની નામાવલિમા છેલ્લા મહાયુદ્ધે સંખ્યાબંધ ઉજ્જવળ નામોનો ઉમેરો કરી દીધો છે. આમાંનું એક નામ કર્નલ ઇ. એફ હૅરિસનનું છે. એણે જર્મનોના ઝેરી ગૅસની સામે ટકી રહેવા સારૂ મિત્રરાજ્યોના લશ્કરને માટે સાધનો તૈયાર કરવાના અખતરાઓમાં એ ગૅસનો સામનો વારંવાર કરીને જિંદગીનું જોખમ ખેડ્યું. પરિણામે એનાં ફેફસાં એટલાં બધાં ઝેરી થઇ ગયાં કે લડાઈ પછી આવેલા ઇન્ફ્લ્યુએન્ઝાના હુમલા સામે ટકી રહેવાની એનામાં બીલકુલ તાકાત ન રહી, અને એ મરી ગયો.

ગયા મહાયુદ્ધના વખતમાં અમેરિકન સરકારનાં ન્યૂ જર્સીમાં આવેલા દારૂગોળાના કારખાનામાં, ટી. એન. ટી. કરતાં પણ વધારે ભયાનક જીવલેણ નવો દારૂ તૈયાર થતો હતો. પણ એમાં કામ કરનારા કામદારો કોઇ ભેદી રીતે એકાએક મૃત્યુ પામતા! શોધખોળને અંતે દાક્તરોએ જાહેર કર્યું કે એ દારૂમાંનું ઝેર કામદારોની ચામડીમાંથી પ્રવેશ પામીને તેમનાં લોહીમાંનાં લાલ કણનો નાશ કરી તેમનો જાન લે છે. ગોરા કરતાં કાળી ચામડીવાળાં માણસોનાં લોહીમાં આ લાલ કણ વધારે જોરદાર પ્રમાણમાં

હોવાથી તેઓ તેના કામમાં ફાવી શકશે એવો સંભવ છે.


દાક્તરોના આ જાહેરનામાને અખતરાથી સિદ્ધ કરવા માટે પોતાનો જાન જોખમમાં નાખવા કોણ તૈયાર થાય? પણ દુનિયા વીરવિહોણી નથી. ચાર વૈજ્ઞાનિકો બહાર પડ્યા. તેમાંના દરેકનો રંગ એક-એકના કરતાં વધારે ને વધારે કાળાશ પડતો હતો. પહેલો તદ્દન ગોરો હતો તે ચાર જ દિવસ એ દારૂ તૈયાર કરવાના કામમાં ટકી શક્યો ને મરણ પામ્યો; બીજો એથી જરા ભીને વાન હતો એ સાતમે દિવસે મરણશરણ થયો; ત્રીજો કેવળ ઘઉંવર્ણો હતો તે ૧૨ દિવસ ટકીને ખલાસ થઇ ગયો; અને ચોથો જે કાળા રંગનો પૂર્વવાસી હતો તે બે અઠવાડિયા સુધી કામ કરી શક્યો, અને દારૂની એના પર ઘણી જ ઓછી અસર થઇ. અખતરો સિદ્ધ થયો. પરિણામે એ કારખાનામાં કાળા રંગના જ કામદારો રાખવામાં આવ્યા અને એક પણ જનહાનિ વિના કારખાનું ચાલવા લાગ્યું. પણ એ અખતરાની સિદ્ધિ જગત સમક્ષ સ્પષ્ટ રૂપમાં મુકવા માટે ચાર મરણિયા નીકળ્યા ત્યારે જ. મોતના ધુરકતા ડોળામાં એમણે વિનાસંકોચે આંગળી ઘોંચી હતી.

વિજ્ઞાનની શોધખોળ પાછળ શહીદ થનારાઓની નામાવલિમાં હજી અનેક નવાં નામો રોજ ટપોટપ ઉમેરાતાં જ જાય છે. જગતને કલ્યાણકારી એવી અનેક નવી શોધખોળો પાછળ અને દુનિયાને પીડતા અનેક જીવલેણ રોગો જડમૂળ કરવા પાછળ સેંકડો પ્રયોગશાળાઓ ને ઇસ્પિતાલોમાં અસંખ્ય સાહસિક માણસો જિંદગીનાં જોખમ ખેડી મચી રહ્યા હોય છે. કેટલાક એને પરિણામે અપંગ બને છે, કેટલાક કમકમાટી ઉપજાવે એવાં દુઃખમાં રીબાતા હોય છે ને કેટલાક આ બધું સહન કરીને અંતે પોતાનાં મહામુલાં જીવન વધેરે છે. એ બધું

'જન-પશુ-જગના કલ્યાણયજ્ઞ પર'

(સામેના પાનાને અનુસંધાને)

ઝીણવટથી ઉકેલ થએલા છે. અને મોર બરાબર સાચા મોર જેવો જ બધી રીતે વિગતે વિગતમાં રહે તે માટે મોરની જુદીજુદી સ્થિતિના અનેક ફોટોગ્રાફો પાડ્યા પછી તે તૈયાર કરવામાં આવ્યો છે. યંત્ર અને કલાનો સુયોગ આ રીતે થઇ શકે તો યંત્રશાસ્ત્રમાં વિકાસ અને સૌંદર્ય બંને તત્ત્વોનો ઉમેરો થાય. **મુનિકુમાર ભટ્ટ**



ભાવનગરના શ્રી વિદ્યુતપ્રસાદે બનાવેલો કલાત્મક રેંટિયો

યંત્રોમાં કલા

અત્યાર સુધી યંત્રશાસ્ત્રમાં જે પ્રકારનો વિકાસ થયો છે તે ફક્ત યંત્રોની ક્રિયાશક્તિ વધારવા પુરતો જ થયો છે. જુના વખતની બેલગાડી કે ઘોડાગાડીની ઝડપ વધારવાના પ્રયત્નને પરિણામે આજે મોટર કાર થઇ; પ્રવાસની ઝડપના બીજા માર્ગોમાં રેલવે અને ઍરોપ્લેન થયાં; રેંટિયામાંથી મિલો થઇ અને કરવત, ઘંટી, ગરેડી તથા સીંચણિયું, કોસ વગેરેનાં સ્થાન સૉ મિલ, ફ્લૉર મિલ, હૅન્ડ પમ્પ, પવનચક્કી, ઑઇલ પમ્પ વગેરેએ લીધાં. તે વખતે એ બધાં ઓજારો કેટલાં બેડોળ, કેટલાં કદરૂપ અને કેટલાં કઠોરગર્જી છે તેનો કોઇએ વિચાર સુદ્ધાં કર્યો દેખાતો નથી. તે જ પ્રમાણે ગૃહઉદ્યોગોનું સ્થાન સંચાઓએ લીધા પછી બનાવટોમાંથી કલાની દેવી કેવી રીતે રીસાઇને ચાલી ગઇ તેનો રસિક અભ્યાસ પણ કોઇ કરતું દેખાતું નથી. સંચાકામ સામેની ઘણી ફરિયાદોમાં એક મહત્ત્વની ફરિયાદ એ ઉમેરી શકાય કે તેનાથી ઉત્પાદન બેડોળ બન્યાં છે, અને ઉત્પાદકો રાક્ષસથી યે વધારે બિહામણા અને ભયંકર દેખાય છે.

વસ્તુતાએ એક યંત્ર કે ઓજારને, તે આપતું હોય તેના કરતાં વધારે કામ આપી શકે તેવું બનાવવું એ જેમ એક પ્રગતિ છે, તેમજ એ યંત્ર કે ઓજાર હોય તેના કરતાં તે વધારે સુંદર લાગે તેવું બનાવવું એ પણ એક વિકાસ જ છે. પણ મોટા વર્ગને આ ખ્યાલ આવતો નથી.

પરંતુ દેશમાં રેડાતા જતા નવજીવનની પ્રેરણા-





ઓએ અનેકને અનેક માર્ગે વાળ્યા છે. અને મિલના ઘોંઘાટ, બદસૂરતી, નિષ્પ્રાણતા અને કલાહીનતાનું સ્થાન રેંટિયાને સુપ્રત કરવાના યત્નો થઈ રહ્યા છે. કલાની દૃષ્ટિએ આ ફેરફાર ઉચિત છે.

મહાત્માજીએ રેંટિયાનો સંદેશ આપ્યો, અને તે ઝીલવાનું મોજું આવ્યું તે કાલમાં અનેક નવાનવા પ્રકારના રેંટિયા ઉત્પન્ન થયા હતા. તેમાંના ઘણા તો સુતર કાંતવાની સુતરતા વધારવા માટે અને કેટલાક સુતરનો જથ્થો વધારવા માટે હતા. અને જો રેંટિયાની ફૅશન વધારે ચાલી હોત તો જુના રેંટિયામાં જ થોડા વખતમાં સ્પિન્ડલ, ઍંજિન વગેરે દર્શન આપત. મારા એક ઓળખાતા મિત્રને ત્યાં તો એક સાદું એન્જીન નાનાં બાળકોને રમાડવા માટે હતું તે આ મોજાંના જુવાળના દિવસોમાં એનાથી ત્રાક ફરશે કે નહિ તેની વિચારણા ચલાવી રહ્યા હતા.

પરંતુ રેંટિયાના આ બધા ફેરફારો ઊંધા માર્ગના હતા. રેંટિયામાં અનેક સુધારણાને અવકાશ છે એવું ભાવનગરના પ્રખ્યાત શ્રી યશવંતપ્રસાદના એકાકી પુત્ર વિદ્યુતપ્રસાદે હવે સિદ્ધ કર્યું છે. એક વખત મહાત્મા ગાંધીજીને બતાવવા માટે તેમણે અનેક જુદાજુદા પ્રકારના રેંટિયાઓ તૈયાર કર્યા હતા.

પણ તેમની ખુબી એ નથી. તેમની ખુબી એ છે કે ગમે તે ગોળાકાર કે અર્ધ ગોળાકાર વસ્તુ ઉપરથી તે રેંટિયો બનાવી શકે છે. લગ્નમાં ભેટ આપવા માટે તેમણે એક રૂપાનો રેંટિયો બનાવ્યો હતો, તેમાં મૂળ ચક્ર ૐકારનું હતું. તેમનો એક સુધારો એ છે કે, છુટાં પાટિયાં ઉપર દોરી લગાડીને ચક્ર બનતું તે તેમણે પૈડા જેવું બનાવ્યું. આ ચક્રને બને તેટલું મોટું બનાવી ત્રાકને બને તેટલી ઝીણી કરી કાંતવા માટે વપરાતી વધારે શક્તિનો વ્યય બચાવ્યો.

છતાં આ પ્રકારના રેંટિયાઓ પુષ્કળ જગ્યા રોકતા અને બહુ જ ભારે હતા. તે ઉપરથી તેમણે ફોલ્ડિંગ રેંટિયા બનાવ્યા છે;— એવા કે છ ઇંચની કે નવ ઈંચની પેટીમાં ગોઠવાઇ જાય અને એ આખી પેટી જ રેંટિયાના જુદાજુદા ભાગો તરીકે ઉપયોગમાં આવે!

તેમણે બનાવેલા રેંટિયામાં છેલ્લા બે બહુ આકર્ષક છે. એક રેંટિયામાં ચક્રને બદલે સૂર્ય છે. તેનાં કિરણોના આકાર ઉપર માળ રહે છે અને નીચે ચાલતા સર્પની પુંછડીની વચ્ચે ત્રાક ગોઠવાય છે.

બીજો રેંટિયો પ્રણવનો છે. તેમાંના ચક્રની વચ્ચે ૐ છે, અને તેની વચ્ચે હિંદુસ્તાનની આકૃતિ છે તથા હિંદના હૃદયને સ્થાને મહાત્માજીની છબી છે. આમાં ખુબી એ છે કે રેંટિયો સ્થિર હોય ત્યારે પણ ૐ સીધો જ રહે છે; ૐ થતો નથી. તે જ પ્રમાણે મહાત્માજીની છબીનું મુખ પણ સીધું જ રહે છે. ચક્ર ગમે તેમ ફરે છતાં તેની સ્થિતિ જેવી ને તેવી જ અચલ રહે છે.

આ બંને રેંટિયામાં યંત્રશાસ્ત્રની દૃષ્ટિએ ઘણી ખુબીઓ હોવા છતાં તે તેમના રેંટિયાઓમાં સામાન્ય કોટિના છે. આ બંનેથી સંતુષ્ટ ન થતાં મયૂર અને સર્પના યુદ્ધમાં રેંટિયાનો અવકાશ છે એમ તેમને લાગ્યું અને તેમનો છેલ્લો રેંટિયો તે એ છે.

તેમાં એક મોર સર્પ ઉપર ઉભો છે. સર્પની પુંછડીના તરવરાટમાં ત્રાક રહી શકે છે અને મોરની કલા એ ચક્ર બની જાય છે. અફસોસ કે જ્યારે આ મૂર્તિઓનો રેંટિયા તરીકે ઉપયોગ થાય છે ત્યારે બીચારા મોરની ગરદન મરડવી પડે છે. રેંટિયાની ધરી એ ચક્રના મધ્યબિંદુમાં હોય પણ મોરની કલાના મધ્યબિંદુમાં મોરની ગરદન આવતી નથી. આ અને આવા અનેક યંત્રશાસ્ત્રોના પ્રશ્નના આ રેંટિયામાં

(અનુસંધાન સામેના પાનાના પહેલા કૉલમને છેડે)

હસ્તલિખિત માસિકો

આજ કાલ હસ્તલિખિત માસિકો કાઢવાની ફૅશન થઇ પડી છે.

બધી પ્રવૃત્તિઓમાં થોડો ફાયદો અને થોડું નુકસાન હોય છે.

પ્રવૃત્તિ જ્યારે મર્યાદામાં રહે ત્યારે એથી ફાયદો થાય છે; જ્યારે મર્યાદા છોડે ત્યારે નુકસાન થાય છે.

હસ્તલિખિત માસિકોએ હવે મર્યાદા છોડી છે એમ મને લાગે છે. જેટલી સંખ્યામાં એ માસિકો નીકળે છે, જેટલો સમય અને પૈસા એની પાછળ વિદ્યાર્થીઓ ખર્ચે છે એ વધારેપડતો થાય છે, અને તેથી વિદ્યાર્થીઓ કેટલો લાભ ઉઠાવે છે તેની શંકા છે.

છતાં એમાંથી તમને પરાણે રોકવા નથી ઇચ્છતો. એમાં હું તમને પરાણે જોડું પણ નહિ.

પણ આવા પ્રકારનું લખવાની હોંશથી તમે કેવી રીતે લાભ ઉઠાવી શકો તે વિષે મારા વિચારો કહું:

(૧) તમે કોઇ પાસે લેખોની ભીખ માગો નહિ, પણ લેખ આપી શકે એવા તમને જે લોકો લાગતા હોય તેમની જોડે વાર્તાલાપ કરો અથવા એ કોઇ સાથે વાર્તાલાપ કરતા હોય તે વખતે તમે સાંભળવા બેસો.

એવા વાર્તાલાપમાંથી તમને કાંઇ નોંધી લેવા જેવું લાગે તો નોંધી લ્યો. તમારી નોંધ એમને બતાવી એમની પાસે સુધરાવી લ્યો. એ નોંધ તમારા માસિકમાં સુંદર અક્ષરે લખો.

(૨) તમે જો તમારૂં જ્ઞાન અને અભ્યાસ વધારવાની દૃષ્ટિએ આવું માસિક કાઢતા હશો તો સંપાદક થવા ઉપરાંત તમે બહુ વાંચવાવાળા પણ હશો એમ હું માનું છું. તમારા વાંચવામાં એવાં પુસ્તકો આવતાં હશે કે જે તમને વારંવાર વાંચવા જેવાં લાગે, તમારા મિત્રોને વાંચવા આપવા જેવાં લાગે, જે કઠણ હોવાથી કાળજીથી વાંચવા જેવાં લાગે.

આવાં પુસ્તકોનો અભ્યાસ કરી, તેનું દોહન કરી તમારા માસિકમાં આપો. તે એવી રીતે કે એ પુસ્તક વાંચી જવાની તમારા માસિકના વાચકોને પણ ઇચ્છા થાય.

(૩) એક જ વિષય ઉપર બેચાર પુસ્તકો તમારા જાણવામાં આવે તો એ બધાંને વાંચી, એ બધાં ઉપરથી એ વિષય ઉપર તમારો જે અભિપ્રાય બંધાતો હોય તે વિષય ઉપર તમારા માસિકમાં સ્પષ્ટ લેખો આપો.

આ રીતે તમે કરો અને જે મિત્રમંડળ કે સંસ્થા એ માસિક ચલાવવા આગ્રહ રાખતું હોય તેના સભ્યો પણ કરે. એ માસિકને શણગારવાને તમે ભલે યોગ્ય પ્રયત્ન કરો.

આમ કરવાથી,

(૧) તમે માત્ર બીજાના લેખો ઉતારનારા મજુર નહિ રહો; તમારે લેખો માટે કોઇની ખુશામત કરવી નહિ પડે.

(૨) તમે બીજેથી વિચારો ગ્રહણ કર્યા હશે તો યે એમાં તમારી પોતાની છાપ આવશે—એને નોંધવામાં, એની પસંદગીમાં, એને વિષે નિર્ણય કરવામાં.

(૩) આવું માસિક જ સાચા અર્થમાં તમારૂં પોતાનું માસિક હશે. કારણ, તમારા મંડળ બહારનો કોઇ એમાં લખી શકશે નહિ. વાર્તાલાપ નોંધનાર એમાં શ્રોતા તરીકે પોતાનું નામ મુકે, પુસ્તકનો સાર આપનાર દોહનાર તરીકે મુકે, અભિપ્રાય બાંધનાર સમાલોચક તરીકે મુકે અને સ્વતંત્ર લેખ આપનાર લેખક તરીકે મુકે. એ બધું યે તમારૂં જ.

મારા વિચારો ઠીક લાગે છે?

કિશોરલાલ ઘ. મશરૂવાળા

(સત્યાગ્રહાશ્રમમાં નીકળેલા એક નવા માસિકના સંપાદકે કરેલી માગણી ઉપરથી આપેલા વિચારો.)

ફ્રાન્સની એક બૅંક પોતાના ગ્રાહકને એવી ઘડિયાળો આપે છે કે જેને ચાવી દેવાને માટે અંદર રૂપાનો અમુક સિક્કો નાખવો પડે. આવી રીતે ચાવી દેવાથી આ ઘડિયાળો સેવિંગ બૅંકનું કામ કરે છે. પછી બૅંક આ ઘડિયાળના ડબામાંથી પૈસા કાઢી લઈ ગ્રાહકના ખાતામાં જમા કરે છે. કરકસર કરવાની કેવી ચતુરાઇ!

દુનિયાના લગભગ નવ-દશાંશ જેટલા રોગોનું મુળ

કબજિયાત

અને તે અટકાવવાનો વ્યવહારૂ ઉપાય: ખોરાક બદલો

આધુનિક સમયમાં ઘણા નવા રોગો ઉત્પન્ન થયા છે. તેમાંના કેટલાકે હમણાંહમણાં એટલું બધું વ્યાપક સ્વરૂપ પકડયું છે કે તેને પહોંચી વળવું મુશ્કેલ લાગવા માંડયું છે. જુના રોગોનો પણ રાફડો ફાટયો હોય એમ લાગે છે. તેમાંનો એક રોગ 'કબજિયાત' છે. ખરેખર, આ રોગ મનુષ્યજાત જેટલો જુનો છે. પણ સુધરેલી દુનિયામાં તેના દર્દીઓ ઘણા જ વધી પડયા છે. સેંકડે ૯૦થી વધારે માણસો આ રોગથી આજારી હશે. હાલના યાંત્રિક સમયના આર્થિક જીવનસંગ્રામમાં કેટલાકને જોઇએ તેના કરતાં વધુ ખોરાક મળે છે; જ્યારે બીજાઓને એ ટંક પેટ પુરતું અનાજ પણ મળી શકતું નથી. પરિણામ એ આવ્યું છે કે પૈસાદાર તેમજ ગરીબ બંને વર્ગ એ કબજિયાતના રોગથી પીડાય છે, અને દિવસેદિવસે આવા દર્દીઓની સંખ્યા વધતી જાય છે.

ઉપરથી જોતાં આપણને એમ લાગે છે કે લોકોમાં અનેક અવનવા રોગો દહાડેદહાડે વધતા જાય છે, પણ આ બધા રોગોનું મૂળ કારણ એક જ હોય છે. 'દુનિયાના $\frac{9}{10}$ જેટલા રોગો પાચનશક્તિની અનિયમિતતાને લઇને ઉભા થયા છે' એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ખરેખર, કબજિયાત એ જ સર્વ રોગની જનેતા–મૂળ છે. હોજરી, આંતરડાં અને આખી અન્નનળી સાથે આપણી તંદુરસ્તીને ઘણો જ ગાઢો સંબંધ છે. આથી આ ભાગોમાં કંઇ ગરબડ થઇ એટલે આપણી તંદુરસ્તીમાં વિક્ષેપ પડવાનો જ. અન્નનળીના નીચેના ભાગમાં પાચન નહિ થએલો ખોરાક મળ રૂપે ભરાઇ રહે છે અને તે કોહવા માંડે છે. પરિણામ એ આવે છે કે તેમાંથી અસંખ્ય જીવાત ઉત્પન્ન થઇ આપણા લોહીને ઝેરી ને અશુદ્ધ કરી મુકે છે. આ ઝેર નાનીનાની લોહીની શિરાઓ વાટે આખા શરીરમાં પ્રસરે છે અને આપણી જીવનશક્તિને ઓછી કરે છે.

આ સ્થિતિમાંથી બચવા માટે ઘણી વખત લોકો પ્રસિદ્ધી પામેલી જુલાબની ગોળીઓનો અને દવાનો ઉપયોગ કરે છે. પણ આમાં તેઓ નિષ્ફળ થાય છે. એથી દુ:ખ ઓછું થવાને બદલે ઉલટું વધે છે, અને પૈસા વેડફાય છે. કેમકે જુલાબની દવા અને ગોળીઓથી હોજરી અને આંતરડામાં એક જાતની ઉતાવળી રસાયનિક ક્રિયા થવા માંડે છે, અને તેથી દર્દીને થોડો વખત રાહત મળે છે; પણ આ ઉતાવળી ક્રિયાને લઇને આખી અન્નનળીની શક્તિ એટલી બધી ઘટી જાય છે કે, પાછળથી તે અન્નપાચન માટે વધારે ને વધારે નકામી થતી જાય છે. પરિણામે લોકો વધારે જલદ જુલાબની ગોળીનો ઉપયોગ કરે છે; પરંતુ ફરીથી પણ પરિણામ એ જ આવીને ઉભું રહે છે અને કબજિયાત બરોબર ઘર કરે છે. આ પ્રમાણે થોડો વખત ચાલ્યા કરે છે, અને જો કુદરતી ઇલાજો લેવામાં આવે નહિ તો ભયંકર વ્યાધિ આવી પડે છે. એકાદ બે દિવસના ઉપવાસથી દર્દીને ઘણી રાહત મળી શકે, પણ હમેશ અને જાથુકની રાહત તો ખોરાકના સુધારાથી જ મળી શકે. એટલે કયાકયા ખોરાકો કેવી રીતે લેવાથી કબજિયાત મટી શકે અથવા ઓછી થઇ શકે એનો આપણે અહીં વિચાર કરીશું.

આ બાબતમાં પહેલો સિદ્ધાંત તો એ જ છે કે ખોરાક બને તેટલો કુદરતી ને સાદો લેવો. આથી શરીરનો મળત્યાગ જલદી થાય છે. ખાસ કરીને તીખા અને તમતમાટવાળા ખોરાક પાચનશક્તિને ઘટાડી મુકનાર હોય છે. આપણા દરેક ખાણામાં કંઇ ને કંઇ રાંધ્યા સિવાયનો કુદરતી ખોરાક લેવો જોઇએ. દાખલા તરીકે દુધ, દહીં, છાશ, કોઇ પણ જાતનાં ફળ અથવા ખાઇ શકાય તેવાં કંદમૂળ—મુળા, મોગરી, ડુંગળી ઇત્યાદિ. આથી આપણા રાંધેલા ખોરાકમાં જે અપૂર્ણતાઓ હોય છે તે પુરી થઇ ખાણું પૂર્ણ બને છે

અને પાચનક્રિયા સારી રીતે ચાલે છે. ખાસ કરીને જેઓને નિશાળો અથવા ઑફિસોમાં બેઠાડુ કામ કરવાનું હોય છે તેમનો શારીરિક શ્રમ ઘણો ઓછો હોય છે, અને તેથી તેઓનો ખોરાક પણ ઓછો થતો જાય છે. આપણી અન્નનળીમાં પાચન નહિ થતા પણ પાચનશક્તિને મદદકર્તા, ખોરાકના રેસાઓની ખાસ આવશ્યકતા હોય છે. પણ ઓછા થતા ખોરાકમાંથી તે પુરેપુરા મળી શકતા ન હોવાથી આંતરડામાંનો મળ જલદી પસાર થતો નથી. આથી આવા રેસાઓવાળો ખોરાક ઉપર જણાવ્યા પ્રમાણે લીધો હોય તો કબજિયાત ઘણી ઘટી જાય છે.

દરેક પ્રાણીને તેના ખોરાકને માફક આવે એવી અને એટલી મોટી અન્નનળી હોય છે. ઘાસ ઉપર રહેતાં ગાય, બળદ, ઘોડા જેવાં પ્રાણીઓની અન્નનળી ઘણા મોટા કદની હોય છે; જ્યારે માંસાહારી બિલાડી, વાઘ, વરૂ વગેરેનાં આંતરડાં પ્રમાણમાં નાનાં હોય છે. એમ કહેવાય છે કે બિલાડીને એક ઉંદરડા ઉપર પણ કબજિયાત રહેતી નથી. આપણી મનુષ્યજાત આ બે જાતની વચ્ચે આવે છે. ગાયભેંસના ખોરાકમાં આવતા સાંઠાઓમાં રેસા ઘણા મોટા પ્રમાણમાં હોય છે, તેથી અન્નનળીમાં જોઇએ તેટલું કદ થઈ ઝાડો ધક્કેલાઇને સાફ આવે છે. આપણે પણ આપણા ખોરાકમાં આવા ઝાડાને ધક્કેલવામાં ઉપયોગી રેસાઓનું જોઈતું પ્રમાણ રાખીએ, તો કબજિયાત બનતી ત્વરાએ ઓછી થાય. જો આમ કરવામાં આવે નહિ તો ઉપર કહ્યું તે પ્રમાણે આંતરડામાં મળ ભરાઇ રહે છે અને તેની દુર્ગંધમાંથી જુદાંજુદાં ઝેરો ઉત્પન્ન થાય છે.

જો આ સિદ્ધાંત આપણે ગળે ઉતરે તો માલુમ પડશે કે હાલનો જનસમાજ ઘઉંના મેંદાનો ઉપયોગ કરે છે તેથી પારાવાર નુકસાન થાય છે. આખા ઘઉંનાં છોડાંમાં પાચનશક્તિ માટે રેસાઓ પુરતા પ્રમાણમાં હોય છે, પરંતુ આપણા અજ્ઞાનને લીધે સમાજના ગાડરિયા પ્રવાહમાં તણાઇને આપણે ઝીણામાં ઝીણી ચાળણીથી આપણો લોટ ચાળીને આ ઉપયોગી તત્ત્વને ફેંકી દઇએ છીએ. કબજિયાતવાળા દર્દીઓએ તો આ ઘઉંની થુલીનો ખુબ ઉપયોગ કરવો જોઇએ. એથી એમની સ્થિતિમાં તેઓ એકદમ સુધારો થએલો જોઇ શકશે. લીલી શાકભાજી—ખાસ કરીને પાંદડાંવાળી ભાજીમાં પણ આ રેસાઓ અને પ્રજીવનકો પુષ્કળ પ્રમાણમાં હોય છે. આથી આવા ખોરાકને ખાસ મહત્ત્વ અપાવું જોઇએ. કબજિયાતવાળા દર્દીના ખોરાકનો મોટો ભાગ ઘઉંની થુલી તથા આવી ભાજીનો બનેલો હોય તો તેનો રોગ આપોઆપ મટી જવાનો પુરો સંભવ છે.

આ સંબંધમાં બીજો અતિ ઉપયોગી ખોરાક દુધ અને તેમાંથી બનતા પદાર્થોનો છે. દુધમાં રહેલા પુરતા પાણીને લઇને કબજિયાત ઘણી ઓછી થાય છે. વળી તેમાં રહેલી ખાંડ પણ આ રોગને ઘટાડવામાં ખાસ મદદકર્તા થઇ પડે છે. દહીં અથવા તાજી છાશમાં 'લેક્ટિક એસિડ' હોવાથી તે અન્નનળીને ધોઇને સાફ રાખવામાં ઘણાં કામમાં આવે છે. તેનાથી આંતરડાંમાં તબિયતને તંદુરસ્ત રાખનારા લાખો જંતુ પેદા થાય છે, અને મળમાંથી ઉત્પન્ન થતા તથા જીવનશક્તિને ઘટાડનારા જંતુઓનો નાશ થાય છે. યૂરોપમાં બલ્ગેરિયાના રહેવાસીઓ સૌથી લાંબું આયુષ્ય ભોગવે છે. તેઓ તેમના ખોરાકમાં હમેશ પોતાની રીત પ્રમાણે તૈયાર કરેલું દહીં અથવા છાશ વાપરે છે. આપણા જ ગામડાનો ખેડુત તથા બીજો ગરીબ વર્ગ શરીર–સ્વાસ્થ્યમાં શહેરીઓ કરતાં આગળ હોય છે એ આપણે નજરે જોઇએ છીએ. આ બધા ઉપરથી ધડો લઇ આપણે આપણા ખોરાકમાં દહીં, છાશ ઇ૦નો ઠીકઠીક ઉપયોગ કરવો જોઇએ.

આ બધી બાબતમાં લીંબુનો રસ ખાસ ધ્યાન ખેંચે તેવો છે. તેમાં એક જાતનો કીમતી આમ્લરસ હોઈ કબજિયાત ઘટાડવામાં એ ઘણી મદદ કરે છે. વળી, તેમાં લોહનું પ્રમાણ પણ સારૂં હોવાથી લોહીમાં તેનો વધારો થઇ તે શુદ્ધ બને છે, અને તેનાથી પાચનશક્તિ પર પણ સારી અસર થવા પામે છે. વળી લીંબુના રસથી ખોરાકનો સ્વાદ પણ સારો થાય છે, ખોરાક થુંક સાથે જલદી ભળી જાય છે અને પરિણામે ખોરાક પાચન થઇ લોહી ભેગો મળી જાય છે. ટમેટાંનો રસ પણ કંઈક આવા જ પ્રકારનો છે. તાજાં તેમજ સુકાં ફળ જેવાં કે નારંગી, મોસંબી, દ્રાક્ષ, ખારેક, અંજીર ઇ૦માં રહેલો આમ્લરસવાળો ઍસિડ અને ખાંડ પણ કબજિયાતને ઘણી ઘટાડી મુકે છે.

ભાત રાંધવામાં પણ ખાસ કાળજી રાખવી જોઇએ. ઘણા લોકો ભાતને ઓસાવી નાખે છે. આ ઓસામણમાં કીમતી પોષક તત્ત્વો અને ક્ષારો જતા રહે છે. એકલા ભાતમાંથી સંપૂર્ણ પોષણ મળી શકતું નથી, તેથી તેની સાથે દુધ, દહીં કે લીલી શાકભાજી વાપરવાની ખાસ જરૂર છે. ભાતની મોળી ક્ષીર (ખીર) પચવામાં ઘણી હલકી પડે છે. કારણકે દુધની સાથે ભાત ઘણી સહેલાઇથી પચી જાય છે.

પાણી પીવાની અગત્ય વિષે પણ થોડું જાણવું જરૂરનું છે. ઘણા લોકો—ખાસ કરીને શિક્ષક તથા ઑફિસમાં બેસીને કામ કરતો વર્ગ ઘણું ઓછું પાણી પીએ છે, ને પરિણામે કબજિયાત ભોગવે છે. પાણીને તો પાચનશક્તિ સાથે ઘણો મેળ છે. છુટથી પાણી પીવાને લીધે પેટ તથા આંતરડાં પાણીથી તરબોળ થાય છે અને મળનો જલદી છુટકારો થવા પામે છે. આપણી જુની કહેવત 'અજીર્ણે વારિ ભેષજં' (અજીર્ણ હોય ત્યારે છુટથી પાણી પીઓ)માં ઘણું તાત્પર્ય સમાએલું છે. આ એક પ્રકારનું આંતરસ્નાન છે. અને તે બાહ્યસ્નાન કરતાં પણ વધારે મહત્ત્વનું છે. આપણા શરીર ઉપર થોડો મેલ ચડ્યો હોય તો આપણને સુગ આવે છે, પણ જીવનશક્તિને ટકાવી રાખનારા આપણા અંદરના અવયવો મળથી ભરાઈ ગયા હોય તોપણ આપણે તેમને ધોવા કંઇ ઈલાજ લેતા નથી એ ખરેખર દુ:ખદ સ્થિતિ છે. થોડા દિવસ સવારમાં ગરમ પાણીનું આ આંતરસ્નાન લીધું હોય તો શરીરને ઘણો ફાયદો કરે છે. દાતણપાણી કરી રહ્યા પછી ઉના પાણીનો એક મોટો પ્યાલો પીવાથી પાચનશક્તિ સુધરી ભુખ લાગવા માંડે છે.

જો કોઇ પોતાની તંદુરસ્તીનો અભ્યાસ કરી ઉપર પ્રમાણે ઘટતા ઉપાયો લઇ પોતાનો ખોરાક બદલે તો તેની કબજિયાત આપોઆપ દુર થવા માંડે, એ વિષે શંકા નથી. **ચુનીભાઇ ધ. પટેલ**

અણીની પળ

સંવત ૧૯૮૩ની સાલના વૈશાખ સુદી ચૌદશની સંધ્યા હતી. પશ્ચિમાકાશમાં 'સાપ ગયા અને લીસોટા રહ્યા'ની પેઠે સવિતાનારાયણ અસ્ત થયા છતાં સંધ્યાના વિધવિધ રંગો હજી કાયમ હતા.

ઘણા દિવસના મામાના વિયોગ પછી અમદાવાદમાં મૅટ્રિકની પરીક્ષા આપી, હું તેમને મળવા આણંદ સ્ટેશને ઉતર્યો. ટિકિટ આપી સ્ટેશનના કમ્પાઉન્ડ બહાર નીકળ્યો ત્યાં બેત્રણ ઘોડાગાડીઓ ઉભી હતી. ઘોડાગાડીમાં બેસી જરા લ્હેર મારવાનો મને વિચાર થયો. મેં તે તરફ દૃષ્ટિ કરી. ગાડી હાંકનાર મારો વિચાર જાણી ગયો, અને 'આવી જાઓ, શેઠ! લીમડી ચોક બે આના'ની બુમ મારી. પણ તરત જ મને મારી અવસ્થાનું ભાન થયું. વિદ્યાર્થી અવસ્થામાં મોજશોખ કરવા એ જરા શરમભર્યું લાગ્યું. 'હું હજી યુવાન છું. શું અર્ધો ગાઉ ચાલતાં ચુંક આવે છે? પૈસા બહુ ઉછળી રહ્યા છે, કેમ?' અંતરમાંથી એવો એક અવાજ ઉઠતાં મેં ગાડીમાં બેસવું માંડી વાળ્યું.

તે દિવસે આણંદમાં પરગામથી કોઈ પાટીદારની જાન આવવાની હતી. વરરાજા તથા જાનૈયાને લેવા ગામમાંથી કેટલાંક ગાડાં અને બળદગાડીઓ આવ્યાં હતાં. તે બધાંની વચ્ચે થઇ હું ગામ તરફ આગળ વધ્યો.

આણંદમાં મોટા શહેરની માફક 'ફુટપાથ' નથી; મ્યુનિસિપાલિટીના કાયદા પ્રમાણે હું સડકની જમણી બાજુએ મેટ્રિકદેવીના વિચારવમળમાં ગોથાં ખાતો, હર્ષશોક મિશ્રિત લાગણી અનુભવતો ચાલ્યો જતો હતો.

જાનનાં ગાડાંમાં બળદોને ઘી પીવાનું મળે એટલે દરેક ગાડાને આગળ કાઢવા ચડસાચડસી બહુ હોય છે. તે પ્રમાણે એક પછી એક ગાડું મારી પાછળથી આવી આગળ થઈ જતું. હું ગાડાંથી બ્હીને છેક વાડમાં જ ચાલતો. પણ દૈવી સત્તા આગળ માનુષી વિચારબળ નકામું છે. તેમાં કોઇનું કાંઈ ચાલતું નથી. એક પળ પછી શું બનવાનું છે તેની કોને ખબર છે?

સડક પર હું અને મારી સાથે જાનનું એક ગાડું એમ બંને ગતિ કરી રહ્યાં હતાં. એવામાં એકાએક મારી પાછળથી એક બળદગાડી પૂર જોશથી દોડતી આવી. મેં ન સાંભળી ગાડી હાંકનારની બુમ, કે ન સાંભળી બળદની ઘંટડીઓ. હું વાડમાં ચાલતો હતો એટલે મારા મનને તો હું તદ્દન નિર્ભય હતો. તે ગાડીના એક બળદની હડફેટે હું ચડ્યો, અને જમીન પર ઉંધો પડવાને બદલે ચત્તો પટકાઇ પડ્યો. બળદ ભડકયા, અને મારા ઉપર થઇને કુદી ગયા. મેં ઉઠવા માટે ઘણો પ્રયાસ કર્યો પણ ન ઉઠી શકયો. હું ગભ-

રાયો, મુંઝાયો; પણ કંઇ બોલું કે વિચાર કરૂં તે પહેલાં તો મારા પેટ પર ગાડીનું પૈડું આંચકો મારી ચડ્યું ને બીજી બાજુએ પડ્યું. આ બધું એક સેકન્ડમાં બની ગયું. મેટ્રિકરૂપ ચિન્તાદેવી તો મારી પાસેથી ક્યાં ય નાસી ગયાં, અને ત્રણ મિનિટ શ્વાસ લેવાની મારી શક્તિને પણ તેમની સાથે લેતાં ગયાં! આ સમયે પણ મેં શુદ્ધિ બીલકુલ ખોઇ નહોતી.

ગાડીવાનના હૃદયમાં દયાનો છાંટો પણ નહોતો. ગાડીને ઉભી રાખી મને મદદ કરવાને બદલે એણે તો બળદને મારીમારીને વેગથી હાંકવા માંડ્યા. મેં પડ્યાં-પડ્યાં ગાડી તરફ દૃષ્ટિ નાખી. ગાડીમાં ગાડીવાન સાથે ફક્ત આઠ માણસો હતાં! એમાંના એકેનું હૃદય પીગળ્યું નહિ. ત્યારે જ મને સમજાયું કે પૃથ્વી પર હડહડતો કળિયુગ ચાલી રહ્યો છે. હું ગાડીવાન પર એવો તો ચીડાયો! પણ શું કરૂં?

છેવટે 'ઓહો! કાંઇ જ નથી થયું!' એમ બબડી હું, હતું તેટલું બળ એકઠું કરી ઉઠ્યો. મારા પર થઇ ગાડી પસાર થઇ ત્યારે માથું અને પગ તો જમીનથી અદ્ધર હતાં; હાથ માથા તરફ હતા. ફક્ત શરદનો કોટ જ બગડ્યો હતો, તે ખંખેરી નાખ્યો.

પણ હવે મને દર્દ જણાવા લાગ્યું. હું વધારે વાર ઉભો ન રહી શકવાથી પાછો નીચે બેસી ગયો. એટલી વારમાં તો મારી આસપાસ માણસોનું ટોળું એકઠું થઇ ગયું. એક સિપાઇ આગળ આવી મારૂં નામઠામ પુછવા લાગ્યો. શું અત્યારે ફરિયાદ કરવાનો વખત હતો? મેં કહ્યું, 'ભાઇ, મારે ફરિયાદ નથી કરવી. ખાતર પાછળ દીવેલ ગુમાવે એવો મૂર્ખો કોણ હોય?'

ટોળામાંથી અવાજ આવ્યો, 'કેવો ભલો છોકરો! અપકારનો બદલો પણ ઉપકાર!' મને આ શબ્દો વધારેપડતા લાગ્યા; કારણકે હું તો મારા સ્વાર્થની સાથે પરમાર્થ સાધતો હતો. 'ફરિયાદ કરી આ દશામાં ક્યાંક્યાં રખડીશ?' એ જ મારી બીક હતી. પોલિસે પ્રશ્ન પુછવા ચાલુ રાખ્યા. મેં મૌન ધારણ કર્યું. છેવટે તે થાકીને ચાલ્યો ગયો.

હજી જાનનાં કેટલાંક ગાડાં ધીમેધીમે આવતાં હતાં. મને જાનનો માણસ જાણી બધાએ ગાડામાં બેસવા કહ્યું. હું બેઠો. મને જુના વિચાર પ્રમાણે સહેજ શંકા ઉદ્દભવી કે હું ગાડીમાં ન બેઠો તેથી અપશુકન થયાં, અને ગાડામાં તો બેસવું જ પડ્યું!

ગાડાની ચાલથી મારા પેટમાં સખત દુઃખ થતું હતું, પણ તે સહન કર્યા વિના છુટકો જ નહોતો. 'આટલું થયું તો તેટલું વધારે. કંઈ થવાનું નથી.'

મામાના ઘરથી થોડે દૂર જાનનો ઉતારો હતો. ગાડું ઉભું રાખ્યું. હું ઉતરીને મામાને ઘેર ગયો. બૅગ મુકી, કોટ ટોપી ઉતારી એક ઢાળેલા ખાટલા પર આરામ લેવા આડો પડ્યો.

વાયુવેગે આ વાત ગામમાં પ્રસરી. સગાં, સ્નેહી અને પાડપાડોશી એકત્ર થઇ ગયાં. મેં મૌન ધારણ કરેલું. કેટલાંક ગભરાટથી આમતેમ ફરતાં હતાં, કેટલાંક ધ્રૂજતાં હતાં અને કેટલાંકના ચક્ષુસરોવરમાં અશ્રુકમલ તરતાં હતાં! તેઓ મને સાન્ત્વન આપે તેને બદલે મારે તેમને સાન્ત્વન આપવું પડ્યું!

એક વૈદ્યને બોલાવવામાં આવ્યો. તેણે શરીરની પરીક્ષા કરી કહ્યું કે 'કંઇ થયું નથી. હું દવા મોકલું છું.' તેના પર વિશ્વાસ ન પડવાથી મને ગાડામાં નાખી સ્ટેશન પર 'જ્હોન્સન'ના દવાખાનામાં લઈ જવામાં આવ્યો. તેણે સારી રીતે પરીક્ષા કરી આશ્ચર્ય સાથે કહ્યું, 'છોકરાને કાંઇ ઈજા થઇ નથી. ગાડી પેટ પર ફરી ગઇ કે નહિ તેની જ શંકા છે! કદાચ ફરી જવાનો ભ્રમ થયો હશે!'

હું મંદ હસ્યો. મારાં સગાંઓએ કહ્યું કે એણે અખાડાની તાલીમ લઈ એક વર્ષ સુધી સ્નાયુઓને કેળવ્યા છે એટલે એને વધારે ઇજા થઇ નથી. કેટલાકે કહ્યું, 'એ તો ઈશ્વરકૃપા. પ્રભુએ અદ્ધર પૈડું ઉચક્યું!' કેટલાકે કહ્યું, 'ગાડી પુર જોશમાં હોવાથી અને પેટ ભુખ્યું હોવાથી કંઇ ઇજા થઇ નહિ; નહિતર ભોગ જ મળત!' મને આ સર્વ સાચું લાગ્યું. ડૉકટરે ચોળવાની દવા આપી. અમે ઘર તરફ પાછા વળ્યા.

તે રાત્રિએ ફક્ત દુધ પીધું. પ્રભુકૃપાથી અને સ્નેહીઓની સારવારથી એક રાત્રિમાં જ આરામ થયો. બીજે દિવસે તો હું ગામમાં ફરવા લાગ્યો, અને સ્નેહીઓની ના છતાં તે સાંજે તો ગામથી પોણો માઇલ દૂર આવેલા જાગનાથ મહાદેવ સુધી ફરી આવ્યો!

આ મારી 'અણીની પળ'!* **'અનિશ્ચિત'**

(*એ નામની ગયા વર્ષમાં ખુલ્લી મુકેલી ઈનામી હરીફાઇમાં પહેલું ઇનામ જીતી જનાર કિસ્સો.)

પતંગપ્રદેશમાં



રેલવેના પાટેપાટે દૂર ને દૂર હું મારી સાંજની લટાર લેતો હતો. સાધો વટવાની ટેકરી સુધી ગયો હોઇશ એવામાં આકાશ વાદળાંથી છવાઇ ગયું. શિયાળાની ટાઢનો મારો તો ચાલુ જ હતો એમાં વળી પવન અત્યારે હદ છોડવાની તૈયારી કરતો હોય એમ લાગ્યું.

ધીમેધીમે પવનનો વેગ વધતો જ ગયો. આજુબાજુની રેતી, ધુળ ને ઝાડનાં સુકાં પાંદડાં હવામાં ઉડી સાનતાલી રમવા માંડ્યાં. બસ, નેત્રને સુરમો તથા નેત્રાંજન મળી ગયાં. જાણે કોઇ યોગીએ ધ્યાન માટે નેત્ર બંધ કર્યાં હોય તેમ મારો ચક્ષુદ્વારનો ઉલાળો વસાયો; પોપચાં એકમેકને ભેટ્યાં. આખું જગત મને કાળુંકાળું દેખાવા માંડ્યું. એટલામાં મારા માથા પરની ખાદીની ટોપીએ આકાશગમન કર્યું. આમ પ્રથમ મારી ટોપીએ મારો સાથ છોડ્યો. ધોતિયાને તો ગાંઠ વાળીને પહેરવાની ટેવ હતી એટલે તેના તરફનો મને સંપૂર્ણ વિશ્વાસ હતો. ખાદીનું પહેરણ લફરલફર ઉડી મારી પાંખો હોય એવું બની ગયું અને મને કદાચ આકાશમાર્ગે ભ્રમણ કરાવશે એવું લાગ્યું.

એટલામાં છેટેથી એક ભયંકર વંટોળિયાનો ગોટો ધસતો આવતો દેખાયો. એ ગોટામાં એકબે માણસો ઉડતાં હોય એવો પણ મને ભાસ થયો! મારૂં કાળજું ફાટવાની અણી ઉપર હતું છતાં ધીરજથી તેના ઉપર મેં જીત મેળવી. ધીમેધીમે એ વંટોળિયો મારી પાસે આવવા માંડ્યો.

ચારે બાજુ લશ્કરથી ઘેરાએલા કિલ્લા જેવી મારી સ્થિતિ થઈ. મેં રામ, કૃષ્ણ, બુદ્ધ, ક્રાઇસ્ટ ને મહંમદને સંભાર્યા અને તમામ ધર્મના દેવતાને જાહેર નોટીસ આપી કે હે દેવતાઓ! તમારામાંથી જેને વહેલી ફુરસદ મળે, જે નવરા હોય તે તરત મારી વહારે ધાજો. પણ કહેવત છે ને, કે પારકી આશ સદા નિરાશ! કોઇ ના આવ્યું. બીકનો માર્યો હું આમતેમ આશ્રય શોધવા લાગ્યો. અંતે હું એક પડી ગએલા ઝાડ ઉપર ચડી બેઠો.

પણ વંટોળિયો છોડે? એણે તો ધીમે રહીને ઝાડને પણ ઉંચું કર્યું, અને મેં તથા મારા એ ભાંગ્યાના ભેરૂ ઝાડે વિમાનની માફક આકાશ પ્રતિ ગમન કરવા માંડ્યું. આ વખતે શરીરનું અરધોઅરધ લોહી સુકાઈ જતું હોય એમ મને લાગ્યું. પણ શું કરૂં? એમાંથી છુટવાનો એકે ઉપાય નહોતો.

પણ આ દુઃખ કાંઈ મારે એકલાને નહોતું. એક મિયાંભાઇ ને એક યૂરોપિયન પણ આ વંટોળિયામાં મારા સોબતી થયા હતા. યૂરોપિયનને મેં સલામ કરી. તેણે રડતા સ્વરે 'Thank you' કહ્યું. મિયાંસાહેબને સલામ અલેકુમ કરતાં તેણે પણ ધ્રુજતેધ્રુજતે 'વાલેકુમ સલામ' કહ્યું.

અમને ત્રણ જણને લઇને વંટોળિયો તો ઉડ્યો. ઉડ્યો ઉડ્યો તે અસંખ્ય માઇલો સુધી. અંતે અમને એણે એક મેદાનમાં લાવી મુક્યા.

અમે ત્રણે બિરાદરો ભુખ્યાતરસ્યા પાણી અને ખોરાકની શોધમાં ચાલ્યા. સવારથી બપોરના ત્રણ સુધી ખુબ રખડ્યા. પણ કાંઇ પત્તો ન લાગ્યો. એવામાં અમને રેલવે ટ્રેનનો ધક્ ધક્ અવાજ સંભળાયો.

તપાસ કરતાં અમે ગાડીના પાટા તો શોધી કાઢ્યા. એવામાં એક જબરદસ્ત ટ્રેન જોઈ. તેનું વર્ણન તો થાય એમ જ નથી. એન્જીનના આગલા ભાગ ઉપર એક પતંગનો મોટો ચાડિયો બનાવીને ચોંટાડેલો હતો. તમામ ડબ્બા જુદાજુદા પતંગોથી ભરેલા હતા. ફક્ત ત્રણ ડબ્બામાં માણસો દીઠા. એ બધાયે ઉઘાડા માથાવાળા હતા. તેમણે લુંગી પહેરેલી હતી અને તેના ઉપર જુદીજુદી જાતના પતંગો અને



ફિરકીની ગાડીઓ પર બાંધી અમને દરબારમાં લઇ ગયા

તેમને ચડાવનારાઓનાં ચિત્રો દૃષ્ટિગોચર થતાં હતાં. ચાલતી ગાડી ઉપર પેલો યૂરોપિયન એકદમ છલંગ મારી ચડી ગયો, અને મને પણ ચોટલીથી પકડી ઉપર ચડાવી દીધો. અમે બંનેએ મિયાંભાઇને પણ ઉપર ચડાવવા પ્રયત્ન કર્યો. તેમની તુર્કી ટોપીનું છુંછું પકડીને તેમને ખેંચી લેવાનો વિચાર થયો, પરંતુ એને અમલમાં મુકતાં ફક્ત ટોપી જ ગાડીમાં આવી. અંતે મિયાભાઇને દિલગીરીપૂર્વક રઝળતા મુકી અમે બંને વગર ટિકિટે ગાડીમાં ચડી બેઠા.

સ્ટેશને ગાડી આવી એટલે અમે છાનામાના પાછળથી નાસી છુટયા.

એવામાં અમને પેલા મિયાભાઇ મળ્યા. તેમણે જણાવ્યું કે 'હું ગાડીના ફાનસમાં પેસી જઇને આવ્યો છું; કહેના મત.' ફરી બધા એકઠા થઇ જવાથી અમે ત્રણે જણ રાજીરાજી થઇ ગયા.

ઘણી ચર્ચા અને ઠરાવોને અંતે અમે ગાડાંનો રસ્તો લીધો. બરાબર સાંજે છ વાગ્યે એક વિશાળ કિલ્લેબંધ ગામની સીમાએ આવી પહોંચ્યા.

સાંજનાં ઢોર ચરીને આવતાં હતાં તે અમને જોતાંવેંત અમે કોઇ વિચિત્ર પ્રાણીઓ હોઇએ તેમ કુદવા લાગ્યાં.

એવામાં અમને ત્રણ ઘોડેસવારો ને એક ગાડી મળી. તેનું વર્ણન તો થઇ શકે જ નહિ. આ તો અમારે મન બીજી દુનિયા માલુમ પડી. એ ગાડીની અંદર તે ગામના રાજાસાહેબ બીરાજેલા હતા. જમણી બાજુએ દિવાન સાહેબે પોતાની બેઠક સંભાળી હતી. ડાબી બાજુએ લશ્કરી અમલદાર પણ હથિયારથી સજ્જ થઇ બેઠેલો હતો.

અમને દેખીને ગાડી ઉભી રહી. ગાડીની અંદર ત્રણેના મોટામોટા ખંડ હતા તેમાં બીછાનાં તેમજ ખાવાપીવાની પણ સગવડ હતી. અમને તો સવારોએ પકડીને એકદમ અંદર પુરી દીધા. અમે તો અંદરની વિધવિધ પ્રકારની વાનીઓ ચાખીચાખીને ખવાય તેટલું ખાધું. બરાબર ધરાયા.

બરાબર સાત વાગ્યે રાજાના મહેલમાં જ્યારે દરબાર ભરાએલો હતો ત્યારે અમને ફિરકીની ગાડીઓ ઉપર બાંધીને લશ્કરના લોકો લઇ ગયા.


અમે રસ્તામાં ઠેરઠેર ચોડેલાં જાહેરનામાં જોતા જતા હતા. એવામાં અમારા એક ગુજરાતી ભાઇ જે વીસ વર્ષ પહેલાં અમારી માફક જ અહીં આવી ચડેલા અને પકડાઈ ગએલા તે અમને મળ્યા. ભાંગીતુટી ગુજરાતીમાં અમને તેણે આ વિચિત્ર દેશ વિષે બધું સમજાવ્યું.

તપાસ કરતાં માલુમ પડયું કે આ દેશ પતંગભૂમિ કહેવાય છે. અહીંના લોકો સૌ ઉત્તરાયણને દહાડે પતંગના કાગળોનાં જ વસ્ત્ર પહેરે છે. જે કોઈ પતંગની વિરુદ્ધ જરા પણ બોલે તેને ગોળીબાર વડે મારી નાખવાનો પરવાનો રાજા તરફથી ગામના તમામ લોકોને આપવામાં આવેલો હોય છે.

આથી અમે અમારા ગુજરાતી ભાઇને પગે પડયા અને અહીં શી રીતે વર્તવું તે સમજાવવા એમને વિનંતિ કરવા લાગ્યા. અમે તો આ દેશના વર્ણનથી એટલા બધા ગભરાઈ ગયા હતા કે બીકના માર્યા મારી આંખે શ્રાવણ, મિયાની આંખે ભાદરવો અને યૂરોપિયનની આંખે ઑકટોબર વહેતો હતો !

આ ગુજરાતી અહીંનો એક સરકારી પ્રધાન હતો. રાજા તેનો નચાવ્યો નાચતો. એટલે તેણે કહ્યું કે તમારે કંઇ બોલવું નહિ. અહીંની ભાષા તમે જાણતા નથી એટલે હું બધું સમજાવીશ.

અમને હવે કાંઈક નિરાંત વળી. એટલામાં 'નવા મુસાફર કયાં છે?' એવા અર્થવાળો સાદ પડયો. પેલો ગુજરાતી ભાઇ અમારી પાસે આવી અમને રાજા પાસે લઇ ગયો. તેણે એવું સમજાવેલું કે આ


અમારી તહેનાતમાં ટેલર ને લચ્છી ભરેલા મોટા થાળ લાવવામાં આવ્યા

લોકો પતંગના હિમાયતી છે. તેમના રાજાએ એમને આપણા રાજ્યમાં પતંગનો ઉત્સવ જોવા મોકલ્યા છે. માટે આ તો આપણા મહેમાન થાય. તેમને જેટલું સુખ આપીએ, જેટલી સારવાર કરીએ તેટલું ઓછું.

બસ, અમને તો તરત પતંગના એકેક ઢગલા ઉપર આસન આપવામાં આવ્યાં ! રાજાએ ફરમાન કર્યું કે આ મહેમાનોને સારી સગવડ આપવી, અને આપણું આખું શહેર તેમને બતાવવું. ગામનો કોટવાળ, લશ્કરી સેનાપતિ અને અમારા ગુજરાતી મિત્ર અમારા ત્રણની ત્રગડી સાથે ચાલ્યા. દરેક જણ ફિરકાં પર સવાર થયો. મિશન ટેલરનાં પૈડાં બનાવેલાં. લચ્છીની લગામ અમારા હાથમાં સોંપી. આમ અમારું સરઘસ નગરચર્યા જોવા નીકળ્યું. એવામાં ઉગમણો દરવાજો આવ્યો. બહાર પોલીસો પહેરો ભરતા હતા. હારબંધ બબ્બે લાઈનમાં પતંગોની દુકાનો હતી. દરેક જણ બંગાળી વજનથી પતંગ ખરીદતો. સરકારી કાયદો હતો કે ગમે તેવો ગરીબ માણસ હોય છતાં તેણે ઓછામાં ઓછા દસ ટન પતંગ તો ખરીદવા જ જોઇએ; નહિતો તેનો શિરચ્છેદ થાય ! અમે તો રાજાના મહેમાન હોવાથી એ કાયદાથી મુક્ત હતા.

પતંગો ખરીદવામાં પણ વિભાગ પડેલા હતા. ફુદ્દી, ઘેંસિયો, માંગદાર અને અડદિયો બ્રાહ્મણો ખરીદતા. પાવલો, આંખો, ચાપટ અને ચાંદદાર વૈશ્યોને માટે મુકરર કર્યા હતા. શીંગોડાદાર, ચોકડીદાર તથા પટાદાર શુદ્રો વાપરતા. ભીમસેન, બીબી અને ખુણાદાર ઉચ્ચ કુટુંબો, રાજાના ભાયાતો તથા ઉમરાવ વર્ગને માટે નક્કી હતા. ગુલ્લાદાર, આંખોદાર, રંગીન આંખો, ચાડિયો અને માથાદાર ફક્ત રાજા અને તેનું કુટુંબ વાપરતું. પાવલો, ચાપટ અને બીબી રાંડેલી સ્ત્રીઓ, ડોશીઓ તથા ગાંડાના ગવારા માટે સાર્વજનિક હતા. આમ આખું ગામ પતંગ, પતંગ અને પતંગમય ભાસતું.

ઉત્તરાયણના દિવસે અગાશી ઉપરથી કોઇને પણ નીચે ઉતરવાની મનાઇ હતી. ઉતરે તો માથું કપાવવું પડે.

અમે આખું બજાર જોઇ લીધું. ફરતાફરતા પછી બાગમાં ગયા. ત્યાં કેટલાક ઘરડાઓને મોઢે આ દેશની જુના વખતની વાતો સાંભળીને તો અમે તાજુબ (તાબુત નહિ) થઈ ગયા !

રાત્રે બાર વાગ્યે અમારા ગેસ્ટરૂમમાં ત્રણ થાળ આવ્યા. તે ઘણા મોટા હતા. દરેકમાં ૧૦૦ ગ્રોસ મિશન ટેલર મુકેલાં; અને લચ્છા તો જુદા. ઉપરાંત, જણ દીઠ સવા એકાવન ગાડાં પતંગો આપવામાં આવ્યા.

બીજા ત્રણ થાળમાં વળી મીઠાઇ તથા બબ્બે મોટા લાડુના આકારનાં દોરનાં પીલ્લાં મુકેલાં હતાં. આ બધાનો ભેદ અમે અમારા ગુજરાતી મિત્રને પુછ્યો. તેણે જણાવ્યું કે આ બધું અમારે મન તો રીફ્રેશમેન્ટ અને વાળુ આપ્યું ગણાય.

'અરે, એ શું ?' મેં આશ્ચર્યથી પુછ્યું.

'વાળુ.'

'પણ આ ફિરકીઓ ને પતંગો ને ટેલરો વાળુમાં ગણાય ?'

'હાસ્તો. લાપનછાપન ના કરો; નહિતો માર્યા જશો.'

'અરે, પણ અમે આ પીલ્લાં તે શી રીતે ખાઇએ ?'

'એ તો રાખી મુકવાનાં. મીઠાઇ મીઠાઇ ખાઇ જવાની અને બીજું બધું તો અહીંના રિવાજ પ્રમાણે વિવેક કર્યો કહેવાય.' અમારા પેટમાં હવે ટાઢક વળી.

રાતના સાડા દસેક વાગ્યે અમને રાજાનાં માતુશ્રીએ બોલાવ્યા. સુખદુઃખની વાતો કરી અને જણાવ્યું કે, 'સાત સો વર્ષ ઉપર અમારા વડવાએ અહીંથી પતંગ ચડાવેલો તે ગલ્ફસ્ટ્રીમ વાટે થઇ છેક અમેરિકાના બંદરે એક સ્ટીમર ઉપર ખચકાયો ! પણ હવે

પહેલાંના જેટલા પતંગ નથી ઉડતા. હાય, હાય ! હળાહળ કળિયુગ આવી પહોંચ્યો ! અમારે ત્યાંનો જો કોઈ ઉત્તરાયણને દિન મરી જાય તો અમે પતંગ, ફિરકા અને ટેલરથી તેને બાળીએ. એનું ખર્ચ રાજ્ય આપે. આવો તો અમારો ધર્મ છે.'

મેં કહ્યું, 'વાહ ! સારો–બેશ ધરમ છે.' મિયા પણ ડોકું ધુણાવી બોલ્યા કે 'બડા અચ્છા મઝહબ હૈ.' સાહેબે પણ ટોપો ઉતારી કહ્યું કે, 'Best religion.'

પછી લગભગ બાર વાગ્યે અમે સુઈ ગયા. એ ગામમાં એવો રિવાજ હતો કે દરેક માણસે ચાર વાગ્યે ઉઠવું જોઇએ. રાજાએ અમારી ખબર કઢાવી. અમે તો ઘોરતા'તા. એટલે પંદરપચ્ચીસ ત્રાંસાંનગારાં વગાડી અમને જગાડ્યા. 'કેમ ભાઇ, આમ ?' મેં પુછ્યું.

ત્યારે વગાડનારે કહ્યું કે 'અમારાથી મહેમાનને ઢંઢોળાય નહિ, માટે અમે વાજાં વગાડ્યાં.'

સવારના ચારથી તે છેક બપોરના બાર સુધી ભુખ્યા ને તરસ્યા રાજમહેલની અગાશી ઉપરથી અમે ખુબ પતંગ ચડાવ્યા.


આખું શહેર કોઈ ઓર જ રંગમાં લાગતું. કોઇ લોકો લપટાવતા, તો કોઈ ઉપરથી તો વળી કોઇ નીચેથી પેચ લઇને કાપતા. રાજા જ ફક્ત ખેંચીને કાપતા હતા. તે વખતે સામાવાળા ઢીલ મુકતા; પણ વખત આવ્યે તે પણ કાપી નાખતા.

એવામાં અમે શહેરમાં ગોળીબાર થતો સાંભળ્યો. બારીક તપાસ કરતાં માલમ પડ્યું કે કેટલાક જુવાનિયાઓએ સરકારી નોકરોની દોરી પકડેલી. આથી સરકારી અમલદારોએ છુટ્ટા દટ્ટા માર્યા. કમાનો અને કિન્નાઓથી રમખાણ વધ્યું, અને છેવટે ખુનામરકી ચાલી. લશ્કરની સારી વ્યવસ્થાને લીધે છ કલાકમાં બંડ શમી ગયું. ઘણાને ઉશ્કેરણી કરવાના શક ઉપર જેલમાં પુર્યા. તેમનો ન્યાય કરવા તે રાત્રે જ એક મોટી સભા ભરવામાં આવી અને ખાસ ન્યાયાધીશ નીમવાનો નિશ્ચય થયો.

રાજા સાહેબે હુકમ કર્યો કે પેલા ત્રણ પરદેશીઓને એ કામ સોંપો. અમારા ઉપર તવાઇ આવી. મને જજ નીમ્યો. મિંયાભાઇને અવ્વલ કારકુન તથા સાહેબને રાજ્યના બૅરિસ્ટર નીમવામાં આવ્યા. અમારી જગ્યાઓ ઘણી જ જોખમભરી હતી. મને ન્યાય માટે ઘણાની અરજીઓ મળેલી. હું તો હાવકો થઈ ખુરસી ઉપર બેઠોબેઠો કેસો તપાસતો હતો અને છેલ્લી અપીલોના જવાબની સૌ રાહ જોતા હતા. મારી સામેના સિંહાસન પર ખુદ રાજા બેઠેલા, અને આખો દરબાર ચિકાર ભરાઇ ગએલો હતો. બંને બાજુનો બરાબર વિચાર કરીને ન્યાય આપવાનું મારે માથે હતું. શું કરવું, શું નહિ તેની ભુલભુલામણીમાં હું ગુંચાયો હતો. જો ન્યાય કરતાં ન આવડે તો રાજા માથું કાપી નાખે એવી બીક હતી. હું તો રડુંરડું થઈ રહેલો; પણ કોને કહું ? હવે તો જે પડી તે સંભાળવાની હતી. છેવટે, 'નામદાર દરબાર સાહેબ તથા ભાયાતો, સરદારો, સુભટો, વડીલો અને સલાહકારો ! ઘણા વિચારને અંતે હું એવા નિશ્ચય ઉપર આવ્યો છું કે —' આમ ધ્રુજતી જીભે વાક્યની શરૂઆત કરતો હતો તેવામાં મને નોકરે ઢંઢોળ્યો કે 'ઉઠો ભાઇ ! દાતણ કરો, પાણી મુકું છું. અજવાળા પહેલાં સ્નાન કરી લો.'

વાંચક મિત્ર ! મારૂં સ્ટેઇટમેન્ટ આટલેથી અધુરૂં રાખીને આંખો ચોળતો હું હાથમાં બાવળનું દાતણ લઇ ઉત્તરાયણની સવારે પાંચ વાગ્યે મારા ઓટલા ઉપર બેસવા ચાલ્યો, અને હું આ દાતણ કરૂં છું એ સાચું છે કે થોડી વાર પહેલાં વડો ન્યાયાધીશ હતો એ સાચું છે તેના મહાન વિચારમાં ને વિચારમાં મેં પાંચ મિનિટમાં દાતણ ખલાસ કરી નાખ્યું. અત્યારે એમ લાગે છે કે એ બધું સ્વપ્નું જ હતું. અરેરે !

'અંબુ'



દુકાનદાર—શેઠ, આટલા દિવસથી રોજ ધક્કા ખાઈ એ ચોપડી શું જોયા કરો છો ? ખરીદી જ લ્યો ને; કીમત માત્ર દોઢ આનો છે !

શેઠ—પણ ભાઇ ! કાલથી કોણ આવવાનું છે ? આ છેલ્લું પાનું આજ પુરૂં થઇ જશે !

બા ળ વિ ભા ગ

ગુલાબ

કેટલાં યે વર્ષો પહેલાંની વાત છે. ભાઇબહેનની એક જોડ હતી. ભાઇની ઉમર સાત વર્ષની ને બહેનની ઉમર પાંચ વર્ષની. હેતનું તો પુછવું જ શું? રમતાં યે સાથે ને જમતાં યે સાથે; બેસતાં યે સાથે ને ઉઠતાં યે સાથે. એકને બીજા વગર ઘડી ન રહે. એમની સૃષ્ટિમાં સુખ અને આનંદ; હેત અને હાસ્ય: શોકના તો પડઘા યે ન પહોંચે!

આ શા

આભ મોટું પાંદરડું,
ઉપર ચળકે ચાંદરડું;
જાણે ઝાકળ મોતીડું:
હસતું, તગમગતું!
બ્હેન આ ઉંચેની વાત!
નીચેની પણ એવી વાત!

*

માનવ ઉર એ આભલડું,
ઉપર આશા ચાંદરડું;
જાણે ઝાકળ મોતીડું;
લસતું, ઝગમગતું!
મારૂં ઉર એ આભલડું,
ઉપર બ્હેની ચાંદરડું.

'મરાલ'

એવી એ બેલડીને એકબીજાથી જુદા પડવાનો વિધિલેખ હતો. સાત વર્ષ પુરાં થાય, આઠમા વર્ષનું પહેલું પ્રભાત પડે, ને બહેન આ દુનિયામાં ન હોય. ભાઈ એકલો ઝુરીઝુરીને આયુષ્ય પુરૂં કરે. આ ઇશ્વરી કોપ ઉતરવાને હવે માત્ર બે જ વરસની વાર હતી.

એટલો સમય તો વાત કરતાં વીતી ગયો. બહેનને આજે સાતમા વર્ષનો છેલ્લો દિવસ છે. કાલે સવારે તો ભાઇને હમેશને માટે એકલો મુકી એ ચાલી જવાની છે. પણ એ ગાઢ અંધકાર જેવા ભવિષ્યને ભેદી કોણ જોઇ શક્યું છે? ભાઇબહેન તો આનંદ કરે છે.

એવામાં ફુલનો વરસાદ થયો ને કોઇના હસવાનો ખડખડ અવાજ આવ્યો. ભાઇબહેન ઉંચે જુએ તો રંગબેરંગી વસ્ત્રો પહેરેલી પરીઓ આકાશમાં સડસડાટ ઉડી જાય છે.



ભાઇએ કુદીને ભાલાં ઉપર પડતું મુક્યું !

આમાંથી એક પરીની નજર એ દુર્ભાગી ભાઇબહેન ઉપર પડી, ને એણે એમના લલાટલેખ વાંચ્યા. બીજી પરીઓને એણે વાત કરી. પરીઓ કેવી દયાળુ હોય છે એ તો તમને ખબર જ હશે. ભાઇબહેનના દુ:ખની કથા જાણી બધીને ભારે ખેદ થયો.

પણ સૌથી મોટી પરી કહે, 'બહેનો, શોક ન

કરો. એ ભાઇબહેનને આપણે ભેગાં રાખશું. પણ તે પહેલાં ભાઇના હેતની કસોટી તો કરવી જ જોઇએ.'

આ સાંભળી બીજી પરીઓને ખુબ આનંદ થયો. સૌ કહે, 'ભલે. બહેનને માટે મરવાનું યે એ ભાઇને કબુલ છે. એનું હેત તો અજબ છે !'

ક્ક ક્ક

ભાઇબહેન ફરવા નીકળ્યાં છે. ફુલ ને છોડ સાથે રમતાંરમતાં એ તો દૂર ને દૂર ચાલ્યાં જ જાય છે. ઘેર જવાનું તો એકે ય ને સાંભરતું જ નથી. એવામાં એક અંધારૂં જંગલ આવ્યું, ને ભાઇબહેન ભુલાં પડી ગયાં. બંનેએ જુદીજુદી દિશામાં ચાલવા માંડયું. થોડી વાર થઇ ને ભાઇએ બહેનને બોલાવી, 'બહેન ! એ...બહેન !' પણ બહેન હોય તો બોલે ને ? બહેને ભાઇને સાદ કર્યો પણ જવાબ ક્યાંથી મળે ? બંનેના પેટમાં ફાળ પડી.

એકબીજાને શોધતાં એ તો ચાલ્યાં જાય છે. રાત પડી તો યે ઉભાં નથી રહેતાં.

આશામાં ને આશામાં એ કુમળાં ફુલ જેવાં બાળકોએ આખી રાત ચાલ્યા કર્યું. જાળાં ને ઝાંખરામાં ભરાઈ એમનાં કપડાં ફાટી ગયાં; કાંટા ને કાંકરા ઉપર ચાલીચાલી પગમાંથી તો લોહી નીકળ્યાં. ભુખ ને તરસ; થાક ને દુ:ખ : બાળકો તો રડુંરડું થઇ રહ્યાં છે.

સવાર પડવાને થોડી વાર હતી ત્યારે ભાઇએ બહેનને જોઈ. પણ જોતાં જ આનંદ થવાને બદલે એના અંતરમાં ધ્રાસકો પડ્યો. આંખમાંથી ટપટપ આંસુડાં ટપકવા લાગ્યાં. કલ્પી પણ ન શકાય એવા ભારે સંકટમાં બહેન આવી પડી હતી.

જમીન ઉપર એક ગોળ કુંડાળામાં અસંખ્ય ભાલાં ખોડેલાં; જાણે ઉગી નીકળ્યાં ન હોય ! એની વચ્ચોવચ ભાઈની એ લાડકડી બહેન ભયથી ધ્રુજતી ને આંસુ સારતી ઉભી હતી.

પરીઓની આ તો કસોટી હતી. આભમાં ઉભીઉભી એ જોઈ રહી'તી કે ભાઇનું હેત કેટલુંક છે ! બહેનને ભાલા વચ્ચે જ રહેવા દઈ એ જતો રહે છે કે બહેનને માટે જીવની દરકાર કરતો નથી !

'આ આવ્યો તારો ભાઇ, બહેન ! રડીશ મા.' કહીને ભાઇ તો ભાલાં ઉપર ચાલવા જતો'તો ત્યાં બહેનનો અવાજ આવ્યો, 'ના ભાઇ, ના વીરા, આવીશ મા. મારૂં થવાનું હશે એ થશે પણ—'


બહેનનું વાક્ય અધુરૂં જ રહ્યું. એનું આવું દુ:ખ ભાઇ કેમ જોઇ શકે ? બહેન હજી ના પાડતી હતી ત્યાં તો ભાઇએ કુદીને ભાલાં ઉપર પડતું મુકયું !

ને એ ભાઇ વીંધાઇ ગયો કે ?

ના, ના; એની કસોટી તો પુરી થઈ હતી. પરીઓ એનું હેત જોઇ ખુશ થઇ, ને મોટી પરીના જાદુથી બધું બદલાઈ ગયું.

ભાઇ ગુલાબનો છોડ થઈ ગયો, ભાલાં હતાં તે કાંટા બની ગયા ને બહેન ગુલાબનું ફુલ ! હજી યે એ ભાઇબહેન ભેગાં જ છે.

વ્રજલાલ



(અનુસંધાન આગળ પાન ૩૫થી ચાલુ)

ચોપડયો. પણ થોડીક કીડીઓ તેમાં પકડાયા પછી એમણે ધુળ ને રેતી વડે વાંસ પર માર્ગ બાંધી લીધો ! કીડીઓની પુરેપુરી કસોટી કરવા આ જંતુશાસ્ત્રીએ હવે ત્યાંથી પેટી લઇ લીધી ને પાણી ભરેલા એક મોટા વાસણમાં ત્રણ પાયાવાળી લોઢાની ઘોડી મુકી તેના પર પેટીને ચડાવી.

હવે કેવી રીતે દાણા લાવવા એ ગંભીર કોયડો ઉકેલવા કીડીઓએ ખુબ વિચાર કર્યો. છેવટે કાંઇક યુક્તિ જડી હોય એમ એ બધી તૈયાર થઇ ગઈ. પાંદડાં ને નાનાંનાનાં ડાંખળાં લાવી એમણે વાસણની કિનારથી ઘોડીના પાયા સુધી તરતો પુલ બાંધી લીધો ને પાછું પોતાનું કામ શરૂ કરી દીધું !

આટલી ખંત આપણામાં છે ?



માધુકરી

ગગન રાતું ઝગે ભડકે, ભયંકર સાગરે ભાસે;
અડગ સ્વાતંત્ર્યના ખડકે પછાડે જળ ભર્યાં શ્વાસે!
જીવન જયતીર્થ અર્થે જે, લડેલા બાપદાદા એ
તહીંની સ્વર્ગનીજ્યો તે ઝગાવે ઉગ્ર જ્વાલાને;
ધરે સ્વાતંત્ર્યની દેવી ઉંચે એ દીપમાલાને,
ભટકતા અંધકારે લોકજગની ચેતના કાજે.

(વીસમીસદી) —જન્મલલિત


શિશિર

સૂરજે ચંદ્રનો અવતાર ધારણ કર્યો છે. તડકામાં ચાંદનીની મધુરતા આવી છે. રજનીની શીતળતા તો સહસ્ત્રગણી વધી ગઇ છે. ચકોર છેલ્લા સૂર આલાપે છે; સ્વસ્થતા છોડી એની છાતી ધડકે છે.

આકાશની સામે અણવિકસેલી કુમુદિની અનિમિષ નયને વિયોગિનીની વેદનાથી જોઇ રહી છે. જગતમાં પુણ્ય વરસતું હોય એવું ધુમ્મસ વરસે છે. તુષારબિન્દુઓ જીવનમાં નવી ચેતના પૂરે છે. સાહસી શીતળતા તો નિર્ભય થઇને ફર્યા જ કરે છે.

સૌ સફર આદરે છે. કોઇ થોડે જઇને અટકી જાય છે, કોઈ અધવચ્ચેથી પાછા ફરે છે, પાર તો કોઈ વિરલ ઉતરે છે.

(કૌમુદી) —હિંદી કવિ સેનાપતિ



ગણિતવેત્તા સોમેશચંદ્ર ઓઝની અદ્‌ભુત સ્મરણ-પ્રતિભા

'આશ્ચર્યના રોમાંચથી કમકમાવી નાખે એવી અદ્‌ભુત સ્મરણ-પ્રતિમા દાખવનાર' તરીકે હિંદના પ્રખર ગણિતશાસ્ત્રી સોમેશચંદ્ર ઓઝને ઓળખાવતાં ઇંગ્લંડ-અમેરિકાનાં વર્તમાનપત્રો અને માનવીઓ એમનાં જે મોંફાટ વખાણ કરે છે તે સાંભળીને જ આપણે આજે આપણી માતૃભૂમિના એ પનોતા પુત્રને ઓળખવો રહે છે.

ઢાકા પ્રાંતના વિક્રમપુર જિલ્લાના વજ્રયોગિની ગામની નિશાળમાં આઠ વર્ષના એક છોકરાએ પરીક્ષા લેનાર ડેપ્યુટી ઇન્સ્પેક્ટરે પુછેલા મોઢાના હિસાબોના કડકડાટ ઉત્તરો આપી સૌને છક કર્યાં તે દહાડાથી એ નાનકડો સોમેશ માબાપ, શિક્ષકો અને સગાંવહાલાંનો લાડકો બની ગયો. ભાઈબંધો તો મીઠાઈ ખવડાવીને એની પાસે લાંબાલાંબા ગુણાકાર-ભાગાકાર મોઢેથી કરાવતા. સૌનાં પ્રેમ અને પ્રોત્સાહનથી એની આ અજબ સ્મરણશક્તિ ખીલી ઉઠી અને માત્ર બે જ માસમાં એ મોટી રકમના ગુણાકાર મોઢેથી કરતો થઈ ગયો.

પાછળથી જોકે આ વેગ જરા ઢીલો પડયો; પણ સ્મરણશક્તિની ધાર તો એટલી જ તેજ હતી. એ અંગ્રેજી કક્કો શીખતો ત્યારે એના કાકાને એક વાર અંગ્રેજ કવિ મિલ્ટનના 'પૅરેડાઇઝ લોસ્ટ' નામના મહાન ખંડકાવ્યની લીટીઓ બોલતા સાંભળી એ ૨૦૦ લીટીઓ કડકડાટ બોલી ગએલો! અને નિશાળમાં તો દોસ્તોને આનંદ આપવા એ પોતાની આ જાદુગરી સ્મરણશક્તિના અનેક ખેલો કરતો.

નવાઇ જેવું તો એ છે કે આટલી બધી તીવ્ર યાદદાસ્ત છતાં એ અભ્યાસમાં બહુ સારો ન ગણાતો; જોકે બધા વિષયોમાં ચાલાક તો ગણાતો જ. યૂનિવર્સિટીમાં દાખલ થયા પછી થોડા જ વખતમાં એણે કૉલેજનો અભ્યાસ છોડી દીધો.

સ્મરણશક્તિમાં પાવરધો માણસ અનુકરણ તો બહુ જ સરસ કરી શકે એ સ્વાભાવિક છે. સ્વદેશી હીલચાલનો એ જમાનો હતો. શ્રી બીપીનચંદ્ર પાલ અને શ્રી સુરેન્દ્રનાથ બૅનરજીનાં એ વખતનાં લોકપ્રિય ભાષણોનું તે આબાદ અનુકરણ કરી શકતો. ઢાકાના પ્રખ્યાત ગવૈયા સ્વ. બાબુ ચંદ્રનાથ રૉયનો અવાજ તો એ એવો આબાદ કાઢી શકતો કે એક વાર પાસેના ઘરમાં બેસી તે ગાયન લલકારતો હતો ત્યારે બાબુ ચંદ્રનાથ રૉયના ખુદ વડા છોકરાએ પણ એમ જ માની લીધેલું કે ગાનાર પોતાના પિતા જ છે!

ગુણાકારની રકમના આંકડાઓ હવે વધવા લાગ્યા હતા. ૧૪ ને બદલે ૨૦,૩૦ અને છેવટે ૯૦ આંકડા સુધીની એક રકમને તેવડી જ મોટી બીજી રકમ વડે ગુણી શકવાની નિપુણતા એમણે છ વર્ષમાં મેળવી. આ અદ્‌ભુત શક્તિને અંગે એક અગત્યની વાત અહીં નોંધવી જોઈએ. એ જાતે કહે છે તે મુજબ એમની આવી સ્મરણશક્તિનું મુળ એમના પવિત્ર, એકાગ્ર અને ચિંતનશાળી જીવનમાં રહેલું હતું.

માઇમેનસિંગ ગામમાં એક વાર નાટ્યપ્રયોગ ભજવતાં એમને પોતાની સહચરી લાધી, અને એની સાથેનું એમનું લગ્નજીવન અતિશય સુખરૂપ નીવડયું. એમનાં પત્ની પણ એમની પેઠે જ આધ્યાત્મિક જીવન ગાળવાનાં અભિલાષી હતાં. એમને બે પુત્રો થયા. પણ એ નાનકડા સુખી કુટુંબ પર થોડા જ વખતમાં દૈવના બે કારમા ઘા થયા. પહેલાં સોમેશનાં પત્ની, અને તે પછી બે મહીને એમનો નાનો પુત્ર એક પછી એક મરણ પામ્યાં અને મુળથી જ અલિપ્ત સરખું જીવન ગાળતા સોમેશને સંસાર પર વૈરાગ્ય ઉપજ્યો, ને કેવળ એકાંત જીવન ગાળવા માંડ્યું.

આ અરસામાં વારંવાર એ પોતાના ગણિતશાસ્ત્રના ચમત્કારિક પ્રયોગો કલકત્તા વગેરે સ્થળે કરી બતાવતા હતા, અને એથી હિંદીઓ, અંગ્રેજો તથા વિદેશી મુસાફરોમાં એમની ઘણી નામના ફેલાઇ હતી. પોતાના આ અપૂર્વ બુદ્ધિબળના પ્રયોગો યૂરોપ અમરિકા જઈ ત્યાં કરી બતાવવાની એમના મિત્રો અને હિતેચ્છુઓએ બહુ ભલામણો કરી. અંતે ૧૯૨૨ના જુનમાં એમણે હિંદ છોડી ઇંગ્લંડ તરફ પ્રયાણ કર્યું.

એમની અપૂર્વ સ્મરણ–પ્રતિભા જોઈ ઇંગ્લંડની પ્રજા દિંગ થઇ ગઇ અને ત્યાં એમને ખુબ આદર મળ્યો. એક પ્રયોગનું વર્ણન કરતાં ઇંગ્લંડનું 'ડેઈલી મેઇલ' પત્ર લખે છે: 'ચાળીસ ચાળીસ આંકડાની બે રકમો પાટિયા પર લખીને બોઝને તેનો ગુણાકાર કરી આપવા કહેવામાં આવ્યું હતું. બંધ આંખો ને ગણતરીમાં જરાજરા હલતા હોઠ સિવાય આ રાક્ષસી ગુણાકારનું બીજું કાંઈ જ ચિહ્ન બોઝના ચહેરા ઉપર દેખાતું નહોતું. આવી રીતે ધ્યાનમાં પચીસેક મિનિટ ગાળ્યા પછી શ્રી બોઝે ચાક લીધો ને પાટિયા પર ટપોટપ જવાબના આંકડા મુકવા માંડયા. આ દાખલો પુછનાર વિદ્યાર્થીઓએ મહામહેનતે તૈયાર કરી રાખેલા જવાબના એંશી આંકડામાંથી બોઝનો એક આંકડો પણ જુદો પડતો નહોતો! આ ઉપરાંત, વર્ગમૂળ, ઘનમૂળ અને કોઇ પણ સંખ્યાના પંદરમા મૂળ સુધીના દાખલા ફક્ત એક સેકંડમાં કરી આપ્યા. વળી અંગ્રેજી પંચાંગના અમુક વરસે, અમુક તારીખે કયો વાર હતો એ પણ બહુ જ થોડી મિનિટમાં કહી આપ્યું.'

આ અજબ પ્રયોગોની અંગ્રેજી વર્તમાનપત્રોએ બહુ સારી નોંધ લેવાથી તેમના અસંખ્ય મિત્રોનું દળ ફાટી નીકળ્યું, ને પ્રમાણપત્રોની તો કાંઇ હદ જ રહી નહિ.

ઇંગ્લંડથી તેઓ અમેરિકા ગયા, પણ ક્વિબેકના કાયદાની રૂએ કેદમાં જવાથી તેમજ કૅનેડામાં દાખલ થવાથી રજા નહિ મળવાથી તેમણે યૂનાઇટેડ સ્ટેટ્સમાં જવાની રજાચિઠ્ઠી માટે તજવીજ કરી. એ વખતે ગણિતમાં એમણે મેળવેલી ખ્યાતિ એમની મદદે આવી. ક્વિબેકના એક સારી લાગવગ ધરાવતા અમલદારે એમને માટે રજાચિઠ્ઠી મેળવી આપવા ઈચ્છા દર્શાવી. પરંતુ અમલદારશાહીના વલણથી નાકમેદ થએલા સોમેશે એની માગણીનો અસ્વીકાર કર્યો. ચાળીસ દિવસની કેદ સેવ્યા બાદ એમને એવી શરતે રજા મળી કે યૂનાઇટેડ સ્ટેટ્સમાં છ માસથી વધારે વખત રહેવાની બીજી માગણી કરવી નહિ ને પૈસા કમાવા માટે કોઈ પણ જાતનો ધંધો આદરવો નહિ.

અમેરિકાની કોલંબિયા યૂનિવર્સિટી તરફથી એમના ગુણાકારના પ્રયોગો માટે સભાઓ થઈને એમણે કુતૂહલપ્રિય અમેરિકનોને આશ્ચર્યઘેલા કરી મુકયા, અને આ જ યૂનિવર્સિટીમાંથી જેવું અપૂર્વ માન હિંદના વિજ્ઞાનવેત્તા શ્રી જગદીશચંદ્ર બોઝને દસ વરસ પહેલાં મળ્યું હતું તેવું જ માન હિંદના આ ગણિતવેત્તા સોમેશચંદ્ર બોઝને મળ્યું.

પણ અમેરકામાં બોઝે સૌથી મોટો ગુણાકાર તો ન્યૂ-યૉર્કમાં કરી બતાવ્યો. એક જંગી સભા સમક્ષ મોટા પાટિયા પર નીચેની સાઠ આંકડાની રાક્ષસી રકમ લખવામાં આવી હતી: ૬૫૦૧, ૮૭૩૪, ૪૬૩૪, ૪૩૫૪, ૮૨૨૩, ૫૧૭૭,૩૩૯૧, ૧૧૪૯,૪૩૨૬,૦૬૯૭,૯૭૨૬,૭૫૪૭,૩૮૮૪,૦૬૩૯,૮૯૭૬ × (ગુણ્યા) એ જ રકમથી!

બોઝે રકમના એક છેડાથી બીજા છેડા સુધી નજર ફેરવી. પછી ધ્યાનમાં આંખો મીંચી ગયા, માથું હલાવ્યું, હસીને ફરી આંખ ઉઘાડી ને બોલ્યા:

'હવે હું આંખો મીંચીને દાખલો ગણી લઉં એ ચાળીસ–પિસતાળીસ મિનિટ સુધી તમારાથી થાય એટલો અવાજ કરજો. તમને ફાવે એટલે મોટેથી ગીત ગાજો, બૅન્ડ કે ઑરકેસ્ટ્રા જે વગાડવું હોય તે વગાડજો. મને એની કશી જ અસર થવાની નથી. મને કે મારા જવાબને એ જરા યે અડચણ નહિ કરી શકે!'

સભામાં આવેલા માણસોએ છુટકારાનો દમ ખેંચ્યો ને પછી છુટથી વાતો ચલાવી. આ બાજુ શ્રી બોઝે આંખો બંધ કરી દીધી ને માત્ર પોતે જ સાંભળી શકે એટલા ધીમા અવાજે હોઠ હલાવવા માંડયા. ચાળીસ મિનિટમાં શ્રી બોઝે જવાબ તૈયાર કરી દીધો. પાટિયા પર લખાએલો જવાબ નીચે પ્રમાણે હતો:

૪૨૨૭, ૪૩૫૮, ૩૧૨૨, ૭૭૮૧, ૭૮૬૭, ૦૨૦૬, ૬૫૬૦, ૯૦૭૬, ૧૬૫૨, ૫૨૧૪, ૪૭૯૭, ૭૮૪૨, ૪૬૪૫, ૧૩૧૦, ૩૧૨૩, ૭૪૬૪, ૭૭૬૭, ૦૪૪૩, ૯૭૪૧, ૩૪૬૪, ૧૪૩૦, ૧૪૫૫, ૫૧૨૨, ૮૨૫૩, ૭૪૦૨, ૫૭૧૯, ૪૫૦૯, ૫૦૩૬, ૯૩૮૪, ૮૫૭૬.

નામનું પોષક તત્ત્વ છે, જેથી શરીરને કૌવત અને સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. કાચા શાકમાં તે વધારે પ્રમાણમાં હોય છે, જ્યારે રાંધેલા શાકમાં તે ઓછું માલમ પડે છે. માટે જ વૈદ દાક્તરો જ્યારે બને ત્યારે કચુંબર ખાવાની ભલામણ કરે છે. આવાં કચુંબર કાકડી, કાંદા, મૂળા, મોગરી ટમેટાં વગેરેનાં થઇ શકે છે.

હવે ફળની વાત. દરેક ઋતુમાં આપણે ત્યાં કંઈક ને કંઈક ફળ તો થાય જ છે. આ ઉપરાંત, બીજા પ્રાંતોમાંથી ઘણીઘણી જાતનાં ફળો બજારમાં આવે છે. કેરી, કેળાં, પપૈયાં, જમરૂખ, બોર, સીતાફળ, ટેટી, તડબુચ, નારંગી, સફરજન, દાડમ, લીંબુ, પીચ વગેરે અનેક ફળો બજારમાં મળે છે. પણ દુર્ભાગ્યે આપણે આ પૈકી ઘણાં જ થોડાં ફળો ખાઇએ છીએ. જમરૂખ તો બંધકોશ કરનાર, સીતાફળ તો તાવ લાવનારાં, બોર તો ઉધરસ કરનાર, પપૈયાં તો ગરમ વગેરે વગેરે કહી તેનો વપરાશ ઓછો કરી આપણે હાથે કરીને હેરાન થઈએ છીએ.

આ ઉપરાંત, બીજો એક મોટો દોષ આપણામાં છે. કેળાં અને કેરી જેવાં મીઠાં ફળો ખાતી વખતે પણ તેમાં રહેલી કુદરતી મીઠાશ કેમ જાણે ઓછી હોય, તેમ તેમાં ખાંડ ભેળવીએ છીએ, અને જે પદાર્થ પચવામાં ઘણો ભારે છે તેને શરીરમાં દાખલ કરી પચાવનારાં બધાં અવયવોને નાહકની તસ્દી આપીએ છીએ. આ જાણે ઓછું હોય તેમ એમાં વળી પુષ્કળ ઘી નાખવામાં આવે છે. કેળાં, ઘી ને ખાંડ એકઠાં છુંદી લચકો કરેલો જેમણે જોયો હશે તેમના મગજ પર તેથી થએલા ગંદવાડની છાપ કદી ભુંસાશે નહિ. કયાં દેખાવે સુંદર અને કુદરતી સ્વાદવાળાં પાકાં કેળાં અને કયાં એ ચીકણો લચકો! કેરીમાં પણ ખાંડ નાખવામાં આવે કે તરત જ તેની કુદરતી મીઠાશ જતી રહે છે, ને તેમાં ઘી નાખે એટલે તો તેનો કુદરતી સ્વાદ કેવળ દૂર થઇ જાય છે. આવી રીતે ફળ ખાનારાઓ તેથી થતા અનેક લાભો ગુમાવીને ઉલટા ગેરલાભ ભોગવે છે, અને દુઃખી થાય છે.

આપણા અને પરદેશી લોકોના ખોરાક વચ્ચે એક મોટો ફરક એ છે કે તેઓ રોજ કંઇ ને કંઇ થોડાં ફળ ખાય છે; જ્યારે આપણે મોસમમાં કેટલાંક ફળો અતિશય ખાઇને હેરાન થઇએ છીએ, અને ક–મોસમે વહેમથી કે મોંઘવારીથી ડરીને ફળ તરફ નજર પણ કરી શકતા નથી.

સૌથી ઉત્તમ ફળ સફરજન છે. તેમાં ફૉસફરસ ઘણા પ્રમાણમાં હોવાથી તે મગજને શક્તિ આપે છે. તેમાં રહેલા ક્ષારો વગેરેથી પિત્તાશય ચપળ થાય છે. બેઠાખાઉ થઇ ગએલા લોકોને આથી ઘણો ફાયદો થાય છે. એ કુદરતી રેચ છે. તે ખાનારની ચામડી અને ચહેરો સારાં રહે છે. કેળામાં પણ ફૉસફરસ ઘણો છે, તેથી મગજમારીનું કામ કરનારાઓને માટે તેની ભલામણ કરવામાં આવે છે. ટાઈફોઇડ જેવા તાવવાળાઓને પણ પાછળથી સુકવેલાં કેળાંના લોટની કાંજી આપવામાં આવે છે. કેળાંમાં રહેલા ઉત્તમ ગુણોને લીધે જ તેને પવિત્ર માની આપણે પૂજા વખતે તેનો ઉપયોગ કરીએ છીએ. રાત્રે જો કેળું ખાધું હોય તો બંધકોશ ટળે છે. સ્ટ્રૉબરી અને પીચમાં લોહી સુધારવાનો ગુણ છે. નારંગી, દાડમ ને લીંબુ લોહીને સ્વચ્છ કરનારાં, મગજને શાંતિ આપનારાં, જઠરાગ્નિને તેજ કરનારાં તથા પૌષ્ટિક ફળો છે. દાડમના ઠળિયા ખાઈ જવા ન જોઇએ. આ ફળોનો રસ કાઢીને પણ પીવામાં આવે છે. એ ઘણો જ મધુર અને શાન્તિ આપનારો છે. પાકી કેરી પૌષ્ટિક છે. તેમાં રહેલી મીઠાશ એ એકદમ પચી શકે એવી ખાંડને લીધે છે. તેમાં રહેલા કેટલાંક તત્ત્વોથી પિત્તાશય મજબુત બને છે. પપૈયાંમાં પણ તેવાં જ તત્ત્વો છે. તે ઉપરાંત, પપૈયાં પેટની બાદીને તોડી જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. દ્રાક્ષ પૌષ્ટિક છે અને તેનાથી લોહી સાફ થાય છે. એ ખાવાથી માણસનું મન પ્રફુલ્લિત થાય છે, અને તેનામાં સ્ફૂર્તિ આવે છે. અંજીર, દ્રાક્ષ વગેરે ઝીણાં બીવાળાં ફળોની અંદર રહેલી મીઠાશ એમાં જલદી પચે એવી ખાંડને લીધે છે. તેથી તેવાં ફળો પૌષ્ટિક છે. તેમાં રહેલા તેજાબી પદાર્થોથી લોહી સુધરે છે; અને તેનાં બીને આપણે પેટમાં ઉતારી દઇએ છીએ તે રેચક નીવડે છે. બોરમાં પણ મીઠાશ અને તેજાબી પદાર્થો છે તેથી ઘણો લાભ થાય છે. આપણા લોકો કેટલાંક ફળ ખાવાથી હેરાન થાય છે, તેનું કારણ ફળ નથી, પણ એક તો તેના પર અવક્રિયા કરીએ છીએ તે છે અને બીજું, ખાઇએ છીએ ત્યારે અતિશય ખાઇએ છીએ તે છે. જેમને તંદુરસ્ત રહેવું હોય ને દાક્તરની મદદ ન જ લેવી હોય તેમણે અન્નની સાથે શાક ને ફળનો છુટથી ઉપયોગ કરવો.

(ગુજરાત શાળાપત્રમાંથી) —હ. અ. દેસાઇ

કીડીને ગુરુ બનાવીએ તો ?

કીડી વિષે ઘણી અજાયબીભરી વાતો આપણે સાંભળતા આવ્યા છીએ, પણ આ છેલ્લી વાત તો વળી સૌને ટપી જાય એવી છે.

એક ફ્રેંચ જંતુશાસ્ત્રીએ એક ઉંચા વાંસને મથાળે દાણાની પેટી મુકી. કીડીઓ તરત જ વાંસ પર ચડીને એક-એક દાણો ઉપાડી નીચે આવવા લાગી. પણ બીજે દિવસે તો એમણે સરસ યુક્તિ શોધી કાઢી. કીડીઓનાં બે ટોળાં પડી ગયાં. એક ટોળું વાંસ પર ચડીને દાણા ફેંકવા લાગ્યું. નીચે ઉભેલા બીજા ટોળાએ તે દાણા એકઠા કરી ખેંચી જવા માંડ્યા.

પેલા જંતુશાસ્ત્રીએ વધારે કસોટી માટે વાંસ પર ગુંદ

અનુસંધાન પાછળ પાન ૩૨ના બીજા કોલમને છેડે]

વાસુદેવ આચાર્યના બે વિદ્યાર્થીઓ રઘુનાથ ને નિમાઇ ન્યાયશાસ્ત્ર પર ગ્રંથો રચતા હતા. રઘુનાથે નિમાઇનો ગ્રંથ જોવા માગ્યો. ઉદાર નિમાઇએ હા પાડી, ને હોડીમાં બેસી શાળાએ જતાં વાંચી સંભળાવવા માંડયો. એકાએક રઘુનાથ રડી પડયો. નિમાઇએ કારણ પુછયું ત્યારે તેણે કહ્યું કે, ' મારા ગ્રંથ વડે હું ન્યાયશાસ્ત્રના મુખ્ય શિક્ષકની પદવી પામવાની આશા રાખતો, પણ તારો અદ્ભુત ગ્રંથ જોતાં એ આશા નષ્ટ થાય છે.

' ઓહો, એટલું જ ને ? તો હવે શાન્ત થા ' કહી નિમાઇએ પોતાનો ગ્રંથ નદીમાં ફેંકી દીધો, ને રઘુનાથનો ' દીધીતિ ' ગ્રંથ મુખ્ય ગણાયો. કેટલી ઉદારતા! એ નિમાઇ તે બંગાળામાં પાછળથી પુજાએલા ભગવાન ચૈતન્યદેવ.

જોડણીની સામાન્ય ભુલો

રાષ્ટ્રિય	નહિ	પણ	રાષ્ટ્રીય
બક્ષિસ	નહિ	પણ	બક્ષિશ
બિમાર	નહિ	પણ	બીમાર
મહત્વ	નહિ	પણ	મહત્ત્વ
નિષ્ટા	નહિ	પણ	નિષ્ઠા

એક ભાઇબંધ—મારે એક ગધેડા સાથે ભાઇબંધી છે.


બીજો—હા, ને મારે પણ!


ગણિતનો ચમત્કાર

૧૫૩૮૪૬	×	૧૩	=	૧૯૯૯૯૯૮
૨૩૦૭૬૯	×	૧૩	=	૨૯૯૯૯૯૭
૩૦૭૬૯૨	×	૧૩	=	૩૯૯૯૯૯૬
૩૮૪૬૧૫	×	૧૩	=	૪૯૯૯૯૯૫
૪૬૧૫૩૮	×	૧૩	=	૫૯૯૯૯૯૪
૫૩૮૪૬૧	×	૧૩	=	૬૯૯૯૯૯૩
૬૧૫૩૮૪	×	૧૩	=	૭૯૯૯૯૯૨
૬૯૨૩૦૭	×	૧૩	=	૮૯૯૯૯૯૧

ચાર શેર ઉના પાણીમાં એક મોટો ચમચો ઘાસતેલ નાખી તે વડે કાચની કોઈ પણ ચીજ-અરીસા, ફાનસના પોટા, બારીબારણાં વગેરે ધોવાથી બરાબર સાફ ને ચકચકિત થઈ જાય છે.

હીંગને અગ્નિમાં નાખતાંવેંત જ ભભકી ઉઠે તો જાણવું એ સાચી હીંગ છે.





પતરાના એક સમચોરસ કટકામાંથી ઉપરની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ખડિયો મુકવા માટેનું ઘરું બનાવી શકાશે.

પતરાની વચ્ચોવચ ખડિયાના તળિયા જેવડું ચક્કર દોરી ને એમાં સરખે અંતરે દસ કાપ મુકો. કુંડાળાના મધ્યબિંદુમાં મળતી દસે અણીઓ ઉભી આવે એ રીતે વાળી તેની વચ્ચે ખડિયો મુકી અણીઓ તેને પકડે એમ વાળી દો. પછી શાહી ઢોળાઇ જવાની જરા પણ બીક વગર ખડિયાને ગમે ત્યાં સ્થિર રાખી શકાશે.

શીશીમાં વધારે વખત પડયો રહેવાથી ગુંદર ફદફદી જાય છે ને તેના ઉપર ફુગી વળી જાય છે. આમ ન થવા પામે એટલા માટે તેમાં થોડો રસકપુર નાખવો. પરંતુ રસકપુર ઝેરી હોવાથી તે મોંમાં ન જાય એ ખાસ સંભાળવું.



કાગળ કાપીને બનાવેલી બે આકૃતિઓ.

મધની કસોટી કાઢવા તેનું એક ટીપું પાણીમાં નાખી જોવું. જો ટીપું એમનું એમ જ રહે તો જાણવું કે મધ સાચું છે; જો ફેલાઇ જાય તો બનાવટી જાણવું.

કાચના વાસણમાં કોઇ ગરમ ચીજ નાખવી હોય તો તેને તળિયે પાણીમાં ભીંજવેલું કપડું મુકવું. આથી કાચ તુટી નહિ જાય.

કહેવાય છે કે ગંજીપાની રમત ફ્રાન્સના એક રાજાના ગાંડા પુત્રને વખત વીતાડવામાં મદદ કરવા માટે એક ખુશામદિયા પ્રોફેસરે શોધી કાઢી હતી.

ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિન્દ રાનડે: જન્મ, ૧૮મી જાન્યુઆરી ૧૮૪૨; અવસાન, ૧૬મી જાન્યુઆરી ૧૯૦૧.

જાપાનમાં કુલ ૧૧૩૭ દૈનિકપત્રો છે, અને તેમનો ફેલાવો દસ કરોડ કરતાં પણ વધારે છે. આ ગણતરીએ, ત્યાં દર છ માણસે એક દૈનિકપત્ર વંચાય છે.



જાન્યુઆરી મહિનાનું નામ રોમન લોકોના જેનસ નામના દેવ ઉપરથી પડયું છે. એ દેવને આગળ ને પાછળ બે મોં હતાં ને એના ડાબા હાથમાં કમંડળ રહેતું. બાજુનું ચિત્ર એ દેવનું છે.

'સાફ ના પાડવી' એને માટે ખરો શબ્દપ્રયોગ ' ઘસીને ના પાડવી ' એવો છે. ઘણા ' ઘસીને ' લખે છે તે ખોટું છે.

પ્રમુખે હસતાંહસતાં જાહેર કર્યું કે વિખ્યાત હિંદુ ગણિતશાસ્ત્રી ને કુદરતી બક્ષિશ પામેલા આ મહેમાન તદ્દન સાચા નહોતા. થોડાક આંકડા ખોટા હતા. ૧૨૦ આંકડામાંથી ૧૦૧ બરાબર ને માત્ર ૧૯ ખોટા હતા. બોઝનો ફિક્કો ચહેરો ક્ષણવાર વધુ ફિક્કો દેખાયો ને એક અક્ષર પણ બોલ્યા વગર પોતાના જવાબની ખાતરી કરવા એ ફરી આંખો મીંચી ગયા. થોડી મિનિટ પછી આંખો ઉઘાડી એમણે ભારપૂર્વક જણાવ્યું કે 'હું તદ્દન ખરો છું. જો કાંઈ ભુલ હોય તો તે મારી નહિ, પણ આ દાખલો તૈયાર કરનાર કમિટીની છે. હવે પ્રમુખ સાહેબ મહેરબાની કરીને કમિટીનો જવાબ પાટિયા પર લખશે?'

એ પ્રમાણે કરવામાં આવ્યું ને જવાબ લખાઈ રહ્યા પછી માત્ર થોડી જ ક્ષણોમાં શ્રી બોઝે કમિટીની ગણતરીમાં કેવી રીતે ભુલો રહી ગઇ હતી તે બતાવી આપ્યું. કમિટીના માણસો જક્કી હતા. એમણે પોતાની ભુલ કબુલ કરવા ના પાડી અને એ કંટાળાભરેલો લાંબો ગુણાકાર ફરી ગણવા બેઠા! પણ એમાં અંતે ભુલ પકડાતાં હાર કબુલ કરી! બોઝે આપેલો એકેએક આંકડો સાચો હતો!

'તમે સ્મરણશક્તિને આટલી બધી શી રીતે કેળવી?'

તેના ઉત્તરમાં એ કહે છે કે 'એકાગ્રતાથી. હું ઝાઝું ખાતે નથી, ઝાઝું પીતો નથી તેમજ ઝાઝું સુતો પણ નથી. છેલ્લાં થોડાં વર્ષથી મારો મુખ્ય ખોરાક દરરોજના દુધના ચાર પ્યાલાનો જ છે. કોઇક વાર થોડી દ્રાક્ષ લઉં છું. આટ્લાંટિક મહાસાગર ઓળંગતી વખતે દરરોજના એક સફરજન ઉપરાંત મેં બીજું કશું જ ખાધું નહોતું. હું કદિ પાણી કે દારૂ પીતો નથી. દિવસના ચોવીસ કલાકમાં ત્રણ કલાકથી વધારે હું કોઈ દિવસ સુતો નથી. મોટે ભાગે હું રાતના અગિયારથી બે સુધી ઉંઘ લઉં છું. બેથી છ સુધી હું શાંત ચિત્તે બેસીને એકાગ્રતા, ધ્યાન ને પ્રાણાયમનો મ્હાવરો પાડું છું. એથી મારી માનસિક ને શારીરિક સ્થિતિ બરાબર જળવાઇ રહે છે ને હું મારા ગુરુ તેમજ પ્રભુના આત્મિક સંસર્ગમાં રહી શકું છું.'

સોમેશચંદ્ર મોઢેથી સરવાળા, ભાગાકાર, ગુણાકાર, વર્ગ મૂળ ને ઘનમૂળના દાખલા ગણી આપે છે એટલું જ નહિ પણ દુનિયાના કોઇ પણ ભાગમાં પોતે કરી આપેલો કોઇ પણ દાખલો બાર મહિના સુધી યાદ રાખી શકે છે. એ કહે છે કે એક વરસ પછી એની યાદ ઝાંખી પડવા માંડે છે. પણ એક વરસ કાંઈ ઓછી મુદ્દત ન ગણાય!

એ કહે છે કે, 'જે રીતે તમે જુદાજુદા માણસોના ચહેરા યાદ રાખી શકો છો એ જ રીતે હું આ બધી આંકડાની સૃષ્ટિ યાદ રાખી શકું છું. ચાલુ કે પહેલાંની રકમ ઉપર જે ક્ષણે હું માનસિક એકાગ્રતા માંડું છું તે ક્ષણે એ આખી રકમ હું મારા માનસચક્ષુ સમક્ષ લખાએલી જોઉં છું. બરાબર ખુલ્લી આંખે હું જેટલી સ્પષ્ટ રીતે ઇલેક્ટ્રિકથી રચેલી સુંદર ભાત જોઇ શકું તેટલી જ સ્પષ્ટ રીતે. ક્યારેક ક્યારેક તો ચાર હજાર આંકડાની રકમ બંધ આંખે જોઇ શકું છું.'

હાલ સોમેશ યુવાનીમાં છે ને એમની આગળ ઝળકતું ભાવિ પડ્યું છે. પરંતુ હવે એમને ગણિતશાસ્ત્ર તરફ પ્રેમ નથી રહ્યો. આધ્યાત્મિક જીવનની હવે એમને લગની લાગી છે, ને ગણિતશાસ્ત્ર એમના આધ્યાત્મિક મનનમાં બાધક હોઇ તેને એ બનતી ત્વરાથી છોડી દેવા માગે છે. દુનિયાને ગણિતશાસ્ત્રમાં એક જુદી જ દિશા બતાવી શકે એવું પુસ્તક લખવાની એમને ઉમેદ છે. (તારલીને)

બોર્ડિંગોનો આદર્શ

૧

કરાંચી મ્યુનિસિપાલિટીનું આલેશાન મકાન. નીચેના મનોહર બગીચામાં માળી પાણી પાય. હેલ્થ ઑફિસર, સ્કૂલ્સ કમિટીના પ્રેસિડન્ટ, મ્યુનિસિપલ ઑફિસર, કૉરપોરેશન પ્રેસિડન્ટ બધા પોતપોતાની ઑફિસમાં કામે લાગેલા.

નીચે ઑફિસમાં એક ટેબલ પર મોહનલાલ લખ લખ કરે. તેના ટેબલની આસપાસ કેટલા યે લોકો વીંટળાઇ વળ્યા છે. આજે બૅન્ડ ગાર્ડન્સની દ્રાક્ષનો કંત્રાટ અપાય.

એક વ્હોરાજી પોતાના ટેન્ડરનું પાકીટ આગળ ધરતા બોલ્યાઃ 'સાહેબ, દર વર્ષે મને કંત્રાટ અપાય છે.'

'હા, અપાતો હશે. હું તો હજી નવો છું.'

'એ તો નવા છો તો યે કામમાં ઓછા જ નવા રહ્યા છો સાહેબ? કંત્રાટ આ વર્ષે પણ મને મળવો જોઇએ.'

'તમે તમારા ભાવ આપો. સાહેબને ગમશે તેને આપશે.'

'એ તો સાહેબ કે બાહેબ, અમારે તો જે કહો તે આપ. અમે ઓછા જ સાહેબને ઓળખીએ છીએ?'

ૐ ૐ

સવારનો પહોર હતો. મોહનલાલ ઓટલે બેઠાબેઠા દાતણ કરતા હતા. બારણું ખખડ્યું.

'કોણ એ? ઉઘાડો, ખુલ્લું છે.' 'જી, એ તો હું.'

'આવો મુલ્લાંજી, સાહેબે હજી છેવટનો નિર્ણય કર્યો નથી.'

'જી, એ તો બરાબર. હું કાંઈ એ માટે આવ્યો નથી.'

વ્હોરાજી દરવાજાથી આગળ વધ્યા. મોહનલાલ ઓટલા પર બેઠા હતા તેની નજીક ગયા અને તેમના હાથમાં એક કવર મુક્યું.

'કોના, મારો કાગળ છે?'

'જી, એ તો કાંઈ નથી. બધું આપનું છે.'

મોહનલાલે કવર ફોડ્યું, અને જુએ છે તો એક હજારની નોટ. મોહનલાલનો હાથ ખિસ્સા તરફ વળ્યો.

'સાહેબ, આપ ભાવનગરમાં બોર્ડિંગમાં ભણેલા કે? મારો નવો મહેતો કહેતો હતો કે—ભાઇ ને હું એક

બોર્ડિંગમાં ભણેલા.'

'બોર્ડિંગ!' બોર્ડિંગ શબ્દ કાન પર પડતાંની સાથે તેની આંખ આગળ અનેક ચિત્રો ખડાં થયાં. એ મોઇ-દાંડિયો, એ મીઠી પ્રાર્થના, એ વહાલા શિક્ષકો, ચોકની એ ચાંદની, રાતના બારબાર વાગ્યા સુધી કરેલી અંતરની વાતચિતો, બધાં તેને સાંભર્યાં. દૂર એક ખુણામાં બોર્ડિંગનો કોઠારી હાજર થયો. તેના હાથમાં ઘીની ટબુડી હતી અને તેના પર કાગળ ઢાંકયો હતો. વિદ્યાર્થીમંડળની સભામાં મોહનલાલે આ કોઠારીને કઢાવવા માટે ઝુંબેશ ઉઠાવેલી તે સભાનો ચિતાર આંખ આગળ આવ્યો. ઓટલાની કોર પર જન્મશંકરને બેઠેલા જોયા. અનામત ખાતાના પૈસા સોડા વૉટરમાં વાપરીને એ રકમ ખોવાયા ખાતે માંડી હતી તે એ જન્મશંકર. કોઠારી અને જન્મશંકર બંને મોહનલાલની સામા નીચું મોઢું ઘાલીને ઉભા રહ્યા. બંને વચ્ચેવચ્ચે આંખો ઉંચી કરી મદમંદ હસતા હતા.

એવામાં પાછળ બુલબુલ બોલ્યું. પ્રાર્થનાનો ઘંટ થયો અને ગીતાનો અધ્યાય શરૂ થયો. પ્રાણભાઈ સાંભર્યા, મહાભારતની બે ઋષિભાઇઓની વાત સાંભરી, ને હાથ ખિસ્સાના મોં આગળ અટકયો. ખિસ્સાના મોં આગળ તો જાણે મોટું કુરુક્ષેત્રનું યુદ્ધ!

મુલ્લાંજી પુછતા હતા: 'જી, હું રજા લઉં છું.'

કોણ સાંભળે? 'જી, હું રજા લઉં છું.'

'આવજો.' મોહનલાલના હોઠે રોજની કસરત કરી.

વ્હોરાજી ગયા. મોહનલાલ વિચારમાંથી વધારે જાગૃત થયા, અને જાગૃત થતાં જ પગમાં ચંપલ નાખી વ્હોરાજીની પાછળ થયા. 'મુલ્લાંજી! આ કાગળ પાછો લેતા જાઓ.'

'કોને આપવાનો છે?'

'જેણે તમને આપ્યો હોય તેને!'

'પણ સાહેબ, આ શું કરો છો? એ તો મારાં બેનને આપું છું.' 'એ લઇ જાઓ.'

'અરે સાહેબ, એમાં શું આપી નાખ્યું છે?'

'તમે મને જાણતા નથી. હું આવી લાંચો લઉં તો મારી બોર્ડિંગ લાજે, મારા ગુરુઓ લાજે.'

'સાહેબ, આ લાંચ ઓછી જ છે? આ તો બક્ષિશ છે.'

'હું તમારો દિલોજાન દોસ્ત બનું અને મને આફતમાંથી ઉગારવા માટે તમારો જાન આપશો તે વખતે હું વિચાર કરીશ. આજે તો મ્યુનિસિપાલિટીની ખુરસી પર હું બેઠો છું અને તમારે દ્રાક્ષનો કંત્રાટ લેવો છે એટલે મને આ આપો છો. તેને લાંચ કહો કે લાંચનો ભાઇ કહો, એક જ છે. હું જે બોર્ડિંગમાં ભણ્યો છું તે બોર્ડિંગની પ્રતિષ્ઠા મારા જેવા અનેક વિદ્યાર્થીઓ પર છે. મારા જેવા માણસો લાંચિયા બને તો અમે બોર્ડિંગના ગૃહપતિઓનું ખૂન કર્યું ગણાય. હું મારો પોતાનો તેમજ મારી પાછળ બોર્ડિંગની કેટલી યે પેઢીઓ પાકવાની છે તેનો વિચાર કરું છું. જાઓ, મોહનલાલ લાંચ લઇ શકે તેમ નથી.'

વ્હોરાજી દિલગીર થતા, પણ અંતરથી રાજી થતા વિદાય થયા.

૨

કલ્યાણસિંહ ટેનિસ રમીને ચાલ્યા આવે. ઉરબ્બી ચોરણી, માથે શરબતી મલમલનો સાફો અને પગમાં ટેનિસ શૂઝ. હાથમાં રૅકેટ ઉછાળતા કલુભા ચાલ્યા આવે.

તળાવની પાળ પરથી કંઇ અવાજ આવ્યો. 'કોણ એ?' કરીને જુએ તો એક સુંદરી બેભાન પડેલી અને બે આદમીઓ તેને બથાવીને ગાડીમાં નાખે.

'અલ્યા કોણ છે એ?' કલુભાએ પડકારો કર્યો.

બૅંગલોર ટોપી પહેરીને ચત્રભુજ કલુભા સાથે હતો. તે બોલ્યો: 'આપણે તેનું શું કામ છે? તમે કેટલા લવસેટ આપ્યા?'

'અલ્યા કોણ છે એ બદમાશ?'

'તારા બાપ!' અવાજ આવ્યો.

કલુભાનું મગજ ફાટયું. 'ચત્રભુજ, આ રૅકેટને થોભ તો.'

'દરબાર ઉતાવળા ન થાઓ.'

દરબારે રૅકેટ હેઠું ફેંકી ખિસ્સામાં હાથ નાખ્યો અને મોટો છરો કાઢી દોટ દીધી: 'આવ, મારા બાપ, આવ.'

× × ×

'કલુભા, એ તો ઠીક હતું કે તેમની પાસે ડાંગો જ હતી, નહિતર તમને ભોં ભારે થાત. આવા મામલામાં ગણતરી કરીને ચાલવું જોઇએ.'

'ચત્રભુજ, તું વાણિયો છે. વત્તાઓછાના હિસાબ અમને ન આવડે. બોર્ડિંગમાં યે અમારે હાથ હિસાબ હોય તો મેળ ન મળે. પણ અમે રજપૂત છીએ, તે વેતરણ વિના માથું ઉતારવામાં સમજીએ.'

'પણ વેતરણ વિના ચાલે કેમ?'

'એ વેતરણ કરવી હશે ત્યારે તમારા જેવા વાણિયાને રાખીને ચોપડો લખાવશું.'

'ત્યારે બોર્ડિંગમાં શીખ્યા શું?'

'લીલાંછમ માથાં કેમ ઉતારી દેવાં તે શીખ્યા. કાલની જેમ સ્ત્રીજાત પર જુલમ ગુજરતો હોય અને હું પડખે થઇને ચાલ્યો જાઉં તો અમારી બોર્ડિંગ લાજે.'

'પણ મરી ગયા હત તો નાનીબાળ સ્ત્રી રાંડત એનું કેમ?

'સ્ત્રી તરફનો આવો નામરદ સ્નેહ રજપૂત બચ્ચામાં ન ઘટે. એવો લવ (સ્નેહ) તો બ્રાહ્મણ–વાણિયા પથારીમાં પડ્યાપડ્યા નોવેલો વાંચીને કેળવે એટલું જ બસ છે!'

'તેથી જ તો તમારી બોર્ડિંગ આટલા વર્ષથી છે તો યે તેમાં કલાનું શિક્ષણ દાખલ નથી થયું. તમે લોકો અજડ જ રહ્યા!'

'મને એમ નથી લાગતું. તમારાં સંગીત, નાચ, ચિત્ર-કામ, એ બધાંના કરતાં મરવાની કલા વધારે મોટી તો ન હોય? હોય કે ન હોય, મને તો એ જ ખરી કલા લાગે છે અને અમારી બોર્ડિંગે એ જ કલા બરાબર ખીલવવી જોઇએ. રજપૂત બચ્ચો મરી જાણે એટલે બસ. તેની કેળવણી સાર્થક.' કલુભા બેઠા થઈ ગયા.

'કલુભા, હવે વધારે ન બોલો. તમારો ઘા વધારે દુખશે.' ચત્રભુજે કલુભાને સુવાડી દીધા.

'ચત્રભુજ, સાચું કહું? મને એ બદમાશોના ઘા જેવા વાગ્યા નથી એવાં તારાં આ વેણ વાગે છે. અમે રજપૂતો પણ તારા જેવા વાણિયાની સાથે ભણીને અમારી રજપૂતાઈ ગુમાવશું એવી બીક મને લાગે છે. હવે બસ કર. મેં મને ઠીક લાગ્યું તે કર્યું.' કલુભાએ પડખું ફેરવ્યું. ('છાત્રાલય'માંથી)

ફિલિપાઇનમાં નાગરિક કેળવણી

પાસિફિક મહાસાગરમાં આવેલા ફિલિપાઇનના ટાપુઓ અમેરિકન રાજસત્તાના તાબા હેઠળ છે. ત્યાંની પ્રજાએ હમણાં થોડા વખતથી સ્વતંત્ર થવા માટે પ્રયત્નો આદર્યા છે, અને અનેક માર્ગે પોતાનો સર્વાંગી વિકાસ સાધવા માંડ્યો છે. હમણાં તો, અંગ્રેજ સરકાર જેમ હિંદુસ્તાનને બતાવે છે તેમ, અમેરિકન સરકાર એ દેશને પણ અનેક બહાનાં આપી હથેળીમાં ચાંદ બતાવે છે. પણ સ્વતંત્ર થવા માટેની એ લોકોની ધગશ અજબ છે. પોતાનાં ભાવિ નાગરિકોને શક્તિ-શાળી, વિચારક અને સ્વતંત્ર બનાવવા માટે એ કેવાકેવા પ્રયત્નો કરે છે તેનો એક જ દાખલો, શિક્ષણ સ્વાશ્રયી બનાવવા માટેની એમની યોજનાનો બસ થશે. એ નવી પ્રજા પોતાના દેશને જરૂર સમૃદ્ધિવાન ને મહાન બનાવશે.

ફિલિપાઈન જેવડા નાના ટાપુઓની પ્રજાને પણ જુદે-જુદે સ્થળે ખેતીવાડીની પંદર શાળા–કૉલેજો છે; તેમાં મુનોઝની 'સેન્ટ્રલ એગ્રિકલ્ચરલ સ્કુલ' ઉંચી પંક્તિમાંની ગણાય છે. એ શાળાની કેળવણીની પદ્ધતિના નીચેના વર્ણન ઉપરથી એ દેશમાં અપાતી નવલ શિક્ષણપદ્ધતિનો ખ્યાલ આવશે.

શાળાનું સત્ર શરૂ થયે વિદ્યાર્થીઓ શાળામાં આવે એટલે સૌએ કયુંકયું કામ ઉપાડી લેવું એ વહેંચી લેવા માટે શાળાના અધિકારીઓ સાથે એમની એક સભા બેસે છે. દરેક વિદ્યાર્થી પોતપોતાના કામની પસંદગી કરી લે છે; સાથે-સાથે દરેક જણ પોતાનો એક ભેરૂ–સોબતી પણ પસંદ કરી લે છે. કેમકે ખેતીવાડી વગેરેના કામમાં બે જણે સાથે રહેવાની જરૂર પડે છે: એક શાળામાં હાજરી આપે તે દરમ્યાન બીજો ઢોરઢાંખરની સરત રાખે તથા ખેતરમાં કામ કરે.

સૌએ પોતાના ભેરૂ પસંદ કરી લીધા પછી એવી દરેક જોડીને રહેવા તથા કામ કરવા માટે જમીનનો એકેક ટુકડો આપવામાં આવે છે. આ જમીન તેમણે જાણે ભાડે લીધી હોય તેમ ત્યાં તેઓ પોતાને માટે ઘર બાંધે છે. એ ઘર બાંધવાનાં સાધન એમને શાળા તરફથી પુરાં પાડવામાં આવે છે. એ ઉપરાંત, એમને ખેતર માટે બીઆં, ઓજારો, ખેતી માટે પાડા કે બળદ, અને જેમના કામમાં મરઘાં બતકાં, દુઝણી ગાયો તથા ડુક્કરના ઉછેરને લગતી કેળવણી આવતી હોય તેમને એ પણ શાળા પુરાં પાડે છે.

પોતાને ધીરાએલી આ બધી વસ્તુઓ, જમીન, તથા કાંઇ રોકડ રકમ લીધી હોય તો તે બધાને માટે વિદ્યાર્થી, ખેડુતની પેઠે જ શાળાને લખત કરી આપે છે અને જ્યારે પાક ઉતરે ત્યારે લેવડદેવડનો બધો હિસાબ ચોખ્ખો કરી આપે છે. આથી વિદ્યાર્થીને ખેતી અને ધંધાની કેળવણી ઉપરાંત લેવડદેવડની, દસ્તાવેજી તથા બીજી હિસાબી વ્યવહારૂ કેળવણીનું જ્ઞાન પણ સાથેસાથે મળીને તે પાવરધો થાય છે. કેટલાક વિદ્યાર્થીઓ અમુક ચોક્કસ કામ નહિ પણ વિવિધ પ્રકારનાં કામ શીખવા માટે રહે છે. તેમને દર અઠવાડિયે ફરતાંફરતાં કામ સોંપીને કેળવણી આપવામાં આવે છે.

આ શાળા વિદ્યાર્થીઓના એક નાનકડા ગામ જેવી જ લાગે છે ને એમાં બધી વ્યવસ્થા પણ ગામ જેવી જ રાખવામાં આવે છે. ભવિષ્યમાં તેઓએ શહેરોમાં રહીને જે રીતે વર્તવાનું છે તેની નાગરિક તરીકેની કેળવણી પણ તેમને અહીં જ મળી જાય છે. અમુક વિદ્યાર્થીઓની એક કાઉન્સિલ (મુખ્ય સમિતિ) ઠરાવવામાં આવે છે અને વિદ્યાર્થીઓમાંથી જ એક જણ તેનો પ્રેસિડેન્ટ (પ્રમુખ) ચુંટાય છે. આખી શાળાની વ્યવસ્થા આ સમિતિ મારફતે વિદ્યાર્થીઓ જાતે જ સાચવે છે. રક્ષણ અને ચોકી માટે પોલિસ પણ વિદ્યાર્થીઓની જ હોય છે. આ વિદ્યાર્થીની પોલિસ ગુનાહ પકડે છે તથા બંદોબસ્ત રાખે છે, ને વિદ્યાર્થી ન્યાયાધીશ પોતાની કોર્ટમાં બધા કેસનો ચુકાદો આપે છે. વિદ્યાર્થીઓમાંથી જ ચુંટાએલો આરોગ્યનો ઈન્સ્પેક્ટર ગામ-ની સ્વચ્છતા ને તંદુરસ્તી જાળવવાની જવાબદારી લે છે. ઇસ્પિતાલ પણ વિદ્યાર્થીઓ જ ચલાવે છે ને એ રીતે વૈદકનું સામાન્ય જ્ઞાન મેળવે છે. એક ગ્રૅજ્યુએટ નર્સ, ઇસ્પિતાલમાં કામ કરતા વિદ્યાર્થીમંડળની મદદથી મલમપટ્ટાનું કામ તથા માંદાની સારવાર કરે છે.

પ્રેસિડેન્ટની ઑફિસ પણ કાંઇ ખાલી અમથો ઢોંગ નથી. બધી બાબતો પર છેવટની સત્તા પ્રમુખની જ હોય છે અને એની જવાબદારી પણ એટલી જ મોટી હોય છે. વિદ્યાર્થી-ઓના હિતનું દરેક કાર્ય કરવા એ સદા તત્પર રહે છે.

ફિલિપાઈન્સ એ નાના નાના ટાપુઓનો સમુહ હોવાથી તેના જુદાજુદા ભાગોમાંથી આવેલા વિદ્યાર્થીઓ ઘણી બાબતમાં જુદા પડે છે. આ કારણને લીધે એ નાનકડા નાગરિકોનું રાજતંત્ર ચલાવવું કેટલીક વાર બહુ ગુંચવાડાભર્યું થઇ પડે છે.

જુદાજુદા પ્રાંતના વતનીઓ માટે જુદાંજુદાં વસતિગૃહો હોય છે, અને તેમના પ્રાંતિક પ્રશ્નોના નિકાલ માટે દરેક પ્રાંતના વિદ્યાર્થીઓ તરફથી એકેક પ્રતિનિધિ ચૂંટાઇને એક મંડળ બન્યું હોય છે, જેનો પ્રમુખ શાળાનો સુપરિન્ટેન્ડન્ટ હોય છે.

વળી આ નાનકડા નાગરિકોની વરતીને માંહોમાંહે વેપારી લેવડદેવડ કરવાની પણ જરૂર પડે છે. તેને માટે વિદ્યાર્થીઓનું એક વ્યાપારીગૃહ પણ છે, જ્યાં વિદ્યાર્થીઓ પોતાની નિપજના સોદા કરે છે અને પોતાને જોઈતી વસ્તુઓનાં સાટાં ઠરાવે છે. એ ઉપરાંત આ વિદ્યાર્થીઓની એક બૅંક પણ છે જે તેમના હિસાબ તથા નાણાં સાચવે છે.

ભલભલા તવંગર માબાપના છોકરા અહીં ભણે છે, પણ કોઇને પોતાના બાળકના ખોરાકીખર્ચની પાઇ સરખી પણ આપવાની હોતી નથી; કે નથી આ શાળાનું છાત્રાલય કોઇ દાનેશ્વરીના દાન પર નભતું. અઠવાડિયાના છ દિવસ, રોજના ચાર કલાક પરસેવો નીતારીને આ વિદ્યાર્થીઓ પોતાનાં ખેતરોમાં જે નીપજાવે છે તેમાંથી જ તેમનું રસોડાખર્ચ નીકળી આવે છે. સૌ સામાન્ય રસોડે એક સાથે જમે છે. ત્યાં એમનો સાદો પણ પૌષ્ટિક ખોરાક વિદ્યાર્થીઓની જ દેખરેખ નીચે વૈજ્ઞાનિક રીતે તૈયાર કરવામાં આવે છે.

આ ઉપરાંત, એક નાનકડા ગામમાં વ્યવહાર અને વિનોદની જેટલી પ્રવૃત્તિઓ હોય છે તેટલી બધી આ ઉગતા નાગરિકોના ટચુકડા ગામમાં પણ હોય છે. એમની વિવિધ જરૂરિયાતો પુરી પાડે તેવો એક જનરલ સ્ટોર, એમનું સોદા કરવાનું વ્યાપારીગૃહ, એમની બૅંક, એમની ઇસ્પિતાલ, એમને જોઇતાં લાકડાં વહેરી આપનારી મિલ તથા ચોખા ખાંડવાનો સંચો, એમનું જ એક છાપખાનું તથા ફુરસદને વખતે વિનોદ આપનારૂં એક સીનેમાગૃહ પણ અહીં હોય છે;—અને આ બધી સંસ્થાઓ એ વિદ્યાર્થીઓ જાતે જ ચલાવે છે.

બધું જ કામ—નાનામાં નાનાથી માંડીને મોટામાં મોટી વ્યવસ્થા સુધીનું—તેમને જાતે જ કરવાનું હોય છે. રસોડામાં રાંધે છે પણ તેઓ ને પીરસે છે પણ તેઓ. પોતાનાં છાત્રાલય, ખેતરનાં ઝુંપડાં, રસ્તાઓ, નદીનાળાં પરના પુલો અને ઝરનાળાં પણ તેઓ જ બાંધે છે. એક ઝીણામાં ઝીણી ચીજ માટે પણ એમને કોઇના પર આધાર રાખવાનો હોતો નથી. અને આને માટે તેઓ મગરૂર રહે છે. ખરેખર, એ મગરૂરી શું વ્યાજબી અને સુંદર નથી?

અને વળી આ નાગરિક મહાશયોને કોઇ પણ વસ્તુ લેશમાત્ર ઉતરતી કોટિની નિપજાવવાનું તો પસંદ જ નથી. પોતે જે કરે તે તો સંપૂર્ણ ને શ્રેષ્ઠ હોવું જોઇએ એ એમનું ધોરણ છે. કદાચ કોઇ કાર્યમાં પોતે એટલા નિપુણ ન હોય તો તે કાર્યના નિષ્ણાતને બોલાવી તેની પાસેથી એવી નિપુણતા મેળવી લે છે. દાખલા તરીકે હમણાં તેમણે પોતાનું નવું છાપખાનું ઉભું કર્યું તેને માટે તેમણે મનીલા શહેરમાંથી એ કામનો એક કાબેલ કારીગર બોલાવ્યો છે. એની પાસેથી હવે એ છાપખાનું આખું કેમ ચલાવવું, શ્રેષ્ઠ કેમ ચલાવવું અને ઉંચામાં ઉંચી કોટિનું કામ કેમ કાઢવું એની ઝીણામાં ઝીણી વિગત તેઓ શીખી લેશે.

વરસ પુરૂં થવા આવે ત્યારે છેલ્લા અઠવાડિયામાં એક વાર્ષિક બજાર ભરાય છે. તે વેળા પોતાના પ્રયત્નનું સૌથી સારૂં પરિણામ કોણ લાવી શક્યું છે તે વિષે હરીફાઇ ચાલે છે. સૌ વિદ્યાર્થીઓ પોતાની નિપજાવેલી ચીજો હરીફાઇમાં ઉતારે છે અને તે પર ઇનામો તથા પ્રમાણપત્રો અપાય છે.

શાક અને ફળ

આટલાં શાકભાજી તરફ માણસનું મન સ્વાભાવિક રીતે જ લલચાય છે: વંત્યાક, દુધી, મૂળા, કોબિજ, કોલી ફ્લાવર, બટેટાં, કાંદા ને ભાજી. બટેટાં લગભગ સઘળાને પ્રિય હોય છે. તેમાં વીસ ટકા ઉપરાંત પૌષ્ટિક તત્ત્વો છે અને તે ખાધે ઘણાં સારાં છે. પણ આપણને તે ખાતાં જ આવડતાં નથી. આપણામાં ઘણાખરા બટેટાંને બાફીને શાક કરે છે. આમ થવાથી તેમાંનાં પૌષ્ટિક તત્ત્વો ઓગળી જાય છે. જેમણે વગર બાફેલાં અને બાફેલાં બટેટાં વચ્ચેના સ્વાદમાં તફાવત કેવો છે તે જોયું હશે તે ખાતરીથી કહી શકશે કે વગર બાફેલામાં બાફેલાં કરતાં વધારે મીઠાશ છે. આ મીઠાશ તેનાં પૌષ્ટિક તત્ત્વોની છે.

ડુંગળી તો ગરીબ લોકોની કસ્તુરી છે એમ તેને માટે લોકવાયકા છે. તેમાં ગંધકનાં તત્ત્વો ઘણા પ્રમાણમાં છે, ને તે ખાવાથી શરીર નીરોગી રહે છે. આપણા શરીરમાં ગંધકનાં તત્ત્વો છે અને તેની ખોટ કાંદા ઘણી સારી રીતે પુરી પાડે છે. કાંદા ખાનારને દસ્ત સાફ આવે છે. કાચા કાંદાનું કચુંબર જઠરને મજબુત બનાવે છે અને તે ખોરાક વધારે સારી રીતે પચાવી શકે છે. કોબીજ, વેંગણ, કોલી ફલાવર, મૂળા, તાંદલજો, મેથીની ભાજી, અને બીજી ભાજીઓમાં ૧ થી ૫ ટકા સુધી પૌષ્ટિક ખોરાક છે, જ્યારે બાકીનાં તત્ત્વો લોહી શુદ્ધ કરનાર અને રેચક છે.

ગાજર શક્તિવર્ધક છે. ગાડીએ જોડાતા ઘોડાઓને ગાજર ખાસ ખવડાવવામાં આવે છે તેનું કારણ આ જ છે. પણ આપણાં ડાહ્યાં માણસો અક્કલનો દુરુપયોગ કરી તેને નાપાક બનાવી બેઠા છે, અને તે ગ્રહણ કરવાથી પાપ થાય છે એમ પણ કેટલાક માને છે! સેંકડે એકાદ જણને કદાચ તે નડતાં હોય, પણ તેથી તે ત્યાજ્ય છે એમ કેમ કહેવાય? જો કોઇ પણ શાક ખાવાથી માંદા થવાય તો તે માત્ર પાકું થઇ ગએલું ચીભડું છે. એ ખાવાથી તાવ આવવાનો સંભવ છે. પણ જ્યારે વરસાદ ન હોય ને તેને લીધે થએલી શરદી દાખવતી ન હોય, ત્યારે તો તે પણ ખાવાથી નુકસાન નથી.

આ ઉપરાંત, દરેક લીલી શાકભાજી, ફળ વગેરેમાં વિટામિન

નામનું પોષક તત્ત્વ છે, જેથી શરીરને કૌવત અને સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. કાચા શાકમાં તે વધારે પ્રમાણમાં હોય છે, જ્યારે રાંધેલા શાકમાં તે ઓછું માલમ પડે છે. માટે જ વૈદ દાક્તરો જ્યારે બને ત્યારે કચુંબર ખાવાની ભલામણ કરે છે. આવાં કચુંબર કાકડી, કાંદા, મૂળા, મોગરી ટમેટાં વગેરેનાં થઇ શકે છે.

હવે ફળની વાત. દરેક ઋતુમાં આપણે ત્યાં કંઇક ને કંઇક ફળ તો થાય જ છે. આ ઉપરાંત, બીજા પ્રાંતોમાંથી ઘણીઘણી જાતનાં ફળો બજારમાં આવે છે. કેરી, કેળાં, પપૈયાં, જમરૂખ, બોર, સીતાફળ, ટેટી, તડબુચ, નારંગી, સફરજન, દાડમ, લીંબુ, પીચ વગેરે અનેક ફળો બજારમાં મળે છે. પણ દુર્ભાગ્યે આપણે આ પૈકી ઘણાં જ થોડાં ફળો ખાઇએ છીએ. જમરૂખ તો બંધકોશ કરનાર, સીતાફળ તો તાવ લાવનારાં, બોર તો ઉધરસ કરનાર, પપૈયાં તો ગરમ વગેરે વગેરે કહી તેનો વપરાશ ઓછો કરી આપણે હાથે કરીને હેરાન થઈએ છીએ.

આ ઉપરાંત, બીજો એક મોટો દોષ આપણામાં છે. કેળાં અને કેરી જેવાં મીઠાં ફળો ખાતી વખતે પણ તેમાં રહેલી કુદરતી મીઠાશ કેમ જાણે ઓછી હોય, તેમ તેમાં ખાંડ ભેળવીએ છીએ, અને જે પદાર્થ પચવામાં ઘણો ભારે છે તેને શરીરમાં દાખલ કરી પચાવનારાં બધાં અવયવોને નાહકની તસ્દી આપીએ છીએ. આ જાણે ઓછું હોય તેમ એમાં વળી પુષ્કળ ઘી નાખવામાં આવે છે. કેળાં, ઘી ને ખાંડ એકઠાં છુંદી લચકો કરેલો જેમણે જોયો હશે તેમના મગજ પર તેથી થએલા ગંદવાડની છાપ કદી ભુંસાશે નહિ. ક્યાં દેખાવે સુંદર અને કુદરતી સ્વાદવાળાં પાકાં કેળાં અને ક્યાં એ ચીકણો લચકો! કેરીમાં પણ ખાંડ નાખવામાં આવે કે તરત જ તેની કુદરતી મીઠાશ જતી રહે છે, ને તેમાં ઘી નાખે એટલે તો તેનો કુદરતી સ્વાદ કેવળ દૂર થઇ જાય છે. આવી રીતે ફળ ખાનારાઓ તેથી થતા અનેક લાભો ગુમાવીને ઉલટા ગેરલાભ ભોગવે છે, અને દુઃખી થાય છે.

આપણા અને પરદેશી લોકોના ખોરાક વચ્ચે એક મોટો ફરક એ છે કે તેઓ રોજ કંઇ ને કંઇ થોડાં ફળ ખાય છે; જ્યારે આપણે મોસમમાં કેટલાંક ફળો અતિશય ખાઇને હેરાન થઇએ છીએ, અને ક–મોસમે વહેમથી કે મોંઘવારીથી ડરીને ફળ તરફ નજર પણ કરી શકતા નથી.

સૌથી ઉત્તમ ફળ સફરજન છે. તેમાં ફૉસફરસ ઘણા પ્રમાણમાં હોવાથી તે મગજને શક્તિ આપે છે. તેમાં રહેલા ક્ષારો વગેરેથી પિત્તાશય ચપળ થાય છે. બેઠાખાઉ થઇ ગએલા લોકોને આથી ઘણો ફાયદો થાય છે. એ કુદરતી રેચ છે. તે ખાનારની ચામડી અને ચહેરો સારાં રહે છે. કેળામાં પણ ફૉસફરસ ઘણો છે, તેથી મગજમારીનું કામ કરનારાઓને માટે તેની ભલામણ કરવામાં આવે છે. ટાઈફૉઇડ જેવા તાવવાળાઓને પણ પાછળથી સુકવેલાં કેળાંના લોટની કાંજી આપવામાં આવે છે. કેળાંમાં રહેલા ઉત્તમ ગુણોને લીધે જ તેને પવિત્ર માની આપણે પૂજા વખતે તેનો ઉપયોગ કરીએ છીએ. રાત્રે જો કેળું ખાધું હોય તો બંધકોશ ટળે છે. સ્ટ્રૉબરી અને પીચમાં લોહી સુધારવાનો ગુણ છે. નારંગી, દાડમ ને લીંબુ લોહીને સ્વચ્છ કરનારાં, મગજને શાંતિ આપનારાં, જઠરાગ્નિને તેજ કરનારાં તથા પૌષ્ટિક ફળો છે. દાડમના ઠળિયા ખાઈ જવા ન જોઇએ. આ ફળોનો રસ કાઢીને પણ પીવામાં આવે છે. એ ઘણો જ મધુર અને શાન્તિ આપનારો છે. પાકી કેરી પૌષ્ટિક છે. તેમાં રહેલી મીઠાશ એ એકદમ પચી શકે એવી ખાંડને લીધે છે. તેમાં રહેલા કેટલાંક તત્ત્વોથી પિત્તાશય મજબુત બને છે. પપૈયાંમાં પણ તેવાં જ તત્ત્વો છે. તે ઉપરાંત, પપૈયાં પેટની બાદીને તોડી જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. દ્રાક્ષ પૌષ્ટિક છે અને તેનાથી લોહી સાફ થાય છે. એ ખાવાથી માણસનું મન પ્રફુલ્લિત થાય છે, અને તેનામાં સ્ફૂર્તિ આવે છે. અંજીર, દ્રાક્ષ વગેરે ઝીણાં બીવાળાં ફળોની અંદર રહેલી મીઠાશ એમાં જલદી પચે એવી ખાંડને લીધે છે. તેથી તેવાં ફળો પૌષ્ટિક છે. તેમાં રહેલા તેલખી પદાર્થોથી લોહી સુધરે છે; અને તેનાં બીને આપણે પેટમાં ઉતારી દઇએ છીએ તે રેચક નીવડે છે. બોરમાં પણ મીઠાશ અને તેલખી પદાર્થો છે તેથી ઘણો લાભ થાય છે. આપણા લોકો કેટલાંક ફળ ખાવાથી હેરાન થાય છે, તેનું કારણ ફળ નથી, પણ એક તો તેના પર અવક્રિયા કરીએ છીએ તે છે અને બીજું, ખાઇએ છીએ ત્યારે અતિશય ખાઇએ છીએ તે છે. જેમને તંદુરસ્ત રહેવું હોય ને દાક્તરની મદદ ન જ લેવી હોય તેમણે અન્નની સાથે શાક ને ફળનો છુટથી ઉપયોગ કરવો.

(ગુજરાત શાળાપત્રમાંથી) —હ. અ. દેસાઇ

કીડીને ગુરુ બનાવીએ તો?

કીડી વિષે ઘણી અજાયબીભરી વાતો આપણે સાંભળતા આવ્યા છીએ, પણ આ છેલ્લી વાત તો વળી સૌને ટપી જાય એવી છે.

એક ફ્રેંચ જંતુશાસ્ત્રીએ એક ઉંચા વાંસને મથાળે દાણાની પેટી મુકી. કીડીઓ તરત જ વાંસ પર ચડીને એક-એક દાણો ઉપાડી નીચે આવવા લાગી. પણ બીજે દિવસે તો એમણે સરસ યુક્તિ શોધી કાઢી. કીડીઓનાં બે ટોળાં પડી ગયાં. એક ટોળું વાંસ પર ચડીને દાણા ફેંકવા લાગ્યું. નીચે ઉભેલા બીજા ટોળાએ તે દાણા એકઠા કરી ખેંચી જવા માંડ્યા.

પેલા જંતુશાસ્ત્રીએ વધારે કસોટી માટે વાંસ પર ગુદ

અનુસંધાન પાછળ પાન ૩૨ના બીજા કોલમને છેડે]

વાસુદેવ આચાર્યના બે વિદ્યાર્થીઓ રઘુનાથ ને નિમાઇ ન્યાયશાસ્ત્ર પર ગ્રંથો રચતા હતા. રઘુનાથે નિમાઇનો ગ્રંથ જોવા માગ્યો. ઉદાર નિમાઇએ હા પાડી, ને હોડીમાં બેસી શાળાએ જતાં વાંચી સંભળાવવા માંડ્યો. એકાએક રઘુનાથ રડી પડ્યો. નિમાઇએ કારણ પુછ્યું ત્યારે તેણે કહ્યું કે, 'મારા ગ્રંથ વડે હું ન્યાયશાસ્ત્રના મુખ્ય શિક્ષકની પદવી પામવાની આશા રાખતો, પણ તારો અદ્ભુત ગ્રંથ જોતાં એ આશા નષ્ટ થાય છે.

'ઓહો, એટલું જ ને? તો હવે શાન્ત થા' કહી નિમાઇએ પોતાનો ગ્રંથ નદીમાં ફેંકી દીધો, ને રઘુનાથનો 'દીધીતિ' ગ્રંથ મુખ્ય ગણાયો. કેટલી ઉદારતા! એ નિમાઇ તે બંગાળામાં પાછળથી પુજાએલા ભગવાન ચૈતન્યદેવ.

જોડણીની સામાન્ય ભુલો

રાષ્ટ્રિય	નહિ	પણ	રાષ્ટ્રીય
બક્ષિસ	નહિ	પણ	બક્ષિશ
બિમાર	નહિ	પણ	બીમાર
મહત્વ	નહિ	પણ	મહત્ત્વ
નિષ્ઠા	નહિ	પણ	નિષ્ઠા

એક ભાઇબંધ—મારે એક ગધેડા સાથે ભાઇબંધી છે.

બીજો—હા, ને મારે પણ!

ગણિતનો ચમત્કાર


૧૫૩૮૪૬	×	૧૩	=	૧૯૯૯૯૯૮
૨૩૦૭૬૯	×	૧૩	=	૨૯૯૯૯૯૭
૩૦૭૬૯૨	×	૧૩	=	૩૯૯૯૯૯૬
૩૮૪૬૧૫	×	૧૩	=	૪૯૯૯૯૯૫
૪૬૧૫૩૮	×	૧૩	=	૫૯૯૯૯૯૪
૫૩૮૪૬૧	×	૧૩	=	૬૯૯૯૯૯૩
૬૧૫૩૮૪	×	૧૩	=	૭૯૯૯૯૯૨
૬૯૨૩૦૭	×	૧૩	=	૮૯૯૯૯૯૧

ચાર શેર ઉના પાણીમાં એક મોટો ચમચો ઘાસતેલ નાખી તે વડે કાચની કોઈ પણ ચીજ—અરીસા, ફાનસના ગોટા, બારીબારણાં વગેરે ધોવાથી બરાબર સાફ ને ચકચકિત થઈ જાય છે.

હીંગને અગ્નિમાં નાખતાંવેંત જ બળી ઉઠે તો જાણવું એ સાચી હીંગ છે.



પતરાના એક સમચોરસ કટકામાંથી ઉપરની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ખડિયો મુકવા માટેનું ઘરૂં બનાવી શકાશે.



પતરાની વચ્ચોવચ્ચ ખડિયાના તળિયા જેવડું ચક્કર દોરો ને એમાં સરખે અંતરે દસ કાપ મુકો. કુંડાળાના મધ્યબિંદુમાં મળતી દસે અણીઓ ઉભી આવે એ રીતે વાળી તેની વચ્ચે ખડિયો મુકી અણીઓ તેને પકડે એમ વાળી દો. પછી શાહી ઢોળાઇ જવાની જરા પણ બીક વગર ખડિયાને ગમે ત્યાં સ્થિર રાખી શકાશે.

શીશીમાં વધારે વખત પડ્યો રહેવાથી ગુંદર ફદફદી જાય છે ને તેના ઉપર ફુગી વળી જાય છે. આમ ન થવા પામે એટલા માટે તેમાં થોડો રસકપુર નાખવો. પરંતુ રસકપુર ઝેરી હોવાથી તે મોંમાં ન જાય એ ખાસ સંભાળવું.



કાગળ કાપીને બનાવેલી બે આકૃતિઓ.

મધની કસોટી કાઢવા તેનું એક ટીપું પાણીમાં નાખી જોવું. જો ટીપું એમનું એમ જ રહે તો જાણવું કે મધ સાચું છે; જો ફેલાઇ જાય તો બનાવટી જાણવું.

કાચના વાસણમાં કોઇ ગરમ ચીજ નાખવી હોય તો તેને તળિયે પાણીમાં ભીંજવેલું કપડું મુકવું. આથી કાચ તુટી નહિ જાય.

કહેવાય છે કે ગંજીપાની રમત ફ્રાન્સના એક રાજાના ગાંડા પુત્રને વખત વીતાડવામાં મદદ કરવા માટે એક ખુશામદિયા પ્રોફેસરે શોધી કાઢી હતી.

ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિન્દ રાનડે: જન્મ, ૧૮મી જાન્યુઆરી ૧૮૪૨; અવસાન, ૧૬મી જાન્યુઆરી ૧૯૦૧.

જાપાનમાં કુલ ૧૧૩૭ દૈનિકપત્રો છે, અને તેમનો ફેલાવો દસ કરોડ કરતાં પણ વધારે છે. આ ગણતરીએ, ત્યાં દર છ માણસે એક દૈનિકપત્ર વંચાય છે.



જાન્યુઆરી મહિનાનું નામ રોમન લોકોના જેનસ નામના દેવ ઉપરથી પડ્યું છે. એ દેવને આગળ ને પાછળ બે મોં હતાં ને એના ડાબા હાથમાં કમંડળ રહેતું. બાજુનું ચિત્ર એ દેવનું છે.

'સાફ ના પાડવી' એને માટે ખરો શબ્દપ્રયોગ 'ધસીને ના પાડવી' એવો છે. ઘણા 'ધસીને' લખે છે તે ખોટું છે.